સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ


વાર્ષિક લવાજમ
રૂ. ૧૨૫/-
ઓગસ્ટ, ૨૦૨૨



## વ્યસનમુક્તિ આંદોલનના પ્રખર પ્રહરી

લાખો વ્યસનીઓને મુક્તિનો માર્ગ ચીંધનાર

## કરુણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ







પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં તા. ૧-૭-૨૦૨૨ના રોજ અમદાવાદ ખાતે ભક્તિભાવપૂર્વક રથયાત્રા ઉત્સવ ઊજવાઈ ગયો. અક્ષરપુરુષોત્તમ મહારાજને કરમાં ધારી રહેલા ગુરુહરિની રથયાત્રાની દર્શન સ્મૃતિઓ...

શતાબ્દી પ્રકાશમાળા

સંપાદકીય

# ભગવાન સ્વામિનારાયણનું અનોખું આંદોલન : વ્યસનમુક્તિ...



જીવનનું બીજું નામ સમસ્યા છે. સમસ્યા વિનાનો માનવી જન્મી શકે નહીં. માનવી આધિ, વ્યાધિ અને ઉપાધિ વગેરે અનેક સમસ્યાઓથી જીવનભર ઘેરાયેલો રહે છે. એ સમસ્યાઓમાંથી મુક્ત થવા માટે ક્યારેક એક નવી સમસ્યાને નોતરી બેસે છે. એ છે વ્યસન. શરાબ, બીડી-સિગારેટ, તમાકુ, ડ્રગ્સ કે અન્ય વ્યસનોથી ટેન્શન મુક્ત થવા માટે માનવી લલચાય છે, ક્યારેક સંગદોષને કારણે, ક્યારેક જાતની નબળાઈને કારણે, પરંતુ એક વખત તેમાં ફસાયા પછી તેમાંથી બહાર નીકળવું મુશ્કેલ બની જાય છે.

વ્યસનોની એ ચુંગાલ કેવી ભયાનક અને કાતિલ છે તેનો અંદાજ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન(WHO)ના આ આંકડાઓ પરથી આવે છે:

- દર વર્ષે વિશ્વમાં દારૂ પીવાને કારણે થતા રોગોથી ૩૦ લાખ કરતાં વધુ લોકો મૃત્યુ પામે છે.
- દારૂને કારણે ૨૦૦ કરતાં વધારે રોગો અને શારીરિક તકલીફોથી માનવી પીડાય છે.
- તમાકુને કારણે દર વર્ષે ૮૦ લાખ લોકો મોતને ભેટે છે. તેમાંથી ૧૨ લાખ લોકો એવા મૃત્યુને ભેટે છે કે જેઓ ધૂમ્રપાન કરનારા ઈનડાઈરેક્ટ ધુમાડાને કારણે રોગગ્રસ્ત થઈને મૃત્યુ પામે છે.
- માત્ર અમેરિકામાં ધૂમ્રપાનને કારણે થતા રોગોમાં દર વર્ષે ૩૦૦ બિલિયન ડોલરનો ખર્ચ થાય છે. એટલે કે ૨૪,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ રૂપિયાનો ધુમાડો માત્ર રોગો પાછળ થાય છે! અને આખા વિશ્વનો આ આંકડો તો કેટલો મોટો હશે!?
- માત્ર અમેરિકામાં શરાબને કારણે થતા રોગો પાછળ ૧૮૪ બિલિયન ડોલરનો ખર્ચ થાય છે. એટલે કે ૧૫,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ રૂપિયાની બરબાદી થાય છે. માત્ર અમેરિકામાં આટલું હોય તો, વિશ્વમાં તેનો આંકડો કેટલો રાક્ષસી હશે!?

આવાં દુર્દમ્ય વ્યસનો સામે લડવાની અને તેમાંથી છૂટવાની શક્તિ સામાન્ય માનવી ક્યાંથી લાવી શકે?

એ શક્તિનો સ્રોત છે – આધ્યાત્મિકતા. જો માણસ સાચા અર્થમાં આધ્યાત્મિકતા કે ભક્તિના માર્ગે વળી જાય તો વ્યસનથી સહેજે મુક્તિ મળી જાય.

આજથી ૨૦૦ વર્ષ પહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણે આધ્યાત્મિકતાના પાયા પર લાખો લોકોને વ્યસનમુક્ત કરીને એ વાત સાબિત કરી બતાવી હતી. ઈતિહાસની દૃષ્ટિએ જોવા જઈએ તો ભગવાન સ્વામિનારાયણે આદરેલું વ્યસનમુક્તિનું એ આંદોલન વિશ્વનું એવું પ્રથમ આધ્યાત્મિક આંદોલન હતું, જેમાં ભગવાન સ્વામિનારાયણ અને તેમના ૩૦૦૦થી વધુ પરમહંસો ગામડે ગામડે વ્યસનમુક્તિની આહ્‌લેક લઈને ઘૂમી વળ્યા હતા. જોકે લોકોને વ્યસનમુક્ત અને સદાચારી બનાવવાનું એ કાર્ય કાંઈ સહેલું નહોતું. કારણ કે ધર્મના નામે ચાલતી વ્યસન-વહેમ-અંધશ્રદ્ધાની દુકાનોના ધંધાદારી માલિકોને એમાં પોતાના રોટલા તૂટવાનો ભય લાગતો હતો. આથી, તેઓએ સ્વામિનારાયણીય સંતો-ભક્તોને પ્રતાડવા - રંજાડવામાં કોઈ કસર છોડી નહોતી.

શ્રીહરિચરિત્રચિંતામણિ ગ્રંથ ભગવાન સ્વામિનારાયણના એવા એક પ્રસંગનો ઉલ્લેખ કરે છે:

ભગવાન શ્રી સ્વામિનારાયણ કાલવાણી વિરાજ્યા હતા. ગામ પાસે આંબાવાડીમાં સભા થઈ ત્યારે તેઓના

આદેશથી ગામડે ગામડે ગયેલા સાધુઓ આવ્યા. તેમણે શ્રીહરિને કહ્યું: ‘અમે ગુજરાત, ઝાલાવાડ, કાઠિયાવાડમાં ફરીને આવ્યા છીએ. અમે વ્યસનમુક્તિની વાત કરીએ છીએ તેથી જગતના કેટલાક ધર્મના લોકો અમને મારવા લાગ્યા, મૂર્તિ ખંડિત કરી નાખી, તિલક ભૂંસાડી નાખ્યાં. જે ગામમાં જઈએ ત્યાંથી કાઢી મેલે છે. અમે તે સહન કરીએ છીએ. એ ભૂંડાઈ ન તજે તો અમે ભલાઈ કેમ તજીએ?’

તે વખતે બીજા સાધુઓ આવ્યા. તેઓ કહેવા લાગ્યાઃ ‘મહારાજ! અમે સદાવ્રત દઈએ તો અમુક કહેવાતા ધાર્મિક લોકો આવીને ગાંજો, ભાંગ, અફીણ માંગે છે. અમે ના પાડીએ તો ભૂંડૂં બોલે છે ને ઉપવાસ પાડે છે.’ પછી શ્રીહરિ બોલ્યાઃ ‘લ્યો તમને સુખ થાય તેમ કરીએ.’ એમ કહીને તેમણે સાધુઓને સ્વામિનારાયણીય ભક્તિ પરંપરાને બદલે પરમહંસ દીક્ષા આપી, પછી કહ્યું: ‘તમારે એક એક જણે દસ દસ હજાર જીવોનાં કલ્યાણ કરવાં.’ નિષ્કુળાનંદ સ્વામી કહેઃ ‘અધૂરું રહે તો?’ શ્રીહરિએ કહ્યું: ‘તો બીજો જન્મ ધરીને પણ પૂરું કરવું.’ [૧]

અને પછી તો એ પરમહંસો શ્રીહરિના આદેશે સદાચાર-વ્યસનમુક્તિની આલબેલ પોકારતાં ઠેર ઠેર ફરી વળ્યા હતા.

ભગવાન સ્વામિનારાયણનો સદાચારી અને વ્યસનમુક્ત થવાનો આદેશ લઈને ઘૂમતા આનંદાનંદ સ્વામીને એક વખત ડાકોરમાં ઘણી ઉપાધિ થયેલી. આ સાંભળી મહારાજે કહ્યું: સંતો! માળારૂપી તમારાં શસ્ત્રોથી લોકોનો અધર્મ ટળી જશે, પણ આટલું કહીને આપણે સંતોષ માનવાનો નથી. ગામડે ગામડે, ખેતરે ખેતરે ફરીને લોકોને નિર્વ્યસની કરવાના છે. ધર્મ અને નીતિને માર્ગે વાળીને તેઓને પરમાત્માની ભક્તિ કરે તેવા ચોખ્ખા કરવાના છે. પરમાત્માને પમાડવાના છે.’[૨]

પોતાના લાડીલા સંતોને આમ ધીરજ અને ક્ષમાનું ભાથું બંધાવીને સ્વામિનારાયણ ભગવાને ગુજરાતમાં જે ક્રાંતિ કરી હતી તે અદ્વિતીય હતી. તેઓ સ્વયં પણ માણકી ઘોડી લઈને ગામડે ગામડે આ સદાચારી-વ્યસનમુક્ત જીવનનો સંદેશો લઈને ઘૂમતા હતા. અસંખ્ય લોકોને વ્યક્તિગત મળી મળીને તેમણે પોતાના દિવ્ય પ્રભાવથી એ લોકોનું જીવનપરિવર્તન કર્યું હતું.

શ્રીહરિ એકવાર મોરજ ગામે ગોકળદાસ ગઢવીને ઘરે પધાર્યા હતા. અહીંથી વિદાય લઈ રહ્યા હતા ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું: ‘તમે ભક્તિભાવથી સેવા કરી તો અમારે તમારી સેવા કરવી છે. તમે અમને રાજી કર્યા છે, માટે અમારે તમને અભયદાન દેવું જોઈએ.’ એમ કહીને તેમને અફીણના વ્યસનથી મુક્ત કરીને કહેઃ ‘બંધાણ તો ફક્ત ભગવાનની કથાવાર્તાનું રાખવું.’[૩]

ક્યારેક શ્રીહરિએ ડાયરાઓમાં જઈને હાકલ પાડીઃ ‘બાયલો હોય તો આવા વ્યસનમાં બંધાય.’ કરજીસણમાં ડાયરામાં તેમણે પાડેલી હાકલથી ઘણાએ વ્યસન છોડ્યું.[૪]

ભગવાન સ્વામિનારાયણે પ્રગટાવેલી એ ચેતનાથી ગુજરાતમાં વ્યસનમુક્તિનું એક ખૂબ મોટું વાતાવરણ જામ્યું હતું. ગાંધીજી પણ તેનાથી ખૂબ પ્રભાવિત થયા હતા. તેઓએ લખ્યું છેઃ ‘આ સુધારણા (વ્યસનમુક્તિ અંગેના) કરવાનું કામ સાધુઓનું છે. પૂર્વે પણ આવાઓને (વ્યસનીઓને) બોધ સાધુઓ જ આપતા. સ્વામિનારાયણે પોતે સામાન્ય વર્ણના લોકો ઉપર સારી અસર પાડી, તેઓની બૂરી આદતો છોડાવી હતી.’[૫]

‘એ કોમ્પ્રિહેન્સિવ હિસ્ટરી ઓફ ઈન્ડિયા’માં વિદ્વાન ઈતિહાસકાર શ્રી

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય

૬. શતાબ્દી સ્મૃતિઃ કરુણા અને પ્રેમભરી વાણીએ યુવાનને પીગળાવી દીધો...

૮. વ્યસનમુક્તિ આંદોલનના પ્રખર પ્રહરી
– સાધુ અક્ષરજીવનદાસ

૧૯. વ્યસનમુક્તિ અને પ્રકૃતિ સંવર્ધન અભિયાન

૩૨. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

સત્સંગ સમાચાર :

- આફ્રિકા ખંડના નૂતન મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો અને શિબિરો (૩૭)
- ઠેર ઠેર ઊજવાયા નૂતન મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો (૪૧)
- જૂનાગઢમાં રેસિડેન્શિયલ વિદ્યામંદિરનો પ્રારંભ (૪૮)
- અક્ષરવાસ (૪૯), ● અભિનંદન (૫૦)


૧. શ્રીહરિચરિત્રચિંતામણિ, ૧/૧૪૩

૨. ભગવાન શ્રીસ્વામિનારાયણ, ૨/૯૧

૩. ભગવાન શ્રીસ્વામિનારાયણ, ૨/૪૦૮
૪. ભગવાન શ્રીસ્વામિનારાયણ, ૩/૩૪૩
૫. પુસ્તકઃ ગાંધીજીનો અક્ષર દેહ, ભાગ-૧૯, લેખઃ ૧૩૪

કે. કે. દત્ત લખે છેઃ 'સહજાનંદજીના પ્રભાવ હેઠળ તેઓએ દારૂ પીવાની, જુગાર, માંસ ભક્ષણની, ધૂમ્રપાનની કુટેવો છોડી દીધી અને પોતાનું નૈતિક ધોરણ ઉન્નત બનાવ્યું. સહજાનંદજી લોકોને સાદાઈથી જીવવા માટે કામનાઓને અંકુશમાં રાખવા માટે અને પવિત્ર, પ્રભુમય જીવન જીવવાનો આગ્રહપૂર્વક ઉપદેશ આપ્યો. સહજાનંદજીના પ્રભાવથી કેટલીક ગુનાહિત જાતિઓએ તેઓ તો ચોરી અને ધાડ પાડવાનો ધંધો પણ મૂકી દીધો અને તેઓ સારા નાગરિક બન્યા.''[૬]

ભગવાન સ્વામિનારાયણે આદરેલું એ વિરાટ આંદોલન ૨૦૦ વર્ષ પછીયે જીવંત રાખવાનો સૌથી મોટો યશસ્વી પુરુષાર્થ કરનાર વિભૂતિ હતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ. ૪૦ લાખ કરતાં વધુ લોકોને વ્યસનમુક્ત કરનાર પ્રમુખસ્વામી મહારાજ વ્યસનીને જુએ અને એમનું હૈયું કરુણાથી ઊભરાઈ જાય. તે જ ક્ષણે તેને વ્યસનમુક્ત થવા પ્રતિજ્ઞાબદ્ધ કર્યે પાર કરે. આખા દિવસના કઠોર પરિશ્રમ પછી થાક્યા-પાક્યા સ્વામીશ્રીને મધરાતે બે વાગે પણ કોઈ વ્યસની મળી જાય તો ઊંઘને હડસેલીને તાજા માજા થઈ તેને વ્યસનમુક્ત કરવા માટે લાગી જાય. સ્વામીશ્રીની આંખો, વાણી અને મુદ્રાઓમાં નિઃસ્વાર્થ કરુણા, પ્રેમ અને હિત-ચિંતનની ભાવના એવી પ્રબળ હોય કે સામેવાળી વ્યક્તિ એમાં અવશ્ય ભીંજાઈ જાય. માત્ર વ્યક્તિ નહીં, આખાં ને આખાં સમાજ ને ગામો સ્વામીશ્રીના આ પ્રભાવથી વ્યસનમુક્ત થયાં છે. દેશ-વિદેશના ધુરંધર લોકનેતાઓથી લઈને પત્રકારો, ઉદ્યોગપતિઓ, ઉચ્ચ હોદ્દેદાર અધિકારીઓ, વિજ્ઞાનીઓ અને આદિવાસીઓ કે ખેડૂતો સુધી સ્વામીશ્રીએ કરેલી વ્યસનમુક્તિનો વ્યાપ વિસ્તરેલો છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ સેવાપ્રવૃત્તિઓ સાથે અહોરાત્ર ભક્તિમય જીવન વીતાવતા સ્વામીશ્રી આટલા બધા લોકોને ક્યારે વ્યસન મુકાવતા હશે? આવો, સહજ સવાલ જાગે, પરંતુ સ્વામીશ્રીએ ગામડે ગામડે ઘૂમતાં ઘૂમતાં, ઘરો ઘર હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં સદાચાર અને વ્યસનમુક્તિની જાણે એક પાઠશાળા ખોલી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે સ્વામીશ્રીની એ પાઠશાળામાં તૈયાર થયેલા બી.એ.પી.એસ.નાં હજારો નાનાં નાનાં બાળકો પણ લાખો લોકોને વ્યસનમુક્ત કરાવે છે! સ્વામીશ્રીની શતાબ્દીના અવસરે, મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી, બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિના બાળકોએ કરેલી વ્યસનમુક્તિની અજોડ સેવાના અહેવાલ સાથે, સ્વામીશ્રીની વ્યસનમુક્તિની નિરાળી લોકસેવા પર અજવાળાં પાથરે છે - પ્રકાશનો આ અંક. આવો, તેમાં અવગાહન કરીને સ્વામીશ્રીના એ વિરાટ કાર્યમાંથી આપણેય પ્રેરણા લઈએ.

**– સાધુ અક્ષરવત્સલદાસ** ◆

૬. કે. કે. દત્ત, એ કોમ્પ્રિહેન્સિવ હિસ્ટરી ઓફ ઇન્ડિયા, ભાગ-૬, ૮૪૮


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૪, અંક : ૮, ઓગસ્ટ, ૨૦૨૨**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસજી, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહારઃ**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

શતાબ્દી સ્મૃતિ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

# કરુણા અને પ્રેમભરી વાણીએ યુવાનને પીગળાવી દીધો...

પ્રમુખસ્વામી મહારાજ વડોદરામાં અટલાદરા ખાતે વિરાજમાન હતા. સન ૨૦૦૭નું વર્ષ અને જન્માષ્ટમીનો દિવસ હતો. મુલાકાતો દરમ્યાન એક પછી એક હરિભક્તોની મૂંઝવણો, મુશ્કેલીઓ દૂર કરતા સ્વામીશ્રી સૌને આશીર્વાદ, માર્ગદર્શન અને પ્રેરણા આપી રહ્યા હતા.

એવામાં એક પરિચિત યુવા ચહેરો સ્વામીશ્રી સમક્ષ આવ્યો.

પોતાના હૃદયની ભાવના વ્યક્ત કરતાં તેમણે કહ્યું, 'ભજન કરતાં કરતાં ધામમાં જવાય એવા આશીર્વાદ આપજો. સેવા કરતાં કરતાં જ આવી રીતે અક્ષરધામમાં જતા રહેવાય.'

સ્વામીશ્રીએ આ સાંભળતાં જ કહ્યું, 'તને એવી શંકા કેમ જાય છે? આપણે તો ભજન કરતાં કરતાં સેવા કરતાં કરતાં જ ધામમાં જવાનું છે.'

આથી તેમના વતી એક સંતે કહ્યું: 'ધામમાં લઈ જાવ તો ચોખ્ખા કરીને લઈ જજો.'


'તમે બધા આમ ગોળ ગોળ કહો છો એના કરતાં ચોખ્ખું કહી દોને.' સ્વામીશ્રીએ સ્પષ્ટતા માંગી.

આથી પેલા સંતે કહ્યું, 'આ યુવક સેવા તો સારામાં સારી કરે છે, પરંતુ હજી તમાકુવાળા માવાનું થોડુંક વ્યસન પેઠેલું છે.' સ્વામીશ્રીની કલ્પનામાં હતું નહીં, એટલે આશ્ચર્ય પામ્યા. ખુરશી ઉપર બેઠા પહેલાં ઊભાં ઊભાં જ સ્વામીશ્રી એ યુવકને ઉપદેશ આપવા લાગ્યા. સ્વામીશ્રી કહેઃ 'ભલા'દમી! આટઆટલી સેવા કરે ને હજી આ બધું ક્યાંથી પેઠું?'

'એ સિવાય કાંટો રહેતો નથી.'

ત્યાં ઉપસ્થિત એક સંતે એના વતી ઉત્તર આપ્યો.

ઊભાં ઊભાં સ્વામીશ્રી એ યુવક સાથે વાત કરી રહ્યા હતા એટલે સેવક



સંતોએ વિનંતી કરી કે, 'પહેલાં, આપ સોફા ઉપર બેસી જાવ.' સ્વામીશ્રી સોફા ઉપર બેઠા તો ખરા. પરંતુ પોતાના આસન ઉપર અઢેલ્યા વગર ટટ્ટાર બેઠા રહ્યા ને વાત કરતાં કહ્યું, 'આપણે તો મહારાજ અને સ્વામીનો કાંટો ચડેલો જ છે. એ કાંટો ક્યારેય ઊતરે ખરો? પણ આ તો મનથી માંદો છે, એટલે આવું પેસી ગયું. અમારે તો હજારોને વાત કરવાની હોય કે તમે વ્યસન મૂકો ને તું તો ઘરનો છોકરો કહેવાય. જો તું ના મૂકે તો પછી લોકો અમને કહે કે તમે અમને વાત કરો છો, પણ ઘરનાં છોકરાંઓને તો વાત કરતા નથી, માટે આજે મૂકી જ દે. આજે જન્માષ્ટમીનો ઉત્તમમાં ઉત્તમ દિવસ છે અને હવે પછી ક્યારેય વિચાર આવવો ન જોઈએ. આ વખતે પાતાળે પાયા નાખો. સંતો બધા વ્યસન છોડાવે ને તું વળી વ્યસનમાં પડી ગયો! આના વગર મરી નહીં જવાય. તું સમજ.'

સ્વામીશ્રીના કરુણા અને પ્રેમભર્યા હૈયેથી અમૃતવાણી વહી રહી હતી અને વાત કરતાં કરતાં સ્વામીશ્રી ખુરશી ઉપર પણ વધારે ને વધારે ટટ્ટાર થતા જતા હતા. પેલો યુવક ઘૂંટણભર બેસીને નીચું ઘાલીને વાત સાંભળી રહ્યો હતો. શરમનો માર્યો તે કોઈ જ પ્રતિભાવ આપતો ન હતો.

સ્વામીશ્રીએ તેને કહ્યું: 'આપણે તો સત્સંગી છીએ. માટે વ્યસન છોડવા માટે મરણિયો ઉપાય કર. દશ દહાડા આકરું લાગશે, પણ મન મક્કમ રાખજે. લવિંગ મોઢામાં રાખી મૂકજે. કશો જ વાંધો નહીં આવે.'

એમ કહીને સ્વામીશ્રીએ તેને હૂંફ આપતું એક હળવું પરંતુ માર્મિક ઉદાહરણ આપ્યું: 'મ્વાન્ઝામાં અમારે જગજીવનભાઈ હતા. નાનપણથી જ સિગારેટ ચાલે. દહાડામાં પાંચ-પચ્ચાસ પી નાખે, પણ અમે કહ્યું ત્યારે કહે કે તમે કહેતા હો તો બૈરી મૂકી દઉં, પણ આ નહીં મુકાય. પણ અમે બળની વાત કરી ને એક ઝાટકે મૂકી દીધું તો અત્યારે આનંદ છે. ઘરડા થઈ ગયા પણ ગુલાબી છે.' સ્વામીશ્રી તો ખૂબ ઉત્સાહથી વેગપૂર્વક વાતો કરી રહ્યા હતા.

સ્વામીશ્રીની આ પ્રેમભરી વાતોથી એ યુવક અંદરથી પીગળી રહ્યો હતો, પરંતુ હજુ બહાર વ્યક્ત કરવાની તેની હિંમત નહોતી.

બીજી તરફ ટેકો દીધા વિના સોફ પર માંડમાંડ બેઠેલા સ્વામીશ્રીને જોઈને સેવકોને પણ દયા આવતી હતી. આથી, સેવકોએ તેઓને વિનંતી કરતાં કહ્યું: 'સ્વામીબાપા! પહેલાં આરામથી જરા ટેકે તો બેસો.'

સ્વામીશ્રી તરત જ વાતને કાપી નાખતાં કહે: 'ટેકે બેસીએ ક્યારે? આનું પાકું થાય ત્યારે બેસાય. એના વગર નિરાંતે બેસી કેમ શકાય?'

પછી પેલા યુવકને કહે: 'તારે તો ચારે બાજુ મિત્રો છે. તું પીએ તો તારી જોડે કેટલા પીતા થઈ જાય! લોકો અમને કહેવા આવે કે આને સ્વામી બોલાવે-ચલાવે છે ને છતાં પીએ તો અમારે શું વાંધો છે? માટે એવું કરવાની જરૂર નહીં. અમારે આજથી વ્યસન મુકાવવું જ છે. બોલ, મૂકવું છે કે નહીં?

'મૂકીશ.' એ યુવકે ઢીલોપોચો ઉત્તર આપ્યો.

'એવું નહીં. ધડાકાબંધ બોલ. વ્યસન મૂકવાથી કંઈ મરી જવાનું નથી. શું થશે એ ચિંતા ન કરતો. આપણે કાયમ માટે કેમ ન છૂટે? આ તો તારી કાયરતા છે અને લાલચ છે એટલે ફરીથી ખાવા માંડે છે. માટે ૧૦૦ ટકા છોડવું છે એ વિચાર કર.' સ્વામીશ્રીની આ બળભરી વાતથી એ યુવક થોડુંક ખોંખારીને બોલ્યો કે આજે તો ૧૧૦ ટકા છોડવું જ છે.'

'તો અમારે ૧૨૫ ટકા છોડાવવું જ છે.' સ્વામીશ્રીએ બે ગણા જોરથી કહ્યું ને આશીર્વાદ આપતાં કહ્યું, 'ફરીથી લેવાનું જ નહીં. કોઈ ગમે એટલું કહે પણ એમાં લેવાવાનું નહીં.' આટલું કહીને એ યુવકને લવિંગ મંગાવી આપ્યાં અને કહ્યું, 'આ લવિંગ ખિસ્સામાં રાખજે, છૂટી જશે.' આટલો નિયમ લીધા પછી એ યુવક કહે, 'સેવા કરતાં કરતાં ધામમાં લઈ જજો.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે: 'એ તો છે જ. તારા જીવમાં મહારાજ ને સ્વામી છે અને સેવા કરે છે. એટલે એ રીતે સેવા કરતાં કરતાં જ ધામમાં લઈ જશે.' આટલું કહીને તેઓના પૂર્વજોએ કેવો સત્સંગ કર્યો એ વાત સ્વામીશ્રીએ વિસ્તારથી કરી તેને ગૌરવથી છલકાવી દીધો. છેલ્લે કહ્યું, 'સેવા તો આપણે કરીએ છીએ, પણ કામ કરતાં કરતાં કોઈનો અભાવ-અવગુણ ન આવે. મન શાંત રહે ને શાંતિથી સેવા થાય એનું જાણપણું રાખવું.' છેલ્લે સ્વામીશ્રીએ તમાકુ ન ખાવાનો નિયમ આપ્યો ને કહ્યું, 'આજે સર્વોપરિ કામ થઈ ગયું. અમારા મનમાં પણ થયું કે આજે સારામાં સારું કામ થયું, પણ હવે તું પાકું રાખજે તો અમારું પણ તને અક્ષરધામમાં લઈ જવાનું પાકું જ સમજી લેજે.'

૮૭ વર્ષના સ્વામીશ્રીની આ કરુણાવર્ષાથી એ યુવાન નખશિખ ભીંજાઈ રહ્યો. સ્વામીશ્રીનાં ચરણોમાં મસ્તક નમાવી તે મનોમન બોલી રહ્યો હતો: 'હે સ્વામી! આપના જેવા કરુણાસભર સ્વજન મને કયા ભવના પુણ્યે પ્રાપ્ત થયા હશે! મારા જેવા અનેક પર આપનું ઋણ છે. આપનું એ ઋણ અમે બધા સાથે મળીને પણ ક્યારેય ચૂકવી શકીશું નહીં.'

# વ્યસનમુક્તિ આંદોલનના

# પ્રખર પ્રહરી



## લાખો વ્યસનીઓને મુક્તિનો માર્ગ ચીંધનાર
## કરુણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ

– સાધુ અક્ષરજીવનદાસ

મહુવા પંથકના એક નાનકડા ગામ-જૂનાસાંગાણા-ના, સામાન્ય ગામડામાં હોય એવા, એક ઘરમાં ભરતસિંહ નામના એક યુવાન દરબારની પલાંઠી પર પોતાના બેય પગની પલાંઠીના ઘૂંટણ રાખીને સ્વામીશ્રી જમીન પર નીચે પાથર્યા વગર બેઠા હતા. સ્વામીશ્રી એમને દારૂ, માંસ છોડાવવાની વાત કરતા હતા. પંદર મિનિટની સમજાવટ બાદ ભરતસિંહ સમજ્યા. નિયમનું જળ મૂક્યું. ક્યારેક નિયમ લોપાઈ જવાની અણી પર હોય ત્યારે પાછા વળવાની પ્રેરણા મળે એટલા માટે કંઠી પહેરી.

આજે ભરતસિંહ અનેકને વ્યસનોની બદીમાંથી મુક્ત કરી સત્સંગને માર્ગે વાળે છે.

વ્યસનમુક્તિ માટે સ્વામીશ્રીની ઝુંબેશ જુસ્સાભરી છે. નિર્વ્યસની જીવન સુખી સમાજનો પાયો છે. સમાજ અને વ્યક્તિના જીવનમાં શાંતિ અર્પવા વિચરતા સ્વામીશ્રીએ વ્યસનો છોડાવવા અથાગ પરિશ્રમ કર્યો છે.

૧૯૭૭ની વિદેશયાત્રા પછી મુંબઈમાં સ્વામીશ્રીએ બીમારી ગ્રહણ કરી એ અરસાની આ વાત છે. હજુ તાવની કળ વળી નથી, માંડ એક-બે ઘડી ઊભા રહી શકે એવી અશક્તિ છે, બોલવામાં પણ હાંફ અને ત્રુટકતા અનુભવાય છે. છતાં એ પરિસ્થિતિમાં સ્વામીશ્રી એક ભાઈનું વ્યસન મુકાવવા, શરીરે નબળાઈ હતી એટલે ભીંતને અઢેલી, લાકડાના કબાટ પર પોતાનું બાવડું ટેકવીને ઊભા રહ્યા. સ્વામીશ્રીની કેવળ અનુકંપા ને હૃદયની લાગણીની હૂંફમાં એ ભાઈએ દારૂ છોડ્યો.

સ્વામીશ્રી ક્યારેક તો લઘુશંકા કરવા જતા હોય ને રસ્તામાં કોઈ વ્યસની મળી જાય તો કાન પર ચઢાવેલી જનોઈ એમ ને એમ રહે. વાતો કરી પેલાનું વ્યસન કાઢે પછી જ તેમને સંતોષ થાય! કદીક મોટરમાં બેસવા જતા હોય ને એક પગ બહાર હોય ત્યાં કોઈ સમાચાર આપેઃ 'બાપા! આ ભાઈને આશીર્વાદ આપો. એ દારૂ પીએ છે, છૂટી જાય.' પત્યું. જવાનો કાર્યક્રમ વિલંબાય. પોતે કઈ સ્થિતિમાં ઊભા છે તેનું પણ સ્વામીશ્રીને ભાન ન રહે ને પેલાને દારૂ મુકાવ્યે પાર કરે. વ્યસન મુકાવવાની સમજાવટમાં સ્વામીશ્રી એવા ગુલતાન બની જાય કે ભોજનનો સમય પણ વીસરાઈ જાય.

વડોદરા સ્વામીશ્રી જીંકાર સાહેબના બીમાર પિતા નટુભાઈને આશીર્વાદ આપવા અચાનક પધાર્યા હતા. દરવાજે ટકોરા કર્યા. ખોલવામાં વાર થઈ ત્યાં સુધીમાં સ્વામીશ્રી તો બંગલાના ચોકિયાત રામસિંહ પાસે પહોંચી ગયા. સ્વામીશ્રીએ તેને એવા તો હેતથી વ્યસન છોડવાની વાત મૂકી કે તેણે તે જ વખતે સ્વામીશ્રી પાસે નિયમ ગ્રહણ કર્યો.

વ્યસની પોતાના વ્યસનને પંપાળતો રહે અથવા તો વ્યસન છોડવા અમુક સમય-મર્યાદાની ઢાલ ધરે ત્યારે સ્વામીશ્રીનો વ્યવહારુ તર્ક વ્યસનીની એક પણ ચાલને ફાવવા દેતો નહીં. વસંતભાઈ નામની એક વ્યક્તિને દસ વરસનું વ્યસન. કેમેય ન છૂટે. સ્વામીશ્રીએ બળની વાતો કરી. એમણે રાજીખુશીથી નિયમ ગ્રહણ કર્યો. થોડા દિવસ થયા ત્યાં તો એ ભાઈ ફરિયાદ લઈને આવ્યા. સ્વામીશ્રીને કહે, 'મારી તો ભૂંડી વલે થઈ. આ વજન ઘટવા માંડ્યું છે. મને એની ચિંતા છે. શું કરું ?'

સ્વામીશ્રી કહે, 'ભલા ભાઈ, વજન ઘટે એમાં વળી ગભરાવાનું હોય ? ૪૦ કિલો વજનવાળા પણ જીવે છે. તમે તો ઘણા તંદુરસ્ત છો. ભગવાનની દયાથી પાપ ગયું છે તો ફરીવાર એને ઘાલવાનો વિચાર કરતા નહીં. વિચાર આવે એટલે ભગવાનને પ્રાર્થના કરજો...' પેલા ભાઈને એવું બળ મળી ગયું કે બીજાને વ્યસનમુક્ત કરવા લાગ્યા.

સિગારેટના વ્યસની એક ડૉક્ટર સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીએ સમજાવ્યા. તેઓ કહે, 'એકદમ તો નહીં છૂટે, મને બે મહિના આપો. છોડી દઈશ.'

સ્વામીશ્રી આવા વખતે ઘણીવાર બાંધછોડ કરતા, પણ અહીં સ્વામીશ્રી કહે, 'તમે તો ડૉક્ટર છો. તાત્કાલિક ઑપરેશન કરવાનું હોય એવા દરદીને તમે મુદત આપો તો શું થાય? તમારું આ શરીર વ્યસનથી સડી ગયું છે એમ સમજીને પણ સિગારેટ છોડી દો. આમાં મુદત ન ચાલે.' અને સૌના આશ્ચર્ય વચ્ચે આ ડૉક્ટરે તે જ ઘડીએ સિગારેટ છોડી.

વ્યક્તિ અને સમયને યોગ્ય રીતે પારખનાર સ્વામીશ્રી તર્કના તીરનો પણ આ રીતે ઉપયોગ કરી લેતા.

સ્થાન, પાત્ર અને સંજોગો અનુસાર સામેની વ્યક્તિને સમજાવવાની શૈલીમાં સ્વામીશ્રી પાસે ઘણી વિવિધતાઓ હતી. સૌરાષ્ટ્રનો એક યુવાન હીરા ઉદ્યોગને લીધે સુરતમાં સ્થાયી થયો. ત્યાં એને તમાકુવાળા પાનનું વ્યસન વળગ્યું. મહિનાના સેંકડો રૂપિયાનાં પાન ખાય. સ્વામીશ્રી તેને મળ્યા ને કહ્યું, 'તને ખબર છે 'લ્યા? કાઠિયાવાડમાં તો આટલા રૂપિયામાં એક ગરીબનું ઘર ચાલે! અહીં શહેરના સુખડામાં ત્યાંનો રોટલો ભૂલી ન જવો. હવે આ પાપને કાઢ. લે, પાણી મૂક, પાન હવેથી મોંમાં જવું ન જોઈએ !' જાણે પરિવારના એક વડીલ ત્રીજી પેઢીના સંતાનને રૂડી શીખ આપતા ન હોય! એવું વાતાવરણ સરજાઈ ગયું. પેલા ભાઈનું વ્યસન છૂટી ગયું અને ઘરમાં પણ સુખ-સુખ થઈ ગયું.

વ્યસન છોડાવવાની સ્વામીશ્રીની રીત અલૌકિક હતી.

ક્યારેક કોઈકને વ્યસન છોડવા સીધો જ આગ્રહ કરે તો કો'કને વળી દીર્ઘકાળ સુધી જાણવા છતાં હેત કરે. એ હેતની હૂંફમાં વ્યસનીનું વ્યસન સમૂળું નીકળી જાય. એક સાધન-સંપન્ન-સમૃદ્ધ ઘરની વ્યક્તિ ગાડી ચલાવતી હતી. બાજુમાં સ્વામીશ્રી બિરાજ્યા હતા. અચાનક ગાય સામી આવી. તરત સમય પારખી સ્વામીશ્રીએ કહ્યું: 'વાહ, જુઓ તમે ગાડી ચાલુ કરી ને આ ગાય સામી મળી એટલે શુકન થયા, માટે હવે જે કાંઈ વ્યસન-દૂષણ ચાલે છે એ બધું બંધ કરી દેજો...' પેલા ભાઈને આ વાત સ્પર્શી ગઈ ને બધી વળગણ છૂટી ગઈ!

બેંગલોરના અરવિંદ દવેની દાસ્તાન પણ સાંભળવા જેવી છે. આ ભાઈ રોજના બાર પેકેટ સિગારેટ અને ઉપર એટલી જ ચા પી જતા. એમને સ્વામીશ્રીનો યોગ ૧૯૯૦ના શિયાળામાં થયો. એમની વાત એમના શબ્દોમાં જ સાંભળીએ.

'સ્વામીજીને હું પ્રથમવાર જ મળવા ગયો ત્યારે સિગારેટ ફૂંકીને જ ગયેલો. કદાચ તેમને દુર્ગંધ આવી પણ હશે. છતાં તે સંબંધી તેઓશ્રીએ હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નહીં! મારો જમણો હાથ ઝાલી, જળ મુકાવી, મંત્ર આપ્યો ને કંઠી બાંધી. એટલી સીધી-સાદી વાણીમાં ખૂબ માયાળુ વૃત્તિથી મને કહે: 'હવે કંઠી બાંધી એટલે ભગવાનનો આશરો થયો. તો ભગવાનને ગમે એવું સારું, સુઘડ, નીતિમય જીવન જીવવું. એલફેલ કે વ્યસન કુસંગ કાઢી નાંખવાં. નિયમિત પાંચ માળા સ્વામિનારાયણના નામની કરવી. સુખી થશો.' આટલું કહેતાં કહેતાં તો એમણે મારા હૃદયમાં સ્થાન લઈ લીધું. ખભે હાથ મૂકી ને મારી આંખોમાં એમની નજર પરોવી ત્યારે મને મારું આ વ્યસન મારાથી અળગું થતું હોય એવો ભાસ થયો! બસ તે દિવસથી કોણ જાણે કેમ, મને સિગારેટ પીવાનું મન જ નથી થયું. વ્યસન છૂટ્યું. ખૂબ હાશ અનુભવી. મને આ બદીમાંથી છોડાવવા મારા મિત્ર-પરિવારે આકાશ-પાતાળ એક કરેલાં. મારાં વહાલાં માતા-પિતાએ એમના છેલ્લા શ્વાસ સુધી મને વ્યસનમુક્ત જોવાના કોડ સેવ્યા... એમને રાજી રાખવા પૂરતું પણ હું વ્યસન છોડી ન શક્યો. એ અફસોસ મને સાલે છે. એમને તિરુપતિ, દ્વારકા, ડાકોર ને ચાર ધામની જાત્રા કરાવી. એમ કે કેમેય વ્યસન છૂટે. પણ હું એની નાગચૂડમાં ફસાતો જ રહ્યો. આજે સ્વામીબાપાની કૃપાનું મહત્ત્વ સમજાય છે. ખરેખર, એમણે મને બચાવી લીધો.'

આવી તો અગણિત હસ્તીઓએ સ્વામીશ્રીના અમીઝરણામાં સ્નાન કર્યું છે.


સુરતના એક જાણીતા હીરાના વેપારી પોતાના સ્નેહીને લઈને સ્વામીશ્રી પાસે આવ્યા. તેમના ત્રણે દીકરાઓએ દારૂ ને જુગારના અઠંગ વ્યસનમાં પચ્ચીસ લાખ રૂપિયાની મૂડી સાફ કરી નાંખી હતી. સ્વામીશ્રી આ પરિવાર સાથે બિરાજ્યા.

સ્વામીશ્રી કહે: 'વધુ કમાવાની ઈચ્છાથી પચ્ચીસ લાખ ખોયા ને હજુ વધુ ઈચ્છા રાખશો તો દેવાદાર થશો. માટે આજથી એ બધું બંધ કરો. વ્યસન છે એટલે છોડવું વસમું લાગશે. જુગાર જોઈને ફરી રમવાનું મન થઈ જશે. પણ મન મક્કમ રાખો. અત્યારે જે ઉડાઉ રીતે પૈસા ખરચો છો એ ઓછા કરી નાંખો. બસો રૂપિયા મળે તો એ રીતેય મહેનત કરતા થઈ જાવ. એક રૂપિયાના લાખ રૂપિયા કરવાની ટેવ ખોટી છે. ખોટી રીતે બધી લક્ષ્મી ઢસડી જાય. પુરુષાર્થથી આગળ આવો. જે ગયું તેનો શોક મૂકી દો. લખપતિ હતા એ વિચાર જ મૂકી દો. પહેલેથી જ ગરીબ છીએ ને મહેનતથી આગળ આવવું છે એ વિચાર રાખો, નહીં તો તમારા છોકરાઓ દુઃખી થશે ને કૂતરાના મોતે મરવાનું થશે. તમે ત્રણે જુવાન છો. સારી રીતે મહેનત કરશો તો પૈસા આવશે. અમે તમને આ વાત કરીએ છીએ એમાં અમને કોઈ સ્વાર્થ નથી. તમારા પૈસા તમારી પાસે જ રહેવાના છે. તમે જે મારગે જઈ રહ્યા હતા તે દુઃખનો માર્ગ હતો. કરોડપતિ પણ એમાં બેહાલ થયા છે, એ અમે જોયું છે. માટે એમાંથી પાછા વળો. આજે પ્રતિજ્ઞા કરો. મિત્રો લલચાવશે પણ મક્કમ રહેવું. ખાડામાં નાખનારા ઘણા મળશે પણ આ બહાર કાઢનારા તમને કહે છે...'

આમ એકીશ્વાસે સ્વામીશ્રીએ ત્રણે ભાઈઓના બળતા સંસાર પર નિર્મળી છાંટી. સ્વામીશ્રીના વચનના વિશ્વાસે ત્રણેનું જીવન બદલાઈ ગયું.

નિયમિત સત્સંગ કરતા હોય, સ્વામીશ્રીમાં દૃઢપણે જોડાયેલા હોય એવા કોઈ ચુસ્ત સત્સંગી હરિભક્તના દીકરાની વાત વ્યસનીના રૂપમાં સાંભળવા મળે ત્યારે સ્વામીશ્રી ખૂબ ખિન્ન થઈ જતા. એક સત્સંગી યુવકને તમાકુની ટેવ પડી ગયેલી. સ્વામીશ્રીને આ બાબતનો ખ્યાલ જ નહીં. જાણ્યું એટલે દુઃખ થયું. એ યુવકને બોલાવી જળ મુકાવ્યું ને નિયમ આપ્યો. પછી કહે, 'આપણે મરી જવાય તો બહેતર છે. આ પાપ તો જોઈએ જ નહીં. તને તારા ઘરે ખાવા નથી આપતા? તો પછી આ ખાવાની શી જરૂર? અમે આદર્શ છોકરાની લોકોને વાતો કરીએ ને તમે ઘરના થઈને નાક વાઢો એ કેવું કહેવાય?'

એ યુવક સ્વામીશ્રીની આંખોમાં આંખો મેળવી ન શક્યો.



કોઈપણ મુમુક્ષુ સ્વામીશ્રી પાસે આવે એટલે અવશ્ય તેઓ પૂછપરછ કરેઃ કાંઈ વ્યસન છે? ઉત્તરમાં જો 'હા' હોય તો પળનાય વિલંબ વિના સ્વામીશ્રી એ આગંતુકને વ્યસનમુક્તિ માટે બળભરી વાતો કરવા લાગે અને તેને અવશ્ય પ્રતિજ્ઞાબદ્ધ કરે...

એણે દૃઢતાપૂર્વક નિયમ ગ્રહણ કર્યો. સ્વામીશ્રી કહે, 'આટલા દિવસ લીધું એનું પ્રાયશ્ચિત્ત એ કે બીજા ૧૦ જણને તારે વ્યસનમુક્ત કરવા...'

સ્વામીશ્રીએ જેમને પોતાના ગણ્યા છે તેમની સાથે તેઓશ્રી કેવો અભિગમ અપનાવે છે તેનો આ એક નમૂનો છે. તમાકુ તો છૂટી પણ પછી એ ભાઈનું સ્વામીશ્રી સાથેનું આધ્યાત્મિક જોડાણ વધુ સુદૃઢ થયું.

સ્વામીશ્રી ૧૯૮૭માં ખાખરિયાથી ભાવનગર જતા હતા. રસ્તામાં એક ભાઈ પોતાની સાઇકલ ઊંધી નાખીને રસ્તા ઉપર જ દંડવત્ કરવા લાગ્યા. સ્વામીશ્રીએ ગાડી ઊભી રખાવી, આશીર્વાદ આપ્યા. પછી પ્રશ્ન પૂછ્યોઃ 'તેં આ રસ્તે દંડવત્ કર્યા પણ તમાકુ-મસાલા ખાય છે?' એ ભાઈ પાન-મસાલા ખાતા હતા. સ્વામીશ્રીએ તમાકુ-મસાલા ન ખાવાનો નિયમ લેવડાવ્યો.

સમાજની સુખાકારી માટે જનતાને મદદ કરવી એ સ્વામીશ્રીના પ્રત્યેક આયોજનોનું લક્ષ્ય હોય છે. ૧૯૮૮માં કારમા દુષ્કાળમાં સપડાયેલા પશુધનને ઉગારવા સ્વામીશ્રીએ ચાર વિશાળ કેટલકેમ્પનું આયોજન કરેલું. એમાં ઢોરના માલિકો પણ ઢોર સાચવવા રહેતા. આ ખેડૂતો પૈકી કેટલાય બીડી-તમાકુ કે હોકલીના વ્યસની હતા. પરંતુ કેટલકેમ્પમાં સંતોના સમાગમે આ વ્યસન ગયાં. સ્વામીશ્રીએ ચારેય કેટલકેમ્પની મુલાકાત લીધી અને કહ્યુંઃ 'વ્યસન કરો એના બદલે બળદ સારામાં સારા રાખો. જેનાથી ખેતી સારી થશે ને ઊપજ સારી આવે તો વ્યવહાર સુધરશે. છોકરાને ભણાવવાના ખરચા માથે નહીં પડે. માટે જેને જે કંઈ વ્યસન હોય તે આજે મૂકો. બીડી પીઓ ને કાળજું બળે. કુટુંબમાં પણ સુખ ન રહે. આ તીરથમાં આવ્યા છો તો એ નિમિત્તે પણ પાપ કાઢો. આ દુકાળમાં તમને જ ફાયદો છે. વળી, અહીં ઠેર ઠેર ઘાસની ગંજીઓ છે. તમારા વ્યસનનો એક જ તણખો બધું રાખ કરી નાંખે. જેને જિવાડવા આવ્યા છો એનો જ કોળિયો છીનવાઈ જાય એ તમને ગમશે?'

સ્વામીશ્રીની વાણીનો એવો તો જાદુ થયો કે વ્યસનીઓનાં વ્યસન સહેજે ખરી ગયાં. વરસ સુધી ચાલેલા આ કેટલકેમ્પ જાણે વ્યસનમુક્તિના નિરાળા યજ્ઞો પણ બની ગયા.



ક્યારેક પ્રવાસ દરમ્યાન અજાણ્યા કે ઇતર ધર્મના લોકો મળી જાય, પરંતુ સ્વામીશ્રી પળભરમાં તેમની સાથે આત્મીયતાનો સેતુ બાંધી દે અને તેને સદાચાર કે વ્યસનમુક્તિની સહજ પ્રેરણા આપી પ્રતિજ્ઞાબદ્ધ કરી દે...

સ્વામીશ્રીનાં સ્નેહાળ વચનોથી પેલા ભાઈની આંખ ઊઘડી ગઈ.

વ્યક્તિગત ધ્યાન રાખવાની સાથે સાથે સ્વામીશ્રી સામૂહિક ધ્યાન પણ રાખે છે. વ્યક્તિમાં સડો ન પેસે તેમ ગામમાં પણ સામૂહિક સડો ન પેસે એની પણ સ્વામીશ્રી ખેવના રાખે છે. ખાખરિયા ગામના સરપંચને સ્વામીશ્રીએ એકવાર કહેલું: 'તમે આ ગામના મુખ્ય કહેવાઓ. આ ઉકાભાઈ પોતે પાન-બીડી તમાકુ વેચતા હતા. તેઓએ પોતાની દુકાન બંધ કરવાનો નિયમ લીધો છે, પણ એનો અર્થ એ નહીં કે તમે બીજા પાંચ જણને દુકાન કરવાની પરવાનગી આપો. તમાકુ લોકોનાં જીવન બગાડે છે. કોઈ દુકાન કરવાનું કહે તો તમારે એને વિનંતી કરવી. પાંચ-દસ મોટેરા જઈને કહે તો એ માન્ય રાખે જ. અને દારૂ તો ગામમાં ઘાલતા જ નહીં. કોઈ ધરે તો ઘસીને ના પાડવી. તમારું આખું ગામ બગાડશે. સંપ ખલાસ કરી નાખશે. માટે એ ખાસ ધ્યાન રાખજો.'

એક ગામના સરપંચ પંચાયતની ચૂંટણીમાં જીતી સ્વામીશ્રીના આશીર્વાદ લેવા આવ્યા, ત્યારે સ્વામીશ્રી કહે, 'તમે ચૂંટાઈને આવ્યા, પરંતુ અમુકે મત ન આપ્યો હોય તે તમને ખ્યાલમાં હોય તો પણ તેને ભૂલી જવું. જરૂર પડ્યે એનુંય કામ કરવું. ગમે તે હોય, ઊંચ-નીચનો ભેદભાવ ન રાખવો. ને અફીણ આપીને મત લેવા - એવું આપણે કરવું જ નહીં... પછી એવા લોકોનો શું ઉદ્ધાર કરવાના? અને આપણે તો વ્યસન કરવું જ નહીં. બને તો ગામમાંથી કાઢો. જુગાર અને દારૂ તો ખાસ. પૈસા ને સત્તા સારુ સિદ્ધાંત ન મુકાય. પૈસા કાલે પૂરા થઈ જશે ને સત્તાય ચાલી જશે... દારૂ પાઈને કે પૈસા આપીને વૉટ લેનારનું શું સારું થાય? કોઈને વ્યસની બનાવી તેનું જીવન બરબાદ કરવું એ ભયંકર પાપ છે.'

ઝાલાવાડના એક ગામના મુખીને કહે, 'તમે મુખી થયા એ કામનું શું? તમને તો નાના હતા ત્યારથી ઓળખું છું. આપણે તો ગામને આદર્શ બનાવવાનું છે.'

ગામનો ભૂવો આવ્યો. તેને કહે, 'અલ્યા વરજાંગ! આપણે સાધુ અને ભૂવાનું કામ શું? ભજન કરાવવું અને

વ્યસન છોડાવવાં. એટલે હવે તું પહેલાં વ્યસન કાઢ. ભગવાનનું બળ રાખવું...'

કેટલીકવાર સ્વામીશ્રી ગામના માણસોને હિસાબ પણ ગણાવે. સુરત શહેરના એક વિસ્તારમાં રોજનો લાખ રૂપિયાનો દારૂ પીવાતો. સ્વામીશ્રીએ એમને હિસાબ ગણાવ્યો કે તમે જો માત્ર એકાદશીમાં જ દારૂ ન પીવો તો પણ તમારે તમારા વિસ્તારમાં એક વરસમાં સ્કૂલ કે ટાંકી કે નાનું દવાખાનું થઈ જાય!

દર્શન-મુલાકાતે આવનાર વ્યક્તિઓ પૈકી જો કોઈ દારૂભઠ્ઠી ચલાવનાર કે દારૂ ગાળનાર આવ્યો તો સ્વામીશ્રી એનો આ ધંધો છોડાવ્યે જ છૂટકો કરે.

ખેડા જિલ્લાના એક ગામમાં એક ભાઈ મહિને બસો ડબ્બા દારૂ ગાળે ને અધિકારીઓને હપ્તો ભરે! એ ભાઈ એક હરિભક્તના યોગમાં આવ્યા. એ હરિભક્ત તેમને સ્વામીશ્રી સુધી ખેંચી લાવ્યા. સ્વામીશ્રીએ વાત જાણીને આ ભયંકર પાપ વિષે તેમને સભાન કર્યા. ત્યાં જ એમણે નિશ્ચય કર્યો કે આ ધંધો છોડી દેવો છે. તેમણે સ્વામીશ્રી પાસે કંઠી બાંધી વર્તમાન ધારણ કર્યાં ને આ ધંધો છોડી દેવાનો નિર્ણય જાહેર કર્યો.

સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા. ને બળ આપતાં કહ્યું, 'શૂરવીર થજો. પૈસા તો ભગવાન બીજી રીતેય આપશે. મહેનતનો રોટલો જ પચે. આપણી પૈસાની લાલચે હજારો લોકો દુઃખી થાય છે. જિંદગી બગડે છે. બીજાને શું કામ ખોટે રસ્તે ચઢાવવા? રોટલા તો ભગવાન આપશે. અત્યાર સુધીનું ભગવાન માફ કરશે, નવું ન કરવું. આ મૂકશો એટલે જૂના મિત્રો આવશે, તમને લલચાવશે, આગ્રહ કરશે, મન પણ લલચાવશે કે પૈસા શું કામ જતા કરે છે? પણ દૃઢતા રાખવી. આપણે તો હવે બીજાનું કાઢવું છે, ઘાલવું નથી. તમારા મનમાં દૃઢતા છે ને?'

એ કહેઃ 'હા બાપા.' સ્વામીશ્રીએ જળ આપ્યું. હજુ કંઈક કહેવાનું હોય તે અધૂરું ન રહી જાય તેમ દોષ બતાવતાં કહેઃ 'ગામને પિવડાવો પછી ઘરમાં પેસે. દારૂ પેસે એટલે ઝઘડો પેસે. એમાંથી અનેક દૂષણો થાય, પૈસા ન મળે એટલે ચોરી કરવી પડે, ખોટું બોલવું પડે, જુગાર રમવો પડે. આ કમાણી ઊંઘ હરામ કરી દે. ઝેર એ ઝેર જ. એમાં સુખનો રોટલો નહીં. માટે જમીન છે એમાં મહેનત કરો, લો આશીર્વાદ છે.'

સ્વામીશ્રીની નિઃસ્વાર્થ પ્રેમ નીતરતી વાણીમાં એ ભાઈ ભીંજાઈ ગયા.

ઘણા તો એવી અટકળે તણાઈ આવે છે કે સ્વામીશ્રી વ્યસન છોડાવવાની જડીબુટ્ટી રાખે છે. એક વ્યસની ભાઈ સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રી એમની આ ભાવનાથી હસી પડ્યા. પછી કહે, 'ખરી વાત છે ભાઈ, અમે એની દુકાન ખોલી છે, જડીબુટ્ટી સાથે લઈને જ ફરીએ છીએ.' એમ કહી વ્યસનમાં બરબાદ થતા પૈસા, સ્વાસ્થ્ય, સમય વગેરેની ત્રિરાશિ માંડી વ્યસનથી થતા ગેરફાયદા ગણાવી એ ભાઈને પાપનાં દ્વાર સુધી મજલ કરાવી પાછો વાળ્યો. સ્વામીશ્રીની વાત એના જીવમાં જડાઈ ગઈ. વ્યસન મૂક્યું છતાં ફરી ન વળગે એ માટે પેલી જડીબુટ્ટી માગી. સ્વામીશ્રી કહે, 'ભલા ભાઈ! આ જ તો જ્ઞાન-ધ્યાનની ગોળી. આ વાત કરી એને જીવનભર મમળાવતો રહેજે, વ્યસન ફરી નહીં વળગે જા...' હવે તો એ ભાઈ બીજાને આ 'જડીબુટ્ટી' આપતા થઈ ગયા છે!

વિદેશોમાં સ્વામીશ્રી જ્યાં જ્યાં ગયા છે ત્યાં ત્યાં સદાચારી રહેવાની તથા વ્યસનમુક્ત જીવન જીવવાની જુસ્સાભેર વાત કરી છે. સ્વામીશ્રી કહેતા, 'સદાચારી જીવન એ હિન્દુનું લક્ષણ છે. હિન્દુ એટલે જ સદાચાર. તેણે દારૂ ન લેવાય, માંસ ન લેવાય, જુગાર ન રમાય, વ્યભિચાર ન કરાય, જીવન પવિત્ર રાખે ને વેદ તથા ઈશ્વરને માને તે હિન્દુ. ધર્મના પાયા સાચા ગુરુ દૃઢ કરાવે ત્યારે થાય...'

વળી, જાહેરસ્થળોએ સ્વામીશ્રી પધારે ત્યારે તેના પ્રમુખ સંચાલકોને જાહેરમાં જ વિનંતી કરતા કહેતા, 'જે કાંઈ કાર્યક્રમ કરો તેમાં પવિત્રતા જાળવજો. આહાર-વિહાર ચોખ્ખા હશે તો જીવનની સફળતા છે. પાર્ટી કરો પણ પવિત્રતા રાખો.'

યુ.કે.માં એક 'કમ્યુનિટી સેન્ટર'ના એક અગ્રણીએ નક્કી કરેલું કે સેન્ટર બંધાઈ ન રહે ત્યાં સુધી દારૂ ન પીવો. યોગાનુયોગ સેન્ટર હૉલ તૈયાર થતાં સ્વામીશ્રીના વરદ હસ્તે તેમણે તેનું ઉદ્‌ઘાટન કરાવ્યું.

સ્વામીશ્રીએ એમની ટેક જાણી લીધી હતી એટલે જાહેરસભામાં જ એમનાં વખાણ કરીને કહ્યું, 'આપણે ઇચ્છીએ કે હવે આ પાપ કાયમ માટે એમના જીવનમાંથી વિદાય થાય.' સ્વામીશ્રીના સ્નેહને વશ થઈ તેમણે કદાપિ દારૂ ન લેવા નિયમ ગ્રહણ કર્યો. સ્વામીશ્રીએ તેમને કહ્યું, 'અમારું અહીં આવવું સાર્થક થયું. પાસપોર્ટમાં હિન્દુ લખાવીએ છીએ પણ એ રીતે હવે સૌએ વર્તન કરવાનું છે. કલ્ચર-કલ્ચર કરીએ પણ દારૂની પાર્ટીમાં જ કલ્ચર પૂરું થઈ જાય છે.'

અમેરિકાની સ્વામીશ્રીની જાહેરસભાઓ ટી.વી.ના કાર્યવાહકો કચકડે મઢી લેતા ને તેને પ્રસારિત કરતા. આવી જ એક જાહેરસભાની ફિલ્મ એક ભારતીય ટીવી ચેનલના

કાર્યવાહકો શશી શર્મા અને અમિત શર્માએ સ્વામીશ્રીનો ઈન્ટરવ્યૂ લીધો. સ્વામીશ્રી તેમને કહે, 'જીવનમાં કોઈ વ્યસન ન રાખવું. હોય તો છોડી દેજો.' સ્વામીશ્રીએ પૂછપરછ કરતાં ખબર પડી કે શશી શરાબ પીતો હતો. અને અમિત ધૂમ્રપાન કરતો હતો. સ્વામીશ્રીએ શશીને ખૂબ નજીક લઈ ખૂબ પ્રેમથી વાતો કરી. સ્વામીશ્રી કહે, 'જો કુછ જીવન કી જરૂરત હૈ વો રખો. ઉસે છોડને કી બાત નહીં હૈ. લેકિન જો ચીજ હમે નુકસાન પહુંચાતી હૈ ઉસકો છોડ દો, ધીરે ધીરે શરાબ સે આદમી ડ્રગ મેં ઘૂસ જાતા હૈ. ઈસ લિયે આજ સે હી બંદ કર દો.' શશીએ નિયમ ગ્રહણ કર્યો. અમિતે સામેથી સિગારેટ છોડી.

આંખનીય ઓળખાણ ન હોય એવી વ્યક્તિઓને પણ અપનાવતા સ્વામીશ્રીને લેશ પણ વિલંબ થતો નહીં.

જે અંધ છે, જેને દિશાના દોરનાર નથી એ તો ખાડામાં પડે, પણ જે સમાજસુધારક ને જનસેવાનાં ડિંડિમ વગાડતાં ફરતાં હોય, છતાં પોતે વ્યસનાંધ હોય એવા લોકો પણ સ્વામીશ્રીને મળી જાય ત્યારે સ્પષ્ટવક્તા સ્વામીશ્રી એમને પણ કહેવામાં લેશમાત્ર સંકોચ રાખતા નહીં.

સમાજસેવા કરતી એક જાણીતી આંતરરાષ્ટ્રીય ક્લબના ક્ષેત્રિય ડેપ્યુટી ગવર્નર સ્વામીશ્રીને મળ્યા. એમના દારૂના વ્યસનની સ્વામીશ્રીને જાણ થઈ. સ્વામીશ્રી કહે, 'આપણા પોતામાં દૂષણો હોય તો સમાજસેવાનો અરથ શો? પહેલાં તમે વર્તન સારું કરો, તો પછી સમાજ તમને અનુસરશે. જો સારા માણસો જ વાસ્તવમાં 'સારા' ન હોય તો બાકીની દુનિયાને સારી કેમ કરશે? માટે તમે આ બધું મૂકી દો.' સ્વામીશ્રીએ એમનો રાહ બદલી નાંખ્યો.

૧૯૮૮ની વિદેશયાત્રા દરમ્યાન સ્વામીશ્રી પાસે ઠેરઠેર જુદાં જુદાં દૈનિકપત્રોના માલિકો તથા પત્રકારો આવતા. એક સામટા જ પ્રશ્નોની ઝડી વરસાવનાર આ પત્રકારોને સચોટ ઉત્તર આપતા સ્વામીશ્રી અંતમાં એ પત્રકારોનો ઈન્ટરવ્યૂ લેતા! તેમાં બહુધા દારૂ-સિગારેટ પીતા માલૂમ પડ્યા. સ્વામીશ્રી તેમને સમજાવેઃ 'લોકો તમારી પાસેથી ઊંચા જીવનધોરણની અપેક્ષા રાખે. સુસંસ્કાર કેમ જળવાય, વ્યસન કેમ છૂટે એ વિષે તમારી કલમે લખાયેલું સાહિત્ય વાંચે ને તમે પણ દારૂ ન પીવાય, ડ્રગ્સ ન લેવાય, ધૂમ્રપાનથી કેન્સર થાય છે એ બધું જાણો જ છો અને નિષેધ અંગે લખતા પણ હશો. પરંતુ એ કેટલા વાચકોને અસર કરશે? તમે પોતે જ પીતા હશો, તમારું જીવન એ લોકો જોતા હશે, પછી તમારું કહેલું પણ કેટલું સ્વીકારશે? માટે તમારે તો લેવાય જ નહીં.' એ લોકો કહેઃ 'કોશિશ કરશું.'

સ્વામીશ્રી કહે, 'ઝેર પીધા પછી ખાતરી કરીશું કે મર્યા કે જીવ્યા? એના જેવી આ વાત છે. તમને જ્યારે સમજાયું કે વ્યસન ઝેર જ છે પછી એને છોડી જ દેવું જોઈએ. શરીરને નુકસાન કરે છે એ તો માનો છો ને?'

'હા.'

છેવટે સ્વામીશ્રીનો વિજય થતો ને કેટલાય વ્યસન-મુક્તિનો માર્ગ અપનાવી લેતા.

ધાર્મિક ક્ષેત્રના ધુરંધરો પણ ક્યારેક વ્યસનમાં ફસાયા હોય તેની સ્વામીશ્રીને જાણ થાય તો અવશ્ય તેમને વ્યસનમુક્તિ માટે પ્રેરણા આપતા.

એક ફલાહારી બાપુની જગ્યામાં સ્વામીશ્રી પધાર્યા. એમને ભાવ થવાથી સ્વામીશ્રીને જગ્યાને પાવન કરવા આમંત્ર્યા હતા. સ્વામીશ્રી બધે ફર્યા પછી કહે, 'તમે ફલાહાર કરો તે સારું છે પણ સાથે ગાંજા-તમાકુનું ચાલતું હોય તો તે બંધ કરજો. ગુરુની શોભા આચરણથી છે. ભજન કરજો ને કરાવજો. નિયમધર્મ પાકા રાખજો. અહીં જે આવે તેને સદાચાર ને સત્સંગની વાતો કરજો.'

તરેડી ગામને પહેલવહેલી વીજળી મળતી હોઈ સ્વામીશ્રીને મહુવાના આગેવાનોએ જ્યોતિ પ્રગટાવવા આમંત્ર્યા હતા. એ ગામની નજીકમાં જ એક મંદિર છે. ત્યાં પધારી વિદ્યુતનું ઉદ્‌ઘાટન કર્યું. પછી વ્યસનમુક્તિપર્વ યોજાયું. છેલ્લે સ્વામીશ્રીએ પૂજારીને પક્કડમાં લીધા અને કહ્યું કે તમે બાવાજી છો. તમારે અહીં કોઈને ગાંજો-ચલમ ન આપવાં.

પૂજારી કહે, 'બીજા મહાત્માઓ આવીને માગે તો શું કરું?' સ્વામીશ્રી કહે, 'કોઈ મહાત્મા આવીને હીરા માગે ને તમારી પાસે ન હોય તો આપો? એમ કહી દેવું કે હું નથી પીતો. રોટલો પ્રેમથી જમાડવો. આ હનુમાનદાદા ક્યાં પીએ છે? રામ માંગે છે? તોય લોકો દર્શન કરવા આવે છે. તમે મૂકશો તો તમારાં દર્શન કરવા પણ આવશે. તમે બધાને ઉપદેશ આપજો કે ભક્તિ બરાબર કરો. મહેનત સો ટકા કરો.' સ્વામીશ્રીની વાણી સાંભળી બાવાજીએ ગાંજો ન પીવાનો નિયમ લીધો.

એક પ્રખર વિદ્વાન સંકીર્તનકાર રોજનું રૂપિયાભાર અફીણ લે પછી જ એમને કીર્તનનો અમલ ચઢે. સ્વામીશ્રીના યોગમાં આવતાં તેમની પાછી વૃત્તિ વળી, તેઓ કહેઃ 'હવે આ બંધાણ છોડતાં કરંટ જેવું લાગે છે!' સ્વામીશ્રીએ તેમને એક ઉપદેશકારને છાજે તેવું પવિત્ર જીવન જીવવાની શીખ દીધી અને કહ્યુંઃ 'ભગવાનને સંભારીને મૂકી દો. અમે તમારા માટે પ્રાર્થના કરીશું. મરણિયો પ્રયત્ન કરો. દેહ પડી જાય



વ્યસનથી થતા નુકસાનને વિગતે સમજાવીને સ્વામીશ્રી ગમે તેવા વ્યસનીને પણ તાર્કિક રજૂઆત, કરુણાસભર દૃષ્ટિ અને વાણી, તેમજ નિઃસ્વાર્થ પ્રેમના પ્રભાવમાં એવા જકડી લે કે એ વ્યક્તિ વ્યસનમુક્ત થવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થઈ જાય...

તોય લેવું નથી એમ નક્કી કરજો.' સ્વામીશ્રીની વાણી એમનું અંતર ઠારી ગઈ. શ્રદ્ધાની ગાંઠ બંધાઈ ગઈ. અફીણ છૂટી ગયું.

એકવાર એક વરઘોડિયો સ્વામીશ્રીના આશીર્વાદ લેવા આવ્યો ને કંઈક ભેટ મૂકવા ગજવાં ફંફોસવા લાગ્યો. સ્વામીશ્રી કહે, 'એ રાખ. મારે તારા વ્યસનની ભેટ જોઈએ છે. વ્યસન મૂક.' સ્વામીશ્રીએ એના હોઠ અને દાંત જોઈ પાકું કરી લીધું હતું કે એ વ્યસની જ હોવો જોઈએ. પેલો વરરાજા કબૂલ થયો. એણે બીડી તમાકુ છોડ્યાં.

સેલવાસ-પંચમહાલ વિસ્તારના આદિવાસીઓ સમાજના વિવિધક્ષેત્રે આગળ વધ્યા છે તેની પાછળ સ્વામીશ્રીનો અપાર પરિશ્રમ છે. જ્યાં ઘરોઘર દારૂ ગળાતો, કૂકડા રંધાતા. સરકારની આર્થિક મદદ પણ તાડી સાથે ટૂંપાઈ જતી, છોકરાઓનું ભણતર બગડતું, નવજાત શિશુની ગળથૂથી દારૂથી પલળતી અને જે સમાજમાં વારે-તહેવારે દારૂની મહેફિલો મંડાતી - એ બધું સ્વામીશ્રીના અપાર પ્રયત્નોથી બંધ થયું. બધાં આર્થિક રીતે સધ્ધર થયાં. કૂબામાંથી પાકાં ઘર થયાં, છોકરાંઓ ભણી-ગણી આગળ આવતાં થયાં. સ્વામીશ્રીના પુરુષાર્થ અને આશીર્વાદથી આદિવાસીઓનાં આખાં ને આખાં ગામો વ્યસનમુક્ત થઈને સર્વ પ્રકારે ઉત્કર્ષ પામ્યા છે.

સ્વામીશ્રી વ્યસન મુકાવવાની ખૂબ ચીવટ રાખતા. એમાં નાના-મોટાનો ભેદભાવ રહેતો નથી. કોઈ એક વ્યક્તિ સુખી જીવનના માર્ગે ચડે એના માટે સ્વામીશ્રી લાંબાગાળાની ધીરજ-ઉત્સાહ રાખતા.

અમદાવાદનો એક ૨૫ વર્ષનો યુવાન સ્વામીશ્રીને મુંબઈ મળ્યો ત્યારે હેરોઈનથી માંડીને જાતજાતનાં કેફીદ્રવ્યો(ડ્રગ્સ)ની ચુંગાલમાં ફસાયેલો હતો. સ્વામીશ્રીએ એને આ વળગણમાંથી છોડાવવા બે વરસ સુધી સતત પ્રયત્નો કર્યા. બે વરસ પછી સારંગપુર એ ગયો ત્યારે માલૂમ પડ્યું કે તેને અફીણનું વ્યસન ચાલુ થયું છે. મેન્ડ્રેક્સની ગોળીઓ પણ લેવાની શરૂ કરી છે. અમદાવાદમાં અડધો કલાક બેસારી સ્વામીશ્રીએ તેને વાતો કરેલી, છતાં લપસ્યો. સ્વામીશ્રીએ ફરીથી તેને વ્યસનમુક્ત થવા બળ આપ્યું.






એકની એક વ્યક્તિને અનેકવાર વ્યસન મુકાવતાં સ્વામીશ્રીની ધીરજ ન ખૂટે. ધીરજપૂર્વક દેશી-વિદેશી, ગરીબ-તવંગર સૌ કોઈને વાતો કરીને સ્વામીશ્રી ચેતનવંતા કરી દે. તેઓએ યોજેલા વિરાટ વ્યસનમુક્તિ યજ્ઞોએ પણ અનેકનાં પરિવર્તન કર્યાં...

ત્યારબાદ એક વર્ષ પછી સારંગપુરમાં સ્વામીશ્રીને એ મળ્યો ત્યારે સ્વામીશ્રીએ તેને મંદિરમાં જ રોકી રાખ્યો. સાથેનું અફીણ નંખાવી દીધું. ચાર દિવસ સુધી સ્વામીશ્રીએ પણ મક્કમપણે રહી ખૂબ બળ આપ્યું. એનું મન મક્કમ થઈ ગયું. સ્વામીશ્રીના આશીર્વાદથી તેને ખાવાનું ભાવવા લાગ્યું. ઊંઘ આવવા લાગી. હજુ છાની છપની બીડી પીવાતી હતી. તે તેણે સ્વામીશ્રી પાસે કબૂલ્યું, 'ત્રણ પીઉં છું... હવે બે પીશ.' સ્વામીશ્રી કહે, 'બેનીય શું જરૂર છે? એ પાપ કાઢ. હવે બહુ તલપ લાગે તો કોઠારમાંથી લવિંગ લઈ જજે...'

એમ કહેતાં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પાસે લઈ ગયા. અને કહે, 'અહીં પગે લાગ. પ્રાર્થના કર. આજથી બીડી પણ બંધ... લે આ ગુલાબ, બીડી પીવાનું મન થાય ત્યારે આ ગુલાબની પાંખડી ખાજે...'

એક સામાન્ય યુવક સન્માર્ગે વળે એ માટે સ્વામીશ્રીએ સતત ત્રણ વરસ સંભાળ લીધી. એમના વરસેલા અકારણ હેતની સરખામણી કોની સાથે કરવી!

આફ્રિકાના એક ભાઈ કહે, 'સ્વામી, તમે મારી સિગારેટ છોડાવવા આટલો આગ્રહ રાખો છો પણ એ નહીં છૂટે... કારણ કે પરણ્યા પહેલાં એ મારા જીવનમાં પ્રવેશી છે. કહેતા હો તો બૈરી છોડી દઉં. પણ સિગારેટ તો નહીં જ છોડું...' કોઈપણ વ્યક્તિ આવા લોકો આગળ હથિયાર હેઠાં મૂકી દે. પરંતુ સ્વામીશ્રી એને જ્યારે મળે ત્યારે સિગારેટ છોડવા વાતો કરે. છેવટે ચાર પેકેટમાંથી બે પેકેટ પર લાવ્યા ને ધીરે ધીરે પાંચ સિગારેટ પર પહોંચાડ્યા. પછી તો એક અઠવાડિયામાં તદ્દન નાબૂદ કરી નાંખી!

એકવાર સારંગપુરમાં નિત્યક્રમથી પરવારી સ્વામીશ્રી હરિભક્તોને મળી રહ્યા હતા. એક ભાઈ આવ્યા. સ્વામીશ્રી કહે, 'કંઈ વ્યસન છે?'

તેઓ કહે, 'હા, બીડી પીઉં છું - એ તો જોઈએ જ. એના વગર ન ચાલે.'

'હવે છોડી દો.'

'ના, છોડું તો આત્મા કોચવાય. મારે આત્માને કોચવવો નથી.'

'આ વ્યસન અવળે રસ્તે લઈ જાય.'

'અરે! હોય કાંઈ! ન લઈ જાય.'

'હરિભક્તો હોય તો પણ અવળે રસ્તે લઈ જાય.'

'એ બધાને ભલે લઈ જાય. મને ન લઈ જાય.'

'તમે મનથી હારી ગયા છો. નિર્બળ છો એટલે આવું થાય છે.'

'હું નાનો, દસ વરસનો હતો ત્યારથી પીઉં છું. અત્યારે ૬૨ વર્ષ થયાં. કોસ હાંકતા ત્યારે વચ્ચે પોરો ખાઈએ ત્યારે બીડી પી લઈએ.'

'હવે કોસ હાંકો છો?'

'અત્યારે તો હાંકતો નથી પણ બીડી તો રાખવી પડે. મજૂર આવે ત્યારે એને શું આપવું? બીડી દઈએ એટલે કામ કરવા લાગે.'

'રોજ બે ઝૂડી પીઓ છો. તો ઓછી કરો, રોજની પાંચ-છ પીજો.'

'એ બરોબર, ધીમે ધીમે છોડીશ.'

છેવટે સ્વામીશ્રીએ એ ભાઈને વ્યસનમુક્ત થવા માટે પ્રતિજ્ઞાબદ્ધ કર્યા.

અમેરિકાના એક યોગકેન્દ્રમાં નિયમિત જતો એક ગોરો મુમુક્ષુ રોકી પ્રેજક્ટી સ્વામીશ્રીનાં દર્શને આવ્યો. સામે વજ્રાસનમાં બેઠો. પૂછતાં માલૂમ પડ્યું કે તે ઉપનિષદ્નું સારું જ્ઞાન ધરાવે છે. સાથે દર અઠવાડિયે બે-ત્રણ વાર દારૂ અને માંસ પણ લે છે અને સ્મોકિંગ પણ કરે છે.

સ્વામીશ્રીએ તેને આ બધું છોડી દેવા કહ્યું. તે કહે, 'હું છોડી ન શકું. હું ટ્રાય કરીશ.'

સ્વામીશ્રી કહેઃ 'ટ્રાય નહીં, મૂકી જ દેવાનું. ઝેર ખાવાનું મન થાય છે! અમે જો બીડી કે દારૂ નથી લેતા તો પણ અલમસ્ત આનંદમાં રહીએ છીએ. પ્રફુલ્લિત છીએ.'

તે કાંઈ જવાબ વાળી ન શક્યો. તેના શરીરે-મોં પર પરસેવો વળી ગયો. એ બોલી ન શક્યો, હાંફી ગયો. સ્વામીશ્રી કહેઃ 'અલ્યા, તું આટલું બધું આધ્યાત્મિક જ્ઞાન કરે છે, ઉપનિષદ્ ભણે છે ને આ લે તે કેવું કહેવાય? જો તું દારૂ-સિગારેટ ચાલુ રાખીશ તો ભગવાનને માર્ગે આગળ નહીં વધી શકે. વ્યસન બંધન છે. એનો જરાક વિચાર આવી જાય તો પણ આગળ ન વધાય. આ વિક્ષેપ તને બધે નડશે. મૂકી દે.'

તે કહે, 'હું તમારી દયાનું એક ટીપું જ યાચવા આવ્યો હતો ને તમે તો મને આખો સાગરમાં ડુબાડવાનું કરો છો.'

આ સાંભળી સ્વામીશ્રી હસી પડ્યા.

તે કહે, 'હું સ્મોકિંગ ને દારૂ મૂકી દઉં તો ભય, ટેન્શન, દુઃખ, ચિંતા આ બધામાં હું જકડાઈ જઈશ.'

સ્વામીશ્રી કહે, 'અત્યારે જ જકડાયેલો છે. ડરપોક છે. છોડવાના વિચારથી જ ચિંતા થાય છે! તું મનમાં એમ જ ધાર કે તેને મૂકી દેવાથી કંઈ જ થવાનું નથી.'

જીવનમાં સ્વામીશ્રી જેવા મહાપુરુષ તેને પહેલી જ વાર મળ્યા હતા કે જેઓ અડધો કલાક સુધી તેને પ્રીતથી જકડી રહ્યા હતા! છેવટે તેણે પ્રામાણિક પ્રયત્ન કરવાનું વચન દીધું ને પંચાગ પ્રણામ કરી આશીર્વાદ માંગ્યા.

સ્વામીશ્રીની આંખોમાં અનુકંપા હતી. વહાલથી આશિષ દેતાં કહ્યું, 'તારાથી આ મુકાઈ જાય પછી અમને લેટર લખજે.'

સ્વામીશ્રીની કરુણાગંગામાં અજાણતા લપસી ગયેલા ને ભીંજાયેલાઓનો પાર નથી.

દર મહિને હજારો રૂપિયા દારૂ અને બીજાં વ્યસનોમાં વેડફી દેનાર સુરતના મહેન્દ્રભાઈનું જીવન સ્વામીશ્રીએ બદલી નાંખ્યું. વર્ષ બાદ સ્વામીશ્રી પાસે એમના પિતાએ પૂર્વવૃત્તાંત ઠાલવ્યુંઃ 'મારો છોકરો બદલાયો એ મને પોતાને નવાઈ લાગે છે. ૩૮ વર્ષમાં એ સવારે દસથી વહેલો ઊઠ્યો નથી ને અત્યારે કોણ જાણે શું થયું કે રોજ સાડાચાર વાગે ઊઠીને પૂજાપાઠથી પરવારીને એના બધા જ મિત્રોને લઈ મોટરમાં વહેલો મંદિરે પહોંચી જાય છે. ને ત્યાં પણ હાથમાં ઝાડું લઈ આખું મંદિર વાળી નાંખે છે. સાતેય વારની ટંકે ટંકે જુદી વાનગી ખાવાનો એવો તો એ રસિયો કે માગ્યું ન મળે તો અતિશય ગુસ્સે થઈ જાય. પણ હવે સાવ બદલાઈ ગયો! હોટલનુંય બંધ કરી દીધું! આનું પરિવર્તન એક ભગવાન જ કરી શકે. દારૂના બાર બંધ થાય ને સત્સંગની દિશા ઊઘડે એ નાનીસૂની વાત નથી...'

સ્વામીશ્રીની આસપાસ વર્તુળાતા પારદર્શક સાધુતા અને પવિત્રતાના વિદ્યુત તરંગોમાં એકવાર પ્રવેશેલા મનુષ્યની આંતરમલિનતા કાયમ ધોવાઈને ગાયબ થઈ જાય છે. શુદ્ધ થયેલા અનેક મનુષ્યો બીજા અનેકને આ તરંગોમાં શુદ્ધ થવા ખેંચી લાવે છે. અને એટલે જ વ્યસનમુક્તિના ઉદ્ભવ અને અંતને સમયરેખા અને સીમારેખામાં બાંધવી મુશ્કેલ છે.

સ્વામીશ્રીની પ્રેરણાથી હરિભક્તો પણ અન્યનાં વ્યસન મુકાવે છે. શુદ્ધજીવનના પાઠ સ્વામીશ્રીએ હરિભક્તોને એટલા ઘૂંટાવ્યા છે કે હરિભક્તોનાં વર્તન જ વાતો કરવા માંડે છે.

જર્સી સિટીમાં યુનિયન કાઉન્ટી હાર્ટ એસોસિયેશનના ચૅરમેન, ઈસ્ટર્ન યુનિયન કાઉન્ટી બૉર્ડના ડાઈરેક્ટર શ્રી. જેમ્સ સ્વામીશ્રીને મળ્યા. એમણે કહ્યુંઃ 'સ્વામીજી! તમારા ભક્ત રતિભાઈએ મારું વ્યસન છોડાવ્યું છે ને ઈશ્વર તરફ જવાની પ્રેરણા આપી છે. આપનાં દર્શનથી ધન્ય બન્યો છું.'

ઘણીવાર એવું પણ બને છે કે સ્વામીશ્રીમાં શ્રદ્ધા

ધરાવનાર ડૉક્ટરો કેફી દ્રવ્યોના બંધાણી દર્દીઓને સ્વામીશ્રી પાસે લાવી એનું જીવન સુધારતા હોય છે.

દક્ષિણ ગુજરાતમાં સિદુમ્બરમાં શિક્ષક સંમેલન હતું. અહીંની આદિવાસી પ્રજા તથા અન્ય શિક્ષકોએ પણ વ્યસન ત્યાગ કર્યો. જ્યારે આ શિબિરને સંબોધવા આચાર્ય ઊભા થયા ત્યારે તેમણે પોતાના ખિસ્સામાંથી છીંકણીની ડબ્બી કાઢી ઠાકોરજીને ચરણે ધરીને કહ્યું કે જો આજે આવી આદિવાસી પ્રજા પણ વ્યસન મૂકીને સન્માર્ગે વળે તો હું તો બ્રાહ્મણ છું. આ બધાને વ્યસનમુક્ત જોઈને હું પણ આજથી મારું વ્યસન છોડું છું.'

સ્વામીશ્રીની પ્રેરણાથી ભોજ ગામનો હરિજનવાસ વ્યસનમુક્ત થયો. પછી હોળીના તહેવારે તેઓની પ્રણાલિકા મુજબ અન્ય ગામમાં તેઓ હોળી રમવા જાય અને બીજા ગામના હોળી રમવા માટે ભોજ પણ આવે. ત્યાં દર વર્ષે રિવાજ મુજબ દારૂ પિવડાવાય અને સૌ પીએ. પણ વ્યસનમુક્ત થયેલા હરિજનોએ કહ્યું કે અમે પ્રમુખસ્વામીના શિષ્ય થયા છીએ એટલે દારૂ પાઈશું કે પીશું નહીં. એમનામાંથી પ્રેરણા લઈ અન્ય ગામના હરિજનોએ પણ દારૂ ન પીવાની ટેક રાખી.

૧૯૮૫માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી નિમિત્તે સ્વામીશ્રીની પ્રેરણાથી સતત ૫૯ દિવસ સુધી વ્યસનમુક્તિ યજ્ઞ ચાલેલો. હજારો લોકો નિર્વ્યસની થયા. તેમાં પૂર્વ આફ્રિકાના કેન્યાના મંત્રી શ્રી જૉસેફ મટુરિયાએ જીવનભર દારૂ નહીં પીવાની પ્રતિજ્ઞા હજારોની મેદની સમક્ષ લીધી. સ્વામીશ્રી કહે, 'મટુરિયા સાહેબ નિર્વ્યસની થયા. એક વ્યક્તિ અહીંથી વ્યસનમુક્તિનો સંદેશ લઈને ત્યાં જશે... આપણો સમૈયો સાર્થક થયો...'

શ્રી મટુરિયા આફ્રિકાથી સ્વામીશ્રી પર અવારનવાર પત્ર લખતા રહેતા. ફરી ડિસેમ્બર ૨૦૦૭માં તેઓએ બી.એ.પી.એસ.ના શતાબ્દી મહોત્સવે સ્વામીશ્રીનો કૃતજ્ઞભાવે આભાર માન્યો ને કહ્યું: '૧૯૮૫માં મેં જ્યારે સ્વામીજીનાં દર્શન કર્યાં ત્યારે પ્રમુખસ્વામી મહારાજના પ્રભાવને કારણે જ, તેમની દિવ્ય શક્તિથી જ મારા 'ખાસ મિત્ર - શરાબ'ને હું છોડી શક્યો. મારા એ મિત્રને છોડીને મેં નવા મિત્ર મેળવ્યા – પ્રમુખસ્વામી મહારાજ. આ નવા મિત્રને હૃદયમાં લઈને હું કેન્યા પાછો ગયો. મેં અહીં શરાબ છોડ્યો તે ક્ષણથી મને ક્યારેય શરાબ પીવાની ઇચ્છા પણ નથી થઈ. તમે વ્યસન છોડો પછી થોડા દિવસ તેની તલપ રહે છે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં દારૂ ન પીવાની પ્રતિજ્ઞા લીધી ત્યાર પછી, જાણે હું દારૂ વગર જ જીવ્યો હતો તેવી રીતે ભગવાને મારામાંથી દારૂની ઇચ્છા ટાળી દીધી.

૨૨ વર્ષ પહેલાં મેં જે વચન આપ્યું હતું, તેનું આજે પણ પાલન કરું છું. એટલું જ નહીં, કેન્યામાં મારા ઘણા મિત્રોને વ્યસનમુક્ત કરવામાં મેં મદદ કરી છે.

આજે મારે સ્વામીજીનો આભાર માનવો છે કે તેમણે મને શરાબના વ્યસનમાંથી મુક્તિ અપાવી. મારા કરતાં મારાં ધર્મપત્ની આપનો વધુ આભાર માને છે.'

સ્વામીશ્રીની વ્યસનમુક્તિની સિદ્ધિની પાછળ કયું રહસ્ય હશે?

અમેરિકાના નોરા હૉલના મેયર શ્રી લેમ્બર્ટીએ સ્વામીશ્રીને 'કી ટુ અવર હાર્ટ' અર્પણ કરી. પછી કહ્યું, 'આ હૃદયની ચાવી અમે એવી જ વિભૂતિને અર્પણ કરીએ છીએ કે જે બધાનાં હૃદય પર રાજ કરવા સમર્થ હોય. અતિ પ્રિય ઉચ્ચ વિભૂતિના સન્માનની આ ચાવી છે.' એમ કહી તેમણે કહ્યું, 'આજનો દિવસ હું 'પ્રમુખસ્વામી ડે' તરીકે જાહેર કરું છું.'

પછી તેઓ સ્વામીશ્રી સાથે વાર્તાલાપમાં કહે, 'અમે આપની પાસે એક ખાસ આશીર્વાદ માંગીએ છીએ કે અમે ડ્રગ્સ નાબૂદી ઝુંબેશમાં વારંવાર પરાજિત થઈએ છીએ. સફળતા મળતી નથી. અમને કંઈક રસ્તો બતાવો.' સ્વામીશ્રી કહે, 'અમે ભગવાનને પ્રાર્થના કરીશું. તેઓ બધું સારું કરશે. કારણ કે સુપ્રીમ સત્તા ભગવાનની છે. આપણે પ્રયત્ન કરવા છતાં કંઈ ફળ જોવામાં ન આવતું હોય તો ભગવાન પર છોડી દેવું, પ્રાર્થના કરવી.'

શ્રી લેમ્બર્ટી તો આ ઉત્તરથી દંગ જ થઈ ગયા. તેમણે ડ્રગ્સના રાક્ષસને નાથવા ત્રણ માધ્યમો અપનાવેલાઃ (૧) પ્રચાર (૨) માનસશાસ્ત્રીઓ દ્વારા ટ્રીટમેન્ટ (૩) કાયદો ને દંડ. તેઓ કહે, 'આપે ચોથો ઉપાય ભગવાનની પ્રાર્થનાનો કહ્યો છે, એમાં અમને શ્રદ્ધા છે અમે જરૂર સફળ થઈશું...'

સ્વામીશ્રી કહે, 'ભગવાનની પ્રાર્થનાથી બધાં જ કાર્યો સિદ્ધ થાય છે. સારાં કામ માટે ભગવાનને પ્રાર્થના કરવી.'

૪૦ લાખ કરતાં વધુ લોકોને વ્યક્તિગત મળી મળીને વ્યસનમુક્ત કરનાર પ્રમુખસ્વામી મહારાજની અમોઘ શક્તિ હતી – પરમાત્મામાં શ્રદ્ધા. એટલે તેમણે ભક્તિનો માર્ગ ચીંધીને લોકોને વ્યસનથી મુક્ત કરીને શાશ્વત શાંતિનો માર્ગ ચીંધ્યો છે. આજે એ લાખો લોકો અને તેમના પરિવારો સ્વામીશ્રીને ગદ્ગદ થઈને આભારની લાગણી સાથે યાદ કરે છે. સ્વામીશ્રીની આ અવિસ્મરણીય જીવનપરિવર્તનની અનેકગાથાઓ પૈકી માત્ર થોડુંક અહીં આચમન કર્યું છે, પરંતુ એ સાગરની અગાધ ઊંડાઈ ક્યારેય કોઈ માપી શકશે નહીં. તેમને માત્ર વંદન જ કરવા રહ્યાં. ◆









**બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે**
**બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ દ્વારા યોજાયું**

# વ્યસનમુક્તિ અને પ્રકૃતિ સંવર્ધનનું

# વિરાટ અભિયાન

## ૩૦,૦૦૦થી વધુ તાલીમબદ્ધ
## બાળ-બાલિકાઓએ સર્જ્યો ચમત્કાર

*પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે આધ્યાત્મિકતાનું પ્રથમ પગથિયું સદાચારનું બતાવ્યું છે. સનાતન હિન્દુ ધર્મના શ્રુતિ-સ્મૃતિ શાસ્ત્રોના સાર રૂપે તેઓએ સદાચારની નિયમાવલિ આપીને સદાચારયુક્ત જીવનમાં વ્યસનમુક્તિને પ્રથમ સ્થાન આપ્યું છે. વ્યસનમુક્તિનું એક વિરાટ આંદોલન આદરીને આજથી ૨૦૦ વર્ષ પહેલાં તેમણે સમાજમાં એક ક્રાંતિ કરી હતી અને સનાતન હિન્દુ ધર્મના પાયા વધુ મજબૂત બનાવ્યા હતા. એ વ્યસનમુક્તિના સ્વામિનારાયણીય આંદોલનનું સૌથી પ્રચંડ કાર્ય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કર્યું હતું. તેઓના જીવનકાળ દરમિયાન એક ગણતરી પ્રમાણે તેઓએ ૪૦ લાખથી વધુ લોકોને વ્યસનમુક્ત કર્યા હતા.*

*એટલે જ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે તેઓને અંજલિ અર્પવા માટે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની બાળપ્રવૃત્તિ દ્વારા વિરાટ પાયે 'વ્યસનમુક્તિ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે સ્વામીશ્રીની પર્યાવરણ સેવાઓને કેન્દ્રમાં રાખીને ભારતની આઝાદીના અમૃત મહોત્સવ ઉપક્રમે પ્રકૃતિ સંવર્ધન અભિયાન પણ બી.એ.પી.એસ. બાલિકાપ્રવૃત્તિ દ્વારા યોજવામાં આવ્યું હતું. આ બંને કાર્યક્રમોમાં ૩૦,૦૦૦થી વધુ તાલીમબદ્ધ બાળ-બાલિકાઓ જોડાયાં હતાં. આ વિરાટ આંદોલનની એક આછી ઝલક અહીં પ્રસ્તુત છે.*

## વ્યસનમુક્તિ અભિયાનનું આયોજન

પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની આજ્ઞા અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શનથી બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલયના સંતો - વિશ્વસ્વરૂપદાસ સ્વામી, ભગવત્સેતુદાસ સ્વામી, નિર્મલવદનદાસ સ્વામી, પ્રાજ્ઞપુરુષદાસ સ્વામી તેમજ રિજનલ સંતો અને બાળકાર્યકરો દ્વારા આ વ્યસનમુક્તિ અભિયાન ઘડવામાં આવ્યું હતું. ફેબ્રુઆરી ૨૦૨૨થી સમગ્ર ગુજરાત તથા મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ વગેરે રાજ્યોમાં આ વ્યસનમુક્તિ અભિયાનની તૈયારી શરૂ કરી દેવાઈ હતી. દેશભરના કુલ ૪,૩૦૦ જેટલાં બાળમંડળોનાં ૧૬,૦૦૦ બાળકોને પસંદ કરવામાં આવ્યાં હતાં. ૫ થી ૮ ધોરણમાં અભ્યાસ કરતા આ તમામ બાળકોને ૪,૨૦૦ વૃંદમાં વહેંચવામાં આવ્યાં હતાં.

પ્રત્યેક વૃંદમાં એક કાર્યકર વૃંદ-લીડર તરીકે અને અન્ય ૩ બાળકો સંપર્ક કરવા માટે જોડાતાં. પ્રત્યેક વૃંદ માટે એક 'વ્યસનમુક્તિ કિટ' તૈયાર કરવામાં આવી હતી. સાથે સાથે જરૂરી સામગ્રી અને સાહિત્ય પ્રત્યેક વૃંદદીઠ આપવામાં આવ્યાં હતાં.

અભિયાનમાં જોડાનાર બાળકોનો ડ્રેસકોડ પણ તૈયાર કરવામાં આવેલો. સફેદ ઝભ્ભા-લેંઘા પર મરુણ રંગની કોટી, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના પ્રતીક સાથે તૈયાર કરેલ ટોપી અને ભાલમાં શોભતા તિલક-ચાંદલા સાથે બાળકો આ અભિયાનમાં જોડાવાનાં હતાં. આ અભિયાનમાં પસંદગી પામેલા તમામ બાળકોને તા. ૧-૫-૨૦૨૨થી સંપર્ક અભિયાનની તાલીમ આપવામાં આવી. તાલીમના એક ભાગ રૂપે વિકટ પરિસ્થિતિમાં સ્થિરતા અને ધીરજ કઈ રીતે રાખવી તેની વ્યવહારુ સૂઝ બાળકોમાં કેળવવામાં આવી. ૭ મે સુધીમાં ગુજરાત અને અન્ય તમામ રાજ્યોનાં બાળકોએ વ્યસનમુક્તિ અભિયાનની માહિતી અને તાલીમ પ્રાપ્ત કરી લીધી હતી.

## વ્યસનમુક્તિ અભિયાનનો પ્રારંભ

ઉનાળુ વૅકેશન એટલે બાળકો માટે મોજ-મસ્તી કરવાનો સમય! પરંતુ આ વર્ષે બી.એ.પી.એસ. બાળમંડળનાં બાળકો પ્રમુખસ્વામી મહારાજના પગલે ચાલી સમાજમાં વ્યસનમુક્તિનો સંદેશ આપવા માટે કટિબદ્ધ થયાં હતાં. તા. ૮-૫-૨૦૨૨ના રોજ ગુરુહરિ મહંતસ્વામી મહારાજે સુરત ખાતે આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. એ વખતે સ્વામીશ્રીએ બાળકોને બળભર્યા આશીર્વાદ આપતાં કહેલું, 'March forward... आगे कदम बढ़ाओ...' ગુરુહરિની આ આજ્ઞાને શિરોધાર્ય કરી બાળયોદ્ધાઓએ સમાજમાં વ્યાપેલા વ્યસનો સામે જંગ આરંભ્યો. તા. ૮ થી ૨૨ મે, ૨૦૨૨ દરમિયાન યોજાયેલા આ અભિયાનમાં બાળકોએ ૧૬ લાખ લોકોનો સંપર્ક કર્યો. તેના પરિણામે દેશભરની ૪,૦૦,૦૦૦ વ્યક્તિઓએ આજીવન વ્યસનમુક્ત રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી.

બાળકોનાં વૃંદ અગાઉથી નક્કી કર્યા મુજબ ઘર, દુકાન અને પ્રાઈવેટ ઑફિસોમાં પહોંચ્યાં હતાં. અહીં તેમણે વ્યક્તિગત રીતે વ્યસનીઓનો સંપર્ક કર્યો હતો. કારખાનાં, મોટી ફૅક્ટરીઓ, ઑફિસોમાં એક સાથે વધુ વૃંદનાં બાળકોએ સૌ કર્મચારી-કામદારોને ભેગા કરી સમૂહમાં સંપર્ક કર્યો હતો. શહેર કે ગામમાં આવેલા જાહેર બગીચા, રેલવે




બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિનાં ૩૦,૦૦૦થી વધુ આ શૂરવીર બાળ-બાલિકાઓએ લાખો લોકોને જીવનપરિવર્તનની દિશા ચીંધી. વ્યસનમુક્તિથી લઈને માંસાહારમુક્તિ અને પ્રકૃતિ સંવર્ધન સુધી નાનાં નાનાં ભૂલકાંઓએ આપેલી પ્રેરણાઓએ મોટાઓને પણ નતમસ્તક બનાવી દીધા...

સ્ટેશન, બસ સ્ટેશન, જોવાલાયક સ્થળો વગેરે જેવાં જાહેર સ્થળોએ એકસાથે વધુ વૃંદોએ મોટા સમૂહમાં લોકોનો સંપર્ક કર્યો હતો.

ઘરે, ઑફિસે કે સંપર્ક સ્થળે પહોંચી બાળકો સૌથી પહેલાં પરિચયાત્મક વાતો કરીને પ્રશ્ન કરતાઃ 'શું આપને કોઈ વ્યસન છે?' જો તે વ્યક્તિ તમાકુ, સિગારેટ, ગુટકા, દારૂ, ડ્રગ્સ કે માંસ, ઈંડાં જેવાં દૂષણોથી ગ્રસ્ત હોય તો બાળકો તેમને તેનાથી દૂર રહેવા માટે સમજણ આપતા. 'જીવન છીનવાય છે - સાવધાન!' નામની પુસ્તિકાના આધારે વાસ્તવિક અને વૈજ્ઞાનિક માહિતી આપી દરેક વ્યક્તિને વ્યસનમુક્તિ માટે પ્રેરણા આપતા અને વ્યસન છોડવાનો સંકલ્પ કરાવતા. નાના બાળકોની નિર્દોષતા અને પ્રેમભર્યા શબ્દોની ધારી અસર થતી. ત્યારબાદ વ્યસનમુક્તિ માટે બળ મળે, ભવિષ્યમાં ક્યારેય વ્યસન ન કરે તે માટે બાળકો આંખો બંધ કરી, હાથ જોડી ભગવાનને પ્રાર્થના કરતા. વ્યસનમુક્ત થયેલી વ્યક્તિ અને જેઓ વ્યસન ન કરતા હોય તેઓ અન્ય સૌને વ્યસન મુકાવે તે માટે બાળકોએ સૌને પ્રેરણા આપી હતી.

પોતાની અમૂલ્ય જિંદગીને વ્યર્થ વેડફી નાંખનાર લાખો વ્યસનીઓનો સંપર્ક કરી આ નાનકડાં બાળકોએ સાચી સમજણ આપી, વ્યસનોથી થતા વિનાશની વાત કરી અને તેમનાં વ્યસન મુકાવ્યાં. આ માટે બાળકો મોટાં-મોટાં શોપિંગ સેન્ટર્સ ઘૂમી વળ્યાં. જી.આઈ.ડી.સી., એ.પી.એમ.સી. વગેરેની સાથે ઈન્સ્યોરન્સ કંપની, કૉલેજ કેમ્પસ અને કૉમ્પિટિટિવ એક્ઝામના ક્લાસીસ, ડાયમંડ ફેક્ટરીઓ, હીરા બજાર વગેરે પ્રાઈવેટ કંપનીઓમાં પણ વ્યસનમુક્તિ સંપર્ક અભિયાન પુરજોશમાં ચાલ્યું. જેલ, પોલીસ સ્ટેશન, સરકારી ઑફિસો, મ્યુનિસિપલ કચેરીઓ, બેંક વગેરે દરેક સરકારી ઑફિસમાં પણ બાળકો ઉત્સાહથી પહોચી ગયાં. મિલમજૂરથી માંડી મંત્રીઓ સુધી, કર્મચારીઓથી માંડી કારભારીઓ સુધી આ બાળકોના ટહુકા સૌના કાનમાં ગુંજ્યા.

જાહેર સંપર્ક વખતે આ બાળકો સૌ પાસે દોડી-દોડીને




રેલવે સ્ટેશનથી લઈને બસ સ્ટેશન સુધી સાવ અજાણ્યા ચહેરાઓ સમક્ષ પહોંચીને આ નાનાં નાનાં બાળકોએ એ અજાણ્યા લોકોની જીવન-યાત્રાને સાચા મુકામે લઈ જવાની પ્રેરણા આપી ત્યારે કેટલાય લોકો ગળગળા થઈ ગયા. ઘડી - બે ઘડી માટે જીવનમાં એવું સ્ટેશન આવી ગયું, જેણે પરિવર્તન કરી નાંખ્યું...

પહોંચી જતાં. અનેકને મોતના મુખમાંથી છોડાવવા માટે આ બાળકો વ્યસનથી થતી ભયંકર શારીરિક અને આર્થિક મુશ્કેલીઓથી વાકેફ કરતા. 'મુર્દા બોલતા હૈ' નામક એક હૃદયસ્પર્શી શેરીનાટક પણ આ જ સંપર્કનો ભાગ હતું. તેના પરિણામે અનેક લોકો વ્યસનને તિલાંજલિ આપવા કટિબદ્ધ થયા હતા.

પ્રમુખસ્વામી મહારાજના પગલે ચાલી આ બાળકોએ વર્ષો જૂના અઠંગ વ્યસનીઓને વ્યસનની બદીઓમાંથી મુક્ત કર્યા હતા. વ્યસનીઓનાં પરિવારજનો આ બાળકોને હોંશે હોંશે ઘરે આવકારતા, બેસાડતા, સાંભળતા. આવાં ઘરોમાં કેવો અનુભવ થતો તેની વાત કરતાં સુરતનો એક બાળક કહે છે, 'વ્યસન કરનાર વ્યક્તિ જ્યારે વ્યસન નહીં કરવાની પ્રતિજ્ઞા લે, ત્યારે તેમના કુટુંબીઓના ચહેરા પર જે ખુશી જોવા મળતી, એ જોઈને અમને હજુ વધારે સંપર્ક કરવાનું બળ મળી જતું.'

અન્યના સુખ માટે વૅકેશનની મોજમજાનો ત્યાગ કરીને ઉનાળાના બળબળતા તાપમાં પણ ઘરોઘર ઘૂમતા આ સૌ દેવદૂતોને જોઈ સૌ કોઈના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડતા કે, 'આ બાળકોના રૂપે સાક્ષાત્‌ ભગવાન અમારા ઘરે પધાર્યા.'

## વ્યસનમુક્તિ પ્રદર્શન

વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત ઠેરઠેર વ્યસનમુક્તિ પ્રદર્શન યોજાયા હતા. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા તૈયાર થયેલા આ પોસ્ટર પ્રદર્શનમાં દારૂ, તમાકુ અને ધૂમ્રપાનથી થતા કેન્સર તેમજ મગજ, રક્તવાહિની, હૃદય, ફેફસાં, યકૃત, જઠર, આંતરડાં, ચેતાતંત્રના રોગોની હૃદયદ્રાવક પ્રસ્તુતિ કરવામાં આવી હતી. દારૂ-તમાકુ-ગુટકાના વ્યસનથી મૃત્યુ પામેલા વ્યક્તિના વેરવિખેર પરિવારનાં દૃશ્યો, વ્યસનોથી ઉદ્‌ભવેલાં વેદના, વિરહ અને વ્યથા તેમજ કંકાસ, કજિયો અને આર્થિક ભીંસ તેમજ સામાજિક સમસ્યાઓની વિગતો વગેરે બધું જ હૃદયસ્પર્શી હતું. ધૂમ્રપાનથી થતાં મૃત્યુની સંખ્યા દુનિયામાં થતા હત્યાના બનાવો કરતાં ૫૪ ગણી વધુ છે; આપઘાત કરતાં ૩૦ ગણી




## વિશ્વ તમાકુ નિષેધ દિને

### બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ દ્વારા યોજાઈ

# વિરાટ વ્યસનમુક્તિ યાત્રા

દર વર્ષે લાખો લોકોને ભરખી જતાં વ્યસનો માટે સૌને જાગૃતિની આલબેલ પોકારતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત કહેતા, 'વ્યસનથી વિનાશ છે.' જીવનભર વ્યસનમુક્તિની આહલેક લગાવનાર પ્રમુખસ્વામી મહારાજના આ સંદેશને જનજન સુધી પહોંચાડવા માટે અને વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે, 'વિશ્વ તમાકુ નિષેધ દિન' એટલે કે તા. ૩૧ મે, ૨૦૨૨ના રોજ બી.એ.પી.એસ. સંસ્થાની બાળપ્રવૃત્તિ દ્વારા ઠેરઠેર 'વિરાટ વ્યસનમુક્તિ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું.

સમાજમાં પ્રસરેલાં વ્યસનો અંગે સૌને જાગ્રત અને સચેત કરવા માટે યોજાયેલી આ વ્યસનમુક્તિ યાત્રા ગુજરાતનાં નાના-મોટાં ગામડાંઓ-શહેરોથી માંડીને મુંબઈ, દિલ્હી, પૂના, હૈદરાબાદ, કોલકાતા, ઉદયપુર વગેરે નગરોમાં યોજાઈ હતી. નાની-મોટી આવી કુલ ૧૦૦થી વધુ વ્યસનમુક્તિ યાત્રાઓ યોજાઈ હતી. આ યાત્રામાં વ્યસનોની વિનાશક અસરો દર્શાવતું પ્રેરણાત્મક પ્રદર્શન, વ્યસનમુક્તિની પ્રેરણા આપતા રચનાત્મક ફ્લોટ્સ, બાળકો-બાલિકાઓ દ્વારા થતા સૂત્રોચ્ચાર વગેરે આ યાત્રાનાં મુખ્ય આકર્ષણ હતાં. વ્યસનથી થતા વિનાશની માહિતી આપનારા આકર્ષક ડાયોરામા, પ્રદર્શન અને સુવાક્યો સૌને પ્રેરણા આપતાં હતાં. આ જ રીતે બાલિકાઓ અને મહિલામંડળ પણ સૌમ્ય વેશમાં ધજા ફરકાવતાં યાત્રાને વધુ શોભાવતાં હતાં. વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો અને સંતોએ પણ વ્યસનમુક્તિ યાત્રામાં ઉપસ્થિત રહી, યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું અને અંતરના ઉમળકાથી બિરદાવી હતી. મુંબઈમાં જુદાં-જુદાં પાંચ સ્થળોએ યોજાયેલી વ્યસનમુક્તિ યાત્રાને નિહાળી સૌ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આ યાત્રાના પરિણામે અનેક લોકોએ વ્યસનમુક્તિની પ્રતિજ્ઞા લીધી હતી.

અમદાવાદમાં શાહીબાગના બી.એ.પી.એસ. મંદિરેથી વ્યસનમુક્તિ યાત્રાનો પ્રારંભ કરાવતાં રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું : 'બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વર્ષોથી વ્યસનમુક્તિ, વૃક્ષારોપણ વગેરે જેવા કાર્યક્રમો થતા રહ્યા છે, જેના પરિણામે ગુજરાતના યુવાનોને એક સાચી અને સારી દિશા પ્રાપ્ત થાય છે. આજે પણ પ્રમુખસ્વામી મહારાજના કાર્યને મહંતસ્વામીજી જે રીતે આગળ વધારી રહ્યા છે તે માટે હું સૌ વતી સંસ્થાનો આભાર માનું છું.'

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે યોજાયેલી વ્યસનમુક્તિ યાત્રામાં દેશના કુલ ૫૦,૦૦૦ જેટલા બાળ-બાલિકાઓ અને કાર્યકરોએ વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો.






વધુ છે; ડાયાબિટીસથી થતાં મૃત્યુ કરતાં ૧૨ ગણી વધારે છે; રોજ ૨,૦૦૦ લોકો ધૂમ્રપાનથી મરે છે વગેરે દર્શાવતાં ચિત્રાંકનો વ્યસનીને વિચાર કરતા કરી મૂકતાં હતાં.

દારૂના સેવનથી થતી દુર્દશા દર્શાવતાં પોસ્ટર્સ પણ ઘણું કહી જતાં હતાં. આ પોસ્ટર્સ જોઈને દારૂનો સ્પર્શ કદી ન કરવા લોકો પ્રેરાતા હતા. ડ્રગ્સ એટલે તો મોતને નિમંત્રણ! તેની પ્રસ્તુતિ પણ અદ્‌ભુત હતી. એ જ રીતે ઈંડાં અને માંસ એ મનુષ્યનો ખોરાક નથી એ દર્શાવતાં પોસ્ટર્સ પણ પ્રેરક હતાં.

આ પ્રદર્શનના ૩૫૦ સેટ લોખંડના સ્ટેન્ડ સાથે બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય તરફથી ઠેરઠેર પહોંચાડવામાં આવ્યાં હતાં. આ પ્રદર્શન જાહેર સ્થળોએ તેમજ ખાનગી સંકુલોમાં પણ યોજાતાં, જેનો લાભ લાખો લોકોએ લઈ વ્યસનમુક્તિ અંગે જાગૃતિ કેળવી હતી.

## વ્યસનમુક્તિ અભિયાનની ફળશ્રુતિ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું ઋણ ચૂકવવા અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજને રાજી કરવા માટે બી.એ.પી.એસ. સંસ્થાના ૧૬,૦૦૦ બાળકોનાં ૪,૨૦૦ વૃંદ ઠેર ઠેર ઘૂમી વળ્યા હતાં. સ્વાસ્થ્ય, સંપત્તિ અને સંસ્કારની ધૂળધાણી કરનાર ગુટકા, તમાકુ, સિગારેટ, દારૂ, માંસાહાર વગેરે વ્યસનોની ચુંગાલમાંથી લોકો છૂટે તે માટે બાળયોદ્ધાઓએ તન-મનનો ભીડો વેઠ્યો, સમય-કસમયની પરવા ત્યજી, માન-અપમાનમાં સ્થિરતા જાળવી અને આશા-અપેક્ષાઓને કોરાણે મૂકી દીધી. આ બાળકોએ ૧૪ લાખ જેટલા લોકોનો વ્યક્તિગત સંપર્ક કર્યો. આ સૌને મળીને પોતે વ્યસનમુક્ત થાય અને અન્યને પણ વ્યસનમુક્ત કરે તેવી પ્રેરણા આપી. પંદર દિવસના ભગીરથ કાર્યમાં જોડાયેલાં બાળકોના વિનમ્ર પ્રયાસથી ૪,૦૦,૦૦૦ વ્યક્તિઓએ આજીવન વ્યસનમુક્ત રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. વ્યસનમુક્ત થનાર આ તમામ વ્યક્તિઓએ અને સંપર્કમાં આવનાર જેમને વ્યસન નહોતું તે તમામ લોકોએ અન્યને વ્યસનમુક્ત કરવાનો સંકલ્પ કર્યો હતો.

આ અભિયાનના પરિણામે સમાજને તો લાભ થશે જ, પરંતુ એ સાથે અભિયાનમાં જોડાયેલા બાળકોને આજીવન વ્યસનમુક્ત રહેવાની દૃઢતા જીવમાં થઈ હતી. આત્મવિશ્વાસ, કૉમ્યુનિકેશન, લીડરશિપ, ટીમવર્ક વગેરેની તાલીમ મળતાં અનેક સુષુપ્ત શક્તિઓ આ બાળકોમાં અભિયાનના પરિણામે નીખરી ઊઠી હતી. દેશ અને સમાજના હિત માટે કંઈક કરી છૂટવાના, સમાજની નિ:સ્વાર્થ સેવાના, ગુરુને રાજી કરવાના ઉચ્ચતમ આદર્શોનાં બીજ આ બાળકોના અંતરમાં રોપાયાં હતાં.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે ચાલીને, તેમનું વ્યસનમુક્તિનું આંદોલન આગળ ધપાવીને આ બાળકોએ તેમને સાચા અર્થમાં અંજલિ અર્પી છે. આ બાળકોએ આઝાદીના અમૃત વર્ષે ભારત દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે કરેલું સમાજ ઉત્કર્ષનું કાર્ય ઇતિહાસમાં અમર થઈ જશે.

## અમે બાળતારલા ટમટમતા ટમટમતા

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મશતાબ્દી વર્ષે અને પ્રગટ ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ લઈને સમય-સંજોગો જોયા વિના લોકોને વ્યસનમુક્ત કરવા નીકળેલા બી.એ.પી.એસ.ના બાળ-તારલાઓનો ઉત્સાહ આસમાનને આંબે તેવો હતો.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં, ઉનાળુ વૅકેશનને ઠોકર મારીને ગુરુવર્યોને રાજી કરવા માટે યાહોમ થનાર ૧૬,૦૦૦ બાળકો ભગવાનના દૂત બનીને આ અભિયાનમાં જોડાયાં હતાં. ક્યાંક આવકાર મળ્યો તો ક્યાંક અપમાનો, પરંતુ જાગૃતિની જ્યોત લઈને નીકળેલાં આ બાળકોના ઉત્સાહમાં કોઈ ફર્ક ન પડ્યો. અલગ અલગ વિચારસરણી ધરાવતા લાખો લોકોનો સંપર્ક કરીને તેમને વ્યસનમુક્ત થવા આજીજી કરતા રહ્યા. આવો, અહીં એવા કેટલાક પ્રસંગો માણીને એ શૂરવીર બાળતારલાઓને બિરદાવીએ.

- કેટલાય બાળકોએ આ અભિયાનમાં જોડાવા માટે પારિવારિક યાત્રાઓ રદ કરી, કોઈકે નજીકના સગાંઓના લગ્નોમાં જવાનું ટાળ્યું, કોઈકે આનંદપ્રમોદનાં આયોજનોમાં જોડાવાનું છોડ્યું. કોઈકે આ અભિયાનના દિવસોમાં તપ-વ્રત કરીને અભિયાનને સાધનામય બનાવ્યું. અમદાવાદમાં રાણીપ વિસ્તારના મેઘાંશ સુહાગભાઈ ચૌહાણે ૪૭°c તાપમાં પણ સજળા એકાદશી કરી હતી. જોકે દરેક બાળકને એકાદશીના દિવસે ફરાળ લેવાની છૂટ જ હતી, પરંતુ આ બાળકે આટલા તાપમાં પણ ઉપવાસ કર્યો અને આશરે ૫૦ જેટલી વ્યક્તિઓનો સંપર્ક કર્યો. કોઈકે માંદગીની પરવાહ કર્યા વિના આ અભિયાનમાં સેવા કરી. સુરતના હરિકૃષ્ણ મિયાણીને અભિયાનના સંપર્ક દરમ્યાન સખત ગરમીના કારણે ઝાડા-ઊલટી થઈ ગયાં. કાર્યકરે તેને આરામ કરવા ભલામણ કરી. આથી આરામ કરીને આ બાળકે એકલપંડે ૧૦૦થી વધારે લોકોને વ્યસનમુક્તિનો સંદેશ આપ્યો. અકલૂજ(પૂના ગ્રામ્ય)માં કાર્તિક મોહન ભોલે નામનો બાળક સંપર્ક માટે નીકળેલો. સંપર્ક દરમિયાન તેને કૂતરાએ બચકું ભર્યું. આમ છતાં સારવાર લઈને તે બાળક પુનઃ ઉત્સાહથી



ફૂટપાથ પર બેસેલા ફેરિયાઓ કે રિક્ષાચાલકોથી લઈને પોલીસકર્મીઓ સુધી બાળકો ઘૂમી વળ્યાં. ક્યાંક અપમાનો થયાં, ક્યાંક સન્માનો થયાં, પરંતુ બાળકોને એક જ ધગશ હતી – પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે લોકોને વ્યસનમુક્તિની દિશા ચીંધવી. તેમની એ ધગશથી ભલભલા કાળમીંઢ પથ્થર સમાન લોકો પીગળી ગયા...

સંપર્કમાં જોડાઈ ગયો.

■ અમદાવાદના મોતીબાગમાં રહેતો અથર્વ વ્યસનમુક્તિ અભિયાનના ૭ દિવસ બાદ સાઈકલ ચલાવતાં પડી ગયો. તેને પગમાં ફ્રેક્ચર થતાં કાર્યકરે તેને આરામ કરવાનું કહ્યું. પરંતુ અથર્વે ફ્રેક્ચરના પાટા સાથે એ જ દિવસે ૫૦થી વધુ લોકોને વ્યસનમુક્ત કર્યા.

### માન-અપમાનમાં સ્થિરતા

■ સરસપુર પરિસરમાં બાળકો વૃંદ સંચાલક સાથે સંપર્ક કરી રહ્યા હતા ત્યાં અમુક લોકોને વ્યસનમુક્તિની વાત પચી નહીં. તેથી બાળકોને રોક્યા, એટલું જ નહીં, પણ માનવતાની હદ વટાવીને એ લોકોએ બાળકો પર નાના પથ્થરો ફેંક્યા. જોકે બાળકોને કોઈ પ્રકારની ઈજા થઈ નહીં. પરિસ્થિતિને પારખી તાત્કાલિક બાળકો ત્યાંથી નીકળી ગયા. થોડે દૂર જઈને ફરીથી સંપર્ક યથાવત શરૂ કરી દીધો. આવી વિપરીત પરિસ્થિતિમાં પણ તેઓ ડગ્યા નહીં.

■ અકલૂજ(પૂના ગ્રામ્ય)માં આવેલી નીરા નદીના કિનારે એક મંદિર પાસે બાળકો વ્યસનમુક્તિ સંપર્ક કરવા માટે ઊભેલા. એ વખતે કેટલાક વિઘ્નસંતોષીઓએ બાળકોને અપશબ્દો બોલીને મારવાનો ડર બતાવ્યો. બાળકો ત્યાંથી નીકળી ગયા અને અન્ય જગ્યાએ સેવામાં જોડાઈ ગયા.

■ સુરતમાં ઉતરાણ વિસ્તારમાં વ્રજ પાનસુરિયા અને તેમના વૃંદને એક ટેમ્પાચાલકે કહ્યું, 'પહેલાં તમે બધા મને આ સામાન ઉતારવામાં મદદ કરો, પછી તમારી વાત સાંભળું.' બાળકો તૈયાર થઈ ગયા અને આશરે ૯૦ થી ૧૦૦ કિલો જેટલો સામાન ઉતારી આપ્યો. ત્યારપછી બાળકોએ તે વ્યક્તિને વ્યસનમુક્તિની વાતો કરી, પરંતુ તે વ્યક્તિએ બાળકોને ગાળો આપી અને ભગાડ્યા. છતાં આ બાળકોએ તે વ્યક્તિનું વ્યસન છૂટે તેના માટે ધૂન કરી હતી.

■ સુરતના કાપોદ્રા વિસ્તારમાં બાળકો મજૂર વર્ગનો સંપર્ક કરવા ગયા ત્યારે કેટલાક મજૂરો બાળકોને હાથમાં ગુટખા અને માવા ખાવા માટે આપવા માંડ્યા અને બીડી ફૂંકીને બાળકોના મોં પર બીડીનો ધુમાડો ઉડાડવા લાગ્યા. છતાં પણ

બાળકોએ હાર ના માની અને સંપર્ક ચાલુ જ રાખ્યો.

■ મણિનગર સભામાં આવતા આઠ વર્ષીય તીર્થ હિંગુએ એક જગ્યાએ ૭ યુવાનો બેઠા હતા તેમની સાથે ચર્ચાઓ શરૂ કરી. તીર્થે તે સાતેય યુવાનોના આંટીઘૂંટીવાળા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા. એટલું જ નહીં, એમને વ્યસન ન કરવા અને તે માટે નિયમ લેવા મનાવી પણ લીધા. આ નાનકડા બાળકની કાલીઘેલી ભાષા સાંભળી તે યુવાનો પણ નતમસ્તક થઈ ગયા.

## વ્યક્તિઓના પ્રતિભાવો

■ અમદાવાદમાં બાળકોનું એક વૃંદ મોબાઇલ માર્કેટમાં સંપર્ક કરવા ગયું હતું. ત્યાં બાળકોએ મોબાઇલ દુકાનના માલિકને વ્યસનમુક્તિ તથા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અંગે વાત કરી. દુકાનના માલિક બાળકોની રજૂઆત અને કાર્યથી અભિભૂત થઈ ખૂબ રાજી થઈ ગયા. તેમણે બાળકોને જે મોબાઇલ ગમે તે ફ્રી લઈ જવા માટે આગ્રહ કર્યો. પરંતુ બાળકોએ તે સ્વીકારવાની સવિનય ના પાડી અને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો.

■ વિક્રોલી (મુંબઈ) રેલવે સ્ટેશન પર બાળકો વ્યસનમુક્તિ સંપર્ક કરતા હતા તે વખતે બાળકોના સંપર્કમાં એક મુસ્લિમ વ્યક્તિ ફૈઝ રાજા આવ્યા. તેઓ ફોન પર વાત કરતા હતા, પરંતુ બાળકોને જોઈ તેમણે ફોન કટ કરી દીધો અને બાળકોની વાત સાંભળવા લાગ્યા. તેમને સિગારેટનું વ્યસન હતું. બાળકોએ વ્યસન મૂકવા માટે વાત કરી અને આશીર્વાદ કાર્ડ આપ્યું. આ મુસ્લિમ બિરાદરે ખૂબ જ રાજી થઈને સિગારેટ નહીં પીવાનો નિયમ લીધો. એટલું જ નહીં, તેમણે મહંતસ્વામી મહારાજની છબી જોઈ પૂછ્યું, 'શું આ તમારા ગુરુ છે?' બાળકોએ હા પાડી. આ સાંભળી તેમણે ભાવના વ્યક્ત કરતાં કહ્યું, 'અલ્લા તાલા ઉન્હે લંબી ઉંમર દે.'

■ નાલાસોપારા (મુંબઈ) બાળમંડળનું એક વૃંદ વ્યસનમુક્તિ અભિયાન માટે ઇમિટેશન જ્વેલરી દુકાનમાં ગયું હતું. દુકાનના માલિક શોએબ ખાન હતા. તેઓએ પ્રેમથી બાળકોને આવકાર્યા. બાળકોએ તેમને વ્યસન મુકાવ્યું. તેમણે પોતે તો નિયમ લીધો, પરંતુ ત્યારબાદ આજુબાજુની દુકાનોમાંથી બીજા મુસ્લિમ ભાઈઓને આગ્રહ કરી બોલાવ્યા. અમુક મિત્રોને ફોન કરી બોલાવ્યા. ૨૪ જેટલા મુસ્લિમ ભાઈઓને વ્યસનમુક્તિ માટે બાળકો પાસેથી સમજણ અપાવી, નિયમ લેવડાવ્યો.

■ અમદાવાદમાં મણિનગર વિસ્તારના જગડિયા બ્રિજ પાસે બાળકો સંપર્ક કરતા હતા. ત્યાં બાળકોએ એક ટ્રાફિકની ફરજ નિભાવતા પોલીસ કર્મચારીનો સંપર્ક કર્યો. પોલીસકર્મી બાળકોની વાતોથી ખૂબ પ્રભાવિત થયા. તેમણે બાળકોને ત્યાં ઊભા રહેવા જણાવ્યું. ત્યારબાદ ફરજ દરમિયાન જે વાહનચાલકોને તેઓ ઊભા રાખતા હતા, તેઓને વ્યસનમુક્તિની વાત સાંભળવા બાળકો પાસે મોકલતા. આ રીતે તેઓએ ૪૫ મિનિટમાં કુલ ૨૮ વાહનચાલકોને વ્યસનમુક્તિનો સંદેશ બાળકો દ્વારા અપાવ્યો.

■ અમદાવાદના રાજબાગ વિસ્તારમાં એક ૭૬ વર્ષના વડીલ બાળકોના સંપર્કમાં આવ્યા. તેમને બાળકોએ વાત કરી કે 'અમે પ્રમુખસ્વામી મહારાજની સંસ્થાના બાળકો છીએ અને વ્યસનમુક્તિ માટે સંપર્ક કરીએ છીએ.' ત્યારે તે વ્યક્તિએ ભાવુક થતાં એક વાત કહી, 'આજથી ૩૦ વર્ષ પહેલા હું પ્રમુખસ્વામી મહારાજને મળેલો. એ વખતે હું વ્યસન કરતો હતો. પ્રમુખસ્વામી મહારાજે મને વ્યસન મૂકવા માટે સમજાવ્યો. તેમની વાત માનીને મેં ૪૦ વર્ષ જૂનું વ્યસન ત્યારે મૂક્યું હતું. તે દિવસ પછીથી આજ સુધી મેં ક્યારેય વ્યસન કર્યું જ નથી. મારું વ્યસનમુક્ત જીવન બનાવવા બદલ પ્રમુખસ્વામી મહારાજનો ખૂબ ખૂબ આભાર.'

■ વડોદરા જી.આઈ.ડી.સી.માં આવેલ કૃતમ ટેક્નોસોલ્યુશન કંપનીના માલિક સાગરભાઈ શ્રોફે કાર્યકરો દ્વારા સંપર્ક થવાથી તેમની કંપનીની બહારના ભાગમાં મોટી જગ્યામાં વ્યસનમુક્તિ અભિયાન માટે જગ્યા આપી હતી. અહીં બપોરે ૩ થી ૬ દરમિયાન વ્યસનમુક્તિ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. સાગરભાઈએ આજુબાજુની કંપનીમાં સંપર્ક કરી ત્યાંના સ્ટાફને પણ પ્રદર્શન જોવા બોલાવ્યા હતા. તેઓ એક બાળકથી અત્યંત પ્રભાવિત થઈ બોલ્યા, 'આ બાળક ખૂબ સારું સમજાવે છે. ભવિષ્યમાં આ બાળક મોટો થશે ત્યારે મારી કંપનીમાં જ તેને જોબ ઓફર કરીશ.'

■ નવા રાણીપ (અમદાવાદ)ના બાળક તુષાર ચૌહાણના ઘરમાં સ્વામિનારાયણીય સત્સંગ નથી. તેના પિતાને તમાકુનું વ્યસન હતું. તુષારને આ વ્યસનમુક્તિ અભિયાનની શરૂઆતથી જ એવી પ્રબળ ઇચ્છા હતી કે તેના પિતાનું વ્યસન છોડાવવું. આથી તુષાર પોતાના વૃંદના બાળકોને લઈ પોતાના જ ઘરે સંપર્ક માટે પહોંચ્યો. તુષારે પોતાના પિતાને તમાકુથી થતા નુકસાનની વાત વ્યસનમુક્તિ પુસ્તિકામાંથી સમજાવી. જળ આપીને આજીવન વ્યસનમુક્ત રહેવા માટેની પ્રતિજ્ઞા પણ લેવડાવી. પોતાના સંતાનની સમજાવટની અસર એવી થઈ કે તેમણે સંચાલકને વાત કરી, 'હું પોતાને અતિ ભાગ્યશાળી માનું છું કે મને તુષાર જેવો પુત્ર મળ્યો. તમે તેને મંદિરે લઈ જઈને સંસ્કારસિંચનનું કાર્ય કરો છો, તેનાથી તેનું



ધંધા-વેપાર કે સરકારી ઓફિસોમાં બાળકોએ આગવી પ્રતિભા જમાવી.
ઉચ્ચ સરકારી અધિકારીઓ હોય, હીરાઘસુઓ હોય કે કાપડ-કરિયાણાના વેપારીઓ હોય,
સૌને કાલીઘેલી ભાષામાં સમજાવતાં બાળકોની રજૂઆત હૃદયે સ્પર્શી ગઈ અને વ્યસનમુક્તિની પ્રતિજ્ઞાઓ લઈ લીધી...

ભવિષ્ય ઊજળું બનશે. મને ચાલીમાં (આજુબાજના પાડોશી) ઘણા લોકો તુષારને સ્વામિનારાયણની સભામાં ન મોકલવા માટે કહેતા હોય છે, પણ છતાં હું તેને ક્યારેય રોકતો નથી.' આટલું કહેતાં તો તેમની આંખમાં આંસુ આવી ગયા.

■ સુરતમાં બાળકો સુનીલભાઈ ઇટાલિયાની હીરાની ફેક્ટરીએ સંપર્ક માટે ગયા. બાળકોની વાતોથી સુનીલભાઈ એવા પ્રભાવિત થયા કે તેમણે ફેક્ટરીના તમામ સ્ટાફને આ વાત સંભળાવી અને જાહેરાત કરી, 'જે વ્યસન છોડશે તેને પગારમાં ૫૦૦ રૂપિયા વધારે આપવામાં આવશે.'

■ અમદાવાદના વાસણા બસ સ્ટેન્ડે જનસંપર્ક કરવા જતા બાળકોએ જ્યાં પાર્કિંગ કરતા એ કૉમ્પ્લેક્સના સિક્યુરિટી ગાર્ડને વ્યસનમુક્ત થવા પ્રેરણા આપી. તેઓ ગળગળા થઈ ગયા અને હાથમાં જળ લઈને નિયમ ગ્રહણ કર્યો. બીજા દિવસે એ સિક્યુરિટી ગાર્ડે બાળકોને જોયા એટલે સામેથી બોલાવી, ગઈકાલે આખો દિવસ વ્યસન નહોતું કર્યું તેવું જણાવ્યું. તેના પછીના દિવસે તેઓ બીજા લોકોને પણ વ્યસનમુક્તિની પુસ્તિકા દ્વારા વ્યસનમુક્ત થવા પ્રેરણા આપશે તેવું જણાવીને આભાર સાથે બાળકોને કહેવા લાગ્યા: 'મારા રોજના ૨૫ થી ૩૦ રૂપિયા બચે છે. આ પૈસાથી હું મારા પરિવાર માટે શાકભાજી લઈને જાઉં છું. તમારો ખૂબ ખૂબ આભાર!'

■ સાવરકુંડલા ક્ષેત્રના બાળકોને સંપર્ક દરમ્યાન ૪૦ વર્ષથી માંસાહાર કરતા એક વ્યક્તિ મળ્યા. બાળકોએ લાગણીપૂર્વક પ્રેમભર્યા શબ્દોથી તેમને માંસાહાર ન કરવા સમજાવ્યું. બાળકોની પ્રેમભરી સમજાવટથી આ ભાઈનું હૃદયપરિવર્તન થયું અને તેમણે તત્ક્ષણ આજીવન માંસ-મટનનો ત્યાગ કર્યો.

■ મણિનગરમાં ઘૂમતા બાળકોને ૬૭ વર્ષના મહેન્દ્રભાઈ મળ્યા, જેમને ૪૨ વર્ષથી તમાકુનું વ્યસન હતું. બાળકોએ વ્યસનમુક્તિની વાત સમજાવી. તેમણે કહ્યું, 'મેં ઘણીવાર પ્રયત્ન કર્યો છે પણ વ્યસન છૂટતું નથી. પણ આજે તમે નાના-નાના બાળકો વ્યસન મૂકવાની વાત કરો છો... તો લો મૂક્યું વ્યસન. હવે હું વ્યસન નહીં જ કરું.' આટલું કહેતા

તેઓ ખૂબ જ ભાવુક થઈ ગયા.

■ કમાટીબાગ, વડોદરામાં એક વ્યક્તિને બાળકોએ વ્યસનમુક્તિ અભિયાનની વાત કરી ત્યારે તેમણે પોતાનો પરિચય આપતાં કહ્યું, 'હું સરકારી નોકરી કરું છું. મારો પુત્ર MBAના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે. ખરાબ સંગતથી મને દારૂની લત લાગી ગઈ છે.' આથી બાળકોએ દારૂનાં ભયંકર પરિણામો સમજાવવાના ચાલુ કર્યાં. જેમ જેમ બાળકો બોલતાં ગયા તેમ તેમ તે વ્યક્તિની આંખોમાંથી આંસુની ધારા વધતી ગઈ. ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા અને બાળકોને માથે હાથ મૂકતાં બોલ્યા, 'ખરેખર! તમે ભગવાન બનીને આવેલા છો. આજથી દારૂને હાથ પણ નહીં લગાડું.' આમ કહી તે પ્રતિજ્ઞાબદ્ધ થયા.

■ વડોદરામાં મોચીકામ કરનાર સુભાષભાઈ સાંજે દુકાનનો સામાન આટોપી રહ્યા હતા ત્યારે બાળકોએ વ્યસનમુક્તિની વાત શરૂ કરી. સુભાષભાઈએ પહેલાં તો વાત સાંભળવાની જ ના પાડી દીધી. પરંતુ બાળકોની વિનંતીથી તેમણે વાત સાંભળવાની તૈયારી બતાવી. બાળકોએ વ્યસનથી થતી બરબાદીની વાત કરી. ધીમે ધીમે તેઓ ઢીલા પડતાં ગયા. તેમણે કહ્યું, 'કોઈકે આપેલા દગાથી હું દારૂની લતે ચડ્યો છું.' ત્યારે બાળકોએ સમજાવ્યું, 'કોઈકે દગો આપ્યો એમાં તમારા પરિવારને અને શરીરને કેમ સજા આપો છો?' બાળકોની આ વાત તેમને સ્પર્શી ગઈ. તેમણે ગળગળા થઈને વ્યસનમુક્તિની પ્રતિજ્ઞા લઈને સાથેના કાર્યકરને વાત કરી, 'આજે તો મારી દુકાન પર ભગવાન આવી ગયા!'

■ અર્જુનભાઈ અને તેમનાં ધર્મપત્ની વડોદરા એસ.ટી. બસ સ્ટેન્ડથી સુરત જઈ રહ્યા હતા. એ વખતે બાળકોએ તેમનો સંપર્ક કરી વ્યસન વિષે પૂછ્યું. તેઓએ કહ્યું, 'મારે રોજની પંદર પડીકીનું વ્યસન છે. મારે વ્યસન છોડવું છે. તે માટે મેં ઘણાં તીર્થોની માનતા પણ કરી છે, પરંતુ હજી છૂટતું નથી.' તેમનાં ધર્મપત્નીએ પણ કહ્યું, 'મારે પણ વ્યસન છે. જો હું ન લઉં તો મને રાત્રે ઊંઘ નથી આવતી અને શરીર તૂટે છે.' બાળકોએ તેમને એક પ્રયત્ન કરવા વીનવ્યા અને નિયમ આપી પ્રાર્થના કરી. એક અઠવાડિયા પછી અર્જુનભાઈનો ફોન આવ્યો કે, 'મારાં પત્નીને સંપૂર્ણ વ્યસન છૂટી ગયું છે. તેમને કોઈ તકલીફ થતી નથી. અને હું પણ ૧૫ ને બદલે ૩ જ પડીકી ખાઉં છું. અને મને વિશ્વાસ છે કે આ વ્યસન પણ છૂટી જશે.' અને ખરેખર! ૧૫ દિવસ પછી બંનેનું વ્યસન સંપૂર્ણ છૂટી ગયું. તેઓ કહે છે, 'સ્વામિનારાયણ ભગવાન, પ્રમુખસ્વામી અને મહંત સ્વામીજીએ જ અમારું વ્યસન મુકાવવા માટે આ બાળકોને મોકલ્યા હશે!'

## અભિયાનથી બાળકોને થયેલો લાભ

આ અભિયાનથી બાળકોના જીવનઘડતરનો એક મહાન અધ્યાય રચાઈ ગયો. અનેક દૃષ્ટિએ બાળકોને આ અભિયાન વ્યક્તિગત અને પારિવારિક રીતે ખૂબ લાભદાયક નીવડ્યું. ધોરણ ૮માં અભ્યાસ કરતા અમદાવાદના રાયપુર બાળમંડળનો બાળક કીર્તન વ્યસનમુક્તિ અભિયાનમાંથી સીધો જ ઝભ્ભા-લેંઘાના પરિવેશમાં સ્કૂલમાં એડમિશન માટેનું ઈન્ટરવ્યૂ આપવા પહોંચ્યો. ઈન્ટરવ્યૂ લેનાર શિક્ષકોએ પૂછ્યું, 'આ કપડાં પહેરીને શા માટે આવ્યા?' ત્યારે કીર્તને શિક્ષકોને વ્યસનમુક્તિ અભિયાનની તથા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની સઘળી વાત કરી. કીર્તનની વાતથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા અને કીર્તનને તેમની શાળામાં ધોરણ ૯માં ઇચ્છિત ક્લાસમાં ઍડ્મિશન આપી દીધું. શાળામાં ઈન્ટરવ્યૂ પૂરું કરી કીર્તન ફરી વ્યસનમુક્તિ અભિયાનમાં જોડાઈ ગયો.

આ અભિયાનને કારણે અનેક બાળકોને પ્રાર્થના અને ભગવાનમાં શ્રદ્ધા જન્મી છે. પારિવારિક સત્સંગ ન હોય તેવા પણ કેટલાય બાળકો અભિયાનમાં જોડાયા તેને કારણે તેમના પરિવારમાં પણ વ્યસનમુક્તિ કે માંસાહારમુક્તિ થઈ છે. કેટલાય બાળકો આત્મવિશ્વાસથી બોલતાં થયા છે અને કેટલાય બાળકોમાં હિંમત વિકસી છે. આમ, આ અભિયાન બાળકોના ઘડતરનું એક અનોખું માધ્યમ બની રહ્યું.

## કાર્યકરોનું સમર્પણ

આ અભિયાનમાં સંતો તેમજ બાળપ્રવૃત્તિના કાર્યકરોનું ખૂબ મોટું યોગદાન રહ્યું. ઠેર ઠેર કાર્યકરોના સમર્પણથી આ આયોજન સફળતાને વર્યું છે. મુંબઈના બાળકાર્યકર જગદીશભાઈ પ્રજાપતિએ આ અભિયાન માટે વતનમાં સંબંધીના ઘરે લગ્નપ્રસંગે જવાની કન્ફર્મ થયેલી ટિકિટ પણ કેન્સલ કરાવી દીધી. નવસારીના વિજયભાઈ જગુભાઈ સોંડાગર હીરા ઘસવાના વ્યવસાય અર્થે રોજ નવસારીથી સુરત બસમાં અપ-ડાઉન કરે છે. ઘરેથી સવારે ૭:૦૦ વાગે નીકળે અને રાત્રે ૮:૩૦ વાગ્યે ઘરે પરત આવે. ૧૩ થી ૧૪ કલાકની નોકરી અને ટ્રાવેલિંગ અને શારીરિક તકલીફ હોવા છતાં તેઓ ઉત્સાહથી વ્યસનમુક્તિ અભિયાનમાં જોડાયા. દીપ મૂકેશભાઈ પટેલ CS (company secretary)ની પરીક્ષાની તૈયારી કરતા હોવા છતાં તે આખો દિવસ બાળકોની ટીમ સાથે જોડાઈને જાહેર સંપર્ક કરવા માટે આવતા અને રાત્રે ૧૨ થી ૩ વાગ્યા સુધી ઓનલાઈન અભ્યાસ કરીને પરીક્ષાની તૈયારી કરતા. અમદાવાદના ઈસનપુરમાં રહેતા રાહિલ અને રિષિત બંને ભાઈઓ ધોરણ



ફેક્ટરીઓ અને મોટાં ઉદ્યોગ ગૃહોમાં પહોંચીને બાળકોએ મોટી સંખ્યામાં કર્મચારીઓને સંબોધ્યા.
બાળકોની રજૂઆતોથી ફેક્ટરીના માલિકોથી લઈને અધિકારીઓ અને મજૂરો સુધી સૌ કોઈ દંગ રહી ગયા.
પ્રદર્શનની રજૂઆત સાથે બાળકોની પ્રેમભરી રજૂઆતે સૌને વ્યસનમુક્તિ માટે ઝંકૃત કરી દીધા...

૧૦ના ટ્યૂશનક્લાસ છોડીને અભિયાનમાં જોડાવા તૈયાર થયા ત્યારે ટ્યૂશન ક્લાસીસના સંચાલકોએ તેમની કટિબદ્ધતા જોઈને માટે બેકઅપ લેક્ચરની વ્યવસ્થા કરાવી દીધી. ભાવનગરના ધર્મેન્દ્રભાઈ ગોહેલ ઘરમાં મોટા દીકરા હોવાના નાતે ઘરની તમામ જવાબદારી તેમના પર છે. તેમના પિતાશ્રીને ડાયાબિટીસ દરરોજ કંટ્રોલ બહાર વધ-ઘટ થયે રાખે છે. તેના કારણે કિડની અને આંખ પર ગંભીર અસર થવાથી તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. વળી, પરીક્ષા પણ નજીકમાં આવી રહી હતી. બરાબર આ જ વખતે વ્યસનમુક્તિ અભિયાનની તાલીમ, સંપર્ક અને રેલીનું આયોજન થયું. પરંતુ ધર્મેન્દ્રભાઈ આ દરેક સેવામાં પહેલેથી છેલ્લે સુધી હાજર રહ્યા. જ્યારે જ્યારે ડૉક્ટરના ફોન આવે, હૉસ્પિટલમાં જવાનું થાય ત્યારે ત્યાંની સંપૂર્ણ જવાબદારી નિભાવી લે. તેમના પિતાને સારવાર માટે રાજકોટ અને ભાવનગરમાં અલગ અલગ હૉસ્પિટલમાં આ જ સમય દરમિયાન લઈ જવાના થયા. તેમ છતાં આ પરિસ્થિતિની વચ્ચે પણ ભાવનગરમાં હોય તો સેવામાં તરત હાજર થઈ જાય. વડોદરાના મહેશભાઈ જી. પટેલને અભિયાન શરૂ થયાના લગભગ ૨૦ દિવસ પહેલાં જ દાદર પરથી પડી જવાથી પગમાં ફ્રેક્ચર થયું. અન્ય કોઈ વ્યવસ્થા ન થતાં ૭૧ વર્ષની જૈફ વયે અને એક પગમાં પ્લાસ્ટર હોવા છતાં મહેશભાઈએ બાળકો સાથે અભિયાનમાં જવાનું શરૂ કર્યું. સવારે અને સાંજે બંને સમયે ફ્રેક્ચરવાળા પગે અને સોજા ચડતા હોવા છતાં તેઓ સેવામાં જોડાયેલા રહ્યા. ક્યારેક વહેલી સવારે કે મોડી સાંજે જવાનું થાય, ફ્લેટ્સમાં ૪-૪ માળ ચડવાના હોય. તેમ છતાં મહેશભાઈ પાછા ન પડ્યા.

આમ, પ્રમુખસ્વામી મહારાજના વિરાટ વ્યસનમુક્તિ આંદોલનને આગળ ધપાવતા મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી બાળકો, તેમનાં માતા-પિતા, કાર્યકરો વગેરે સૌ કોઈના સમર્પણથી, આ અદ્વિતીય અભિયાન યોજાઈ ગયું, તેની ફળશ્રુતિ આવનારાં અનેક વર્ષો સુધી સૌ કોઈ માણતા રહેશે. ◆



### પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે
### બી.એ.પી.એસ. બાલિકાપ્રવૃત્તિની ૧૪,૦૦૦ બાલિકાઓ દ્વારા યોજાયું

# પ્રકૃતિ સંવર્ધન અભિયાન

અનેક આયામોમાં પર્યાવરણ સેવાઓ કરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આજ સુધીમાં દેશ-વિદેશમાં લાખો વૃક્ષોનું વાવેતર અને સંવર્ધન થયું છે. પોતાના જીવન દ્વારા જેમણે પાણી અને વીજળી બચાવવાનો સંદેશ સૌને આપેલો એવા વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે અને ભારતની આઝાદીના અમૃત મહોત્સવના ઉપક્રમે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની બાલિકા પ્રવૃત્તિ દ્વારા ‘પ્રકૃતિ સંવર્ધન અભિયાન’નું આયોજન કરવામાં આવ્યું હતું.

વૅકેશનના સમયે તો નાની બાલિકાઓ પોતાનાં મામા-માસીના ઘરે આનંદ કરવા જતી હોય. પરંતુ આ વર્ષે બી.એ.પી.એસ. બાલિકામંડળની બાલિકાઓ પ્રમુખસ્વામી મહારાજના પગલે ચાલી સમાજમાં પ્રકૃતિ સંવર્ધનનો સંદેશ આપવા માટે કટિબદ્ધ થઈ. તા. ૮-૫-૨૦૨૨ના રોજ ગુરુહરિ મહંતસ્વામી મહારાજે સુરત ખાતે આ અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો.

બી.એ.પી.એસ. સંસ્થાની ૧૪,૦૦૦ બાલિકાઓનાં ૩૩૦૦ વૃંદ દ્વારા સમગ્ર દેશમાં ‘પ્રકૃતિ સંવર્ધન અભિયાન’ યોજાયું. દેશભરમાં યોજાયેલા આ અભિયાનમાં બાલિકાઓએ ઘરોઘર જઈને મુખ્ય ત્રણ સંદેશ આપ્યા.

૧. ટપકતા નળ બંધ રાખીને, કપડાં-વાસણ ધોતી વખતે પાણી નહીં વેડફીને અને આર.ઓ.ના બિનઉપયોગી પાણીનો ઉપયોગ કરીને પાણી બચાવવાનો સંદેશ.

૨. બિનજરૂરી પંખા-લાઈટ બંધ રાખીને અને એલ.ઈ.ડી. લાઈટ અને સૌર ઊર્જાનો ઉપયોગ કરીને વીજળી બચાવવાનો સંદેશ.

૩. એક વૃક્ષ વાવી તેનું સંવર્ધન કરવાનો સંદેશ.

આ અભિયાન માટે બાલિકાઓએ ઉનાળાના તાપને અવગણ્યો. રમતગમત અને મોજમસ્તીને મૂકી સમાજ જાગૃતિ માટે પુરુષાર્થ કર્યો. ક્યાંક માન મળ્યું અને ક્યાંક અપમાનો પણ થયાં. તેમ છતાં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનું ઋણ ચૂકવવા અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજને રાજી કરવા માટે આ બાલિકાઓએ ૧૩ લાખ જેટલા લોકોનો વ્યક્તિગત સંપર્ક કર્યો.

બાળકોના વ્યસનમુક્તિ અભિયાનની સમાંતરે તા. ૮ મે થી ૨૨ મે ૨૦૨૨ સુધી સતત ૧૫ દિવસ ચાલેલા આ અભિયાનના પરિણામે પ્રેરક ફલશ્રુતિ પ્રાપ્ત થઈ. બાલિકાઓના પ્રયાસોથી ૧૨ લાખ લોકો પાણી-વીજળીના બચાવ માટે અને ૭.૫ લાખ લોકો વૃક્ષોના વાવેતર અને જતન માટે કટિબદ્ધ થયા. સાથોસાથ અન્યને પણ પ્રકૃતિ સંવર્ધનની પ્રેરણા આપવા માટેનો સૌએ સંકલ્પ કર્યો હતો.

અભિયાનના પરિણામે બાલિકાઓને વ્યક્તિગત જીવનઘડતરના ઘણા લાભો થયા. તેમને વીજળી, પાણી અને વૃક્ષોનું સંવર્ધન કરવાના પાઠ શીખવા મળ્યા, બાલિકાઓ વધુ આત્મવિશ્વાસુ બની, અપરિચિત લોકોની

સાથે જાહેરમાં કે વ્યક્તિગત રીતે કમ્યુનિકેશન કરી શકાય તેના પાઠ શીખી. દેશ માટે કંઈક કરી છૂટવાના, સમાજની નિઃસ્વાર્થ સેવાના, ગુરુને રાજી કરવાના આદર્શો આ બાલિકાઓના અંતરમાં રોપાયા. વિશ્વમાં ગ્લોબલ વૉર્મિંગ, ડીફોરેસ્ટ્રેશન અને અર્બનાઈઝેશનની મોટી સમસ્યાઓ ઊભી થઈ છે ત્યારે બી.એ.પી.એસ.ની આ બાલિકાઓએ એક નવી આશાનું કિરણ પ્રગટાવ્યું છે. આઝાદીના અમૃત વર્ષે પ્રમુખસ્વામી મહારાજના પગલે ચાલી દેશના ઉજ્જ્વળ ભવિષ્ય માટે બાલિકાઓએ કરેલું આ કાર્ય પ્રશંસનીય છે.

## પ્રેરક પ્રસંગો

■ અમદાવાદના રાણીપમાં રહેતી આજ્ઞાને વૅકેશનમાં પરિવાર સાથે બહાર ફરવા જવાનું હતું, પરંતુ આ દિવસો દરમ્યાન આજ્ઞાને પ્રકૃતિ સંવર્ધન અભિયાનમાં જોડાવાનું થયું, તેથી તેણીએ સ્પષ્ટ કહી દીધું, 'ફરવા જવું નથી. સેવા કરવી છે. ફરવા નહીં જઈએ તો ચાલશે, પણ આ સેવા ફરી નહીં મળે!' દીકરીની વાત સાંભળી માતાપિતા ખૂબ જ રાજી થયાં. આજ્ઞાના પિતાએ કહ્યું, 'માત્ર ૯ વર્ષની ઉંમરે પરોપકારી જીવન જીવવાની પ્રેરણા આપવા બદલ અને આજ્ઞા જેવી અનેક બાલિકાઓનું ઉમદા ઘડતર કરવા માટે બી.એ.પી.એસ. સંસ્થાનો આભારી છું.'

■ અમદાવાદના નવા નરોડા વિસ્તારમાં એક ઘરે બાલિકાનું વૃંદ સંપર્ક માટે પહોંચ્યું. ઘરમાં બધાનો ખૂબ સારો સહકાર મળ્યો. બાલિકાઓ અને સંસ્થાના કાર્યથી ખૂબ જ પ્રભાવિત થયા અને બધા જ નિયમ ગ્રહણ કર્યા. ત્યારબાદ તેમના ઘરે ઉપરના માળે ડાન્સના ક્લાસ ચાલતા હતા. તો એમણે સામેથી કહ્યું, 'આ બધાને પણ તમે વાત કરો.' એ તમામ ૨૦ વ્યક્તિઓ હિન્દીભાષી હતી. તેમણે પણ બાલિકાઓની વાત સારી રીતે સાંભળી અને બધાએ એક વૃક્ષ વાવવાનો નિયમ ગ્રહણ કર્યો.

■ કોલવડા બાલિકા મંડળની સભ્ય નિષ્ઠા રાજુભાઈ દરજી પ્રકૃતિ સંવર્ધન અભિયાનમાં જોડાઈ તેના થોડા દિવસમાં ગરમીના કારણે તેને ગળામાં ચાંદાં પડી ગયાં હતાં. પાણી પણ ગળા નીચે ઊતરી ન શકે તેવી હાલત હોવાથી કાર્યકરોએ તેને બે-ત્રણ દિવસ આરામ કરવા કહ્યું. ત્યારે નિષ્ઠાએ કહ્યું, 'ભલે હું બોલી નહીં શકું. પરંતુ હું લખવાની કે કાર્ડ આપવાની સેવા તો કરી જ શકું ને! જો હું ના આવું તો મારી સેવા જશે! હું જરૂર આવીશ.'

■ બાલિકાનું એક વૃંદ કૈલાશ કોલોની(અમદાવાદ)માં સંપર્ક કરવા માટે ગયું. તે વખતે એક બહેન અપશબ્દો બોલી બાલિકાઓનું અપમાન કરવા લાગ્યા. બાલિકા કાર્યકર બાલિકાઓને ત્યાંથી બીજા સ્થળે લઈ ગયા અને નાસીપાસ થયા વગર સંપર્ક ચાલુ રાખ્યો.

■ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા હાથ ધરાયેલા પ્રકૃતિ સંવર્ધન અભિયાનથી પ્રભાવિત થઈને મહેમદાવાદ સિંહુજ કન્યાશાળાના શ્રી તેજલબેન મહેતા કહે છેઃ 'સંસ્થા દ્વારા ખૂબ જ સરસ પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. એમાં પણ બાળકો દ્વારા વીજળી બચાવો, પાણી બચાવો અને પર્યાવરણ અંતર્ગત પ્રવૃત્તિ કરવામાં આવે છે તથા સમજ આપવામાં આવે છે, તે ખૂબ જ સરસ છે. તેનાથી અન્ય બાળકોને પણ ખૂબ જ સારી પ્રેરણા મળશે. બાળકો દેશનું ભવિષ્ય છે. તેઓ અત્યારથી જ અભિયાન અંતર્ગત પ્રવૃત્તિ કરશે તો સાથે તેઓ આચરણ પણ કરશે. જેનાથી દેશ અને દુનિયાનું ભવિષ્ય ઉજ્જ્વળ થશે.'

■ અમદાવાદના ઈસનપુરની બાલિકાઓ એક ઘરે સંપર્ક માટે ગઈ. આ ઘરમાં કુલ પાંચ સભ્યો હતા. બાલિકાઓએ ઘરમાં રહેતાં હીરલબહેન ત્રિવેદીનો સંપર્ક કરવા માટે ઘરમાં આવવા પરવાનગી માંગી. આ વખતે હીરલબહેનના પતિ પરેશભાઈ ત્રિવેદી પણ હાજર હતા. તેઓ ભગવદ્ ગીતાના જાણકાર હતા. તેઓ પાણી અને વૃક્ષો બાબતે ખૂબ સજાગ હતા. આથી બાલિકાઓને ઘરમાં સારો આવકાર મળ્યો. બાલિકાઓએ હીરલબહેનનો સંપર્ક કરી લીધો ત્યારપછી પરેશભાઈએ કહ્યું, 'દુનિયામાં ક્રાંતિ ભક્તિ જ લાવે છે. એક સાચા મહાત્મા જ આ ક્રાંતિ લાવી શકે છે. તમે આ ઘરે ઘરે પ્રોજેક્ટ લઈને ફરો છો તેમાં તમારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજની શક્તિ રહી છે. આથી સમાજમાં ક્રાંતિ આવશે જ.' ત્યારબાદ તેઓ ભગવદ્ ગીતાના શ્લોકના આધારે વાત કરવા લાગ્યા. પણ સંસ્કૃતનો એક શ્લોક બોલતાં તેઓ સહેજ અટવાયા. એ વખતે સંપર્ક કરવા ગયેલ વૃંદના લીડર વૈશાલીબહેને એ શ્લોક પૂર્ણ કર્યો. આ સાંભળી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા. ત્યારબાદ બાલિકાઓએ સંસ્થા દ્વારા ચાલતા સંસ્કૃત વિદ્યાલયની વાત કરી ત્યારે તેમને પ્રમુખસ્વામી મહારાજ અને સંસ્થા વિષે અત્યંત આદરભાવ થયો.

આમ, પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવે લાખો લોકોને પર્યાવરણ જાગૃતિ અને પ્રકૃતિ સંવર્ધનનો સંદેશ આપતું આ અભિયાન, બી.એ.પી.એસ.ની બાલિકાઓના ઉત્સાહથી સફળતાપૂર્વક યોજાઈ ગયું.
(વિશેષ અહેવાલ માટે જુઓઃ પ્રેમવતી, જુલાઈ-૨૦૨૨) ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## અમદાવાદમાં દિવ્ય સત્સંગલાભ આપતા સ્વામીશ્રી...

તા. ૧-૬-૨૦૨૨થી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અમદાવાદમાં શાહીબાગ ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે બિરાજી સંતો-પાર્ષદો-સાધકો-હરિભક્તો-ભાવિકોમાં દિવ્ય આધ્યાત્મિક ચેતનાનો સંચાર કરી રહ્યા છે. છેલ્લા બે મહિના કરતાં વધારે સમયથી પ્રગટ ગુરુહરિનું સામીપ્ય સંતો-હરિભક્તો-ભાવિકોનાં અંતરતલમાં દિવ્ય આધ્યાત્મિક રોશની પ્રગટાવી રહ્યું છે. મંદિરમાં જાણે કે ભક્તિની વર્ષાઋતુ ખીલી ઊઠી હોય એવું દિવ્ય વાતાવરણ નિત્ય રચાય છે. સવારે નિત્યકર્મથી પરવારી ઠાકોરજીનાં દર્શન માટે નિજનિવાસેથી બહાર પધારતા સ્વામીશ્રીનાં દર્શનની દિવ્ય સ્મૃતિઓ તેમજ પ્રાતઃ પૂજાદર્શનની સ્મૃતિઓ સૌ કોઈનાં હૈયે સદાયને માટે અંકિત થઈ જાય છે. પૂજામાં સંગીતજ્ઞ યુવકો-કલાકારો ભક્તિપદોનું ગાન કરી પોતાની કલા પાવન કરે છે. સૌ વતી બાળકો વિવિધ પ્રાર્થનાઓ રજૂ કરી સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલે છે. અમદાવાદ તેમજ દૂર-સુદૂરના પ્રાંતોમાંથી ઠાકોરજી તથા સ્વામીશ્રીનાં દર્શને ઊમટતા હજારો મુમુક્ષુઓના હૈયે ગુરુહરિ પ્રત્યેનું

અપાર હેત ઊભરાય છે. નિયત કરેલા દિવસોએ અમદાવાદના વિવિધ પરાવિસ્તારના હરિભક્તો-ભાવિકો સ્વામીશ્રીનાં સમીપદર્શન માટે ઊમટે છે.

સ્વામીશ્રીના આગમન પૂર્વે સભામાં વિદ્વાન સંતોના મુખેથી કથાવાર્તાનો આસ્વાદ સૌ કોઈ માણે છે. નિયત સમયે સ્વામીશ્રી સભાગૃહમાં પધારે ત્યારે વાતાવરણમાં અનેરી દિવ્યતા છવાઈ જાય છે. ઠાકોરજીને આરતી-અર્ઘ્ય અર્પ્યા બાદ સ્વામીશ્રી 'યોગીવાણી' પુસ્તકના આધારે મર્મસભર દિવ્યવાણીથી સૌને આધ્યાત્મિકતાના પાઠ શીખવે છે. ત્યારપછી સ્વામીશ્રી સૌને સમીપદર્શનનો લાભ આપે છે. આબાલ-વૃદ્ધ સૌ કોઈ આ દર્શનનો લાભ પ્રાપ્ત કરી ધન્યતાનો અનુભવ કરે છે. રવિ સત્સંગસભા તેમજ અન્ય વિશિષ્ટ સભાઓમાં બાળકો-યુવકો-કાર્યકરો દ્વારા રજૂ થતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્વામીશ્રીનાં દર્શન-આશિષ પામી હજારો મુમુક્ષુઓ અહોભાગી બને છે. એમાં વળી, સ્વામીશ્રીની પાવન નિશ્રામાં ઊજવાતા ઉત્સવ-પ્રસંગો સૌ કોઈ માટે અણમોલ સંભારણું બની રહે છે.

અમદાવાદ ખાતેના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ વિવિધ પ્રસંગોએ આપેલી દિવ્ય સ્મૃતિઓમાં અવગાહન કરીએ...

તા. ૧૩-૬-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ અમેરિકા ખાતે સ્થપાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનું દીપ પ્રાગટ્ય કરીને મંગલ ઉદ્‌ઘાટન કર્યું હતું.

તા. ૧૯-૬-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા, અમદાવાદના શાહીબાગ સ્થિત બી.એ.પી.એસ. મંદિરના પ્રદક્ષિણાપથમાં રચાયેલાં નૂતન ગુરુશિખરોમાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની મૂર્તિઓની પુનઃ પ્રતિષ્ઠા થઈ હતી. આ અવસરે યોજાયેલા મહાપૂજાવિધિ બાદ વરિષ્ઠ સંતોએ ગુરુવર્યોનું પૂજન કર્યું હતું. સ્વામીશ્રીએ પ્રતિષ્ઠિત મૂર્તિઓનું વેદોક્ત પૂજન કરી, આરતી ઉતારી હતી. અને અંતે ભક્તિભાવ સાથે ગુરુવર્યોનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી.

તા. ૨૧-૬-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ પાટડી(અમદાવાદ ગ્રામ્ય) ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.

તા. ૨-૭-૨૦૨૨ના રોજ અક્ષરપુરુષોત્તમ મહારાજની તુલાવિધિ કરીને ભક્તોએ ભક્તિ અદા કરી હતી.

તા. ૭-૭-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ પેરિસ(ફ્રાન્સ) ખાતે નૂતન નિર્માણ પામનાર પંચશિખરીય બી.એ.પી.એસ. મંદિરની શિલાઓનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કર્યું હતું. સાથે ગર્તમાં પધરાવવામાં આવનાર સિમેન્ટ-કોંક્રીટના મિશ્રણને પ્રસાદીભૂત કર્યું હતું.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે તેમનાં અજોડ કાર્યોને અંજલિ અર્પતાં, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ-ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વિવિધ વિષયો સાથે સેમિનાર યોજાઈ રહ્યા છે. આ સેમિનારમાં બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંતો પ્રમુખસ્વામી મહારાજનાં વિશ્વવ્યાપી કાર્યોની ઝાંખી કરાવે છે ત્યારે સેમિનારમાં સહભાગી બનેલા અસંખ્ય લોકો પ્રમુખસ્વામી મહારાજનાં કાર્યોથી પ્રભાવિત થઈને તેમનાં ચરણોમાં વંદના કરે છે.

તા. ૯-૭-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ 'શ્રીનીલકંઠ-વિશ્વકલ્યાણ-સહસ્રનામસ્તોત્રમ્' (લે. સાધુ અક્ષરજીવનદાસ) પુસ્તકનું વિમોચન કર્યું હતું.

તા. ૧૪-૭-૨૦૨૨થી હિંડોળા પર્વનો પ્રારંભ થયો હતો. અષાઢ વદ પડવાથી લઈને શ્રાવણ વદ પડવા સુધી યોજાતા હિંડાળા પર્વે પ્રત્યેક બી.એ.પી.એસ. મંદિરમાં ભાતભાતના અને જાતજાતના હિંડોળા બનાવી હરિભક્તો અનેરી ભક્તિ અદા કરે છે. આ પર્વ અંતર્ગત સ્વામીશ્રીએ પણ ઠાકોરજીને પારણે ઝુલાવી સૌને વિશેષ સ્મૃતિઓ આપી હતી. મંદિરમાં દર્શનાર્થે પધારતા અસંખ્ય ભક્તો-ભાવિકોએ પણ શ્રીહરિને કલાત્મક હિંડોળે ઝુલાવી વિશેષ ભક્તિ-અર્ઘ્ય અર્પ્યું હતું.

અમદાવાદ ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ સત્સંગ સભાઓમાં આપેલા લાભની એક ઝાંખી અહીં પ્રસ્તુત છે...

## ■ સેવક સભા

તા. ૧૯-૬-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'શતાબ્દી મહોત્સવ - એક નિશાન' મધ્યવર્તી વિચાર સાથે વિશિષ્ટ સભા યોજાઈ હતી. સભામાં યજ્ઞપ્રિયદાસ સ્વામીએ પ્રેરક પ્રવચનનો લાભ આપ્યો હતો. અન્ય સંતોએ પણ સ્વયંસેવકોની સમર્પણ ગાથાને પ્રાસંગિક ઉદ્‌બોધનમાં રજૂ કરી હતી. આ પ્રસંગે સભામાં ઉપસ્થિત અમદાવાદના કલેક્ટર શ્રી સંદીપ સાગલેએ પ્રાસંગિક પ્રવચનમાં સ્વયંસેવકોની સેવાને બિરદાવી હતી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં ખડે પગે સેવામાં રહેનારી વિવિધ વિભાગીય સેવાઓનું નિદર્શન કરતી પરેડ યોજાઈ હતી. સ્વામીશ્રીએ આ તમામ વિભાગો પર કૃપાદૃષ્ટિ કરી હતી. સભામાં જોમભર્યું ભક્તિનૃત્ય અને સ્કિટ રજૂ થયાં હતાં. ગુરુહરિના સાંનિધ્યમાં તમામ સેવકો શતાબ્દીની સેવામાં યાહોમ થવા કટિબદ્ધ થયા હતા. અંતે સ્વામીશ્રીએ સૌની સેવાને બિરદાવતાં આશિષવચનો કહ્યાં હતાં.

## ■ અભિવાદન સમારોહ

તા. ૨૬-૬-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં બાળકોનો અભિવાદન સમારોહ યોજાયો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે તા. ૮ થી ૨૨ મે દરમિયાન યોજાયેલા વ્યસનમુક્તિ અભિયાન અને પ્રકૃતિ સંવર્ધન અભિયાનમાં જોડાયેલાં બાળ-બાલિકાઓનો આ અભિવાદન સમારોહ વિશિષ્ટ અને પ્રેરણાદાયી હતો. ઉનાળુ વૅકેશનને ઠોકર મારીને બાળકોએ સતત ૧૫ દિવસ કાળઝાળ ગરમીમાં લોકોને વ્યસનમુક્ત કરવા અને પ્રકૃતિ સંવર્ધનનો સંદેશ આપવા માટે કમર કસી હતી. તેની ફળશ્રુતિરૂપે યોજાયેલા આજના અભિવાદન સમારોહમાં બાળકોએ પ્રેરણા આપતી વિવિધ રજૂઆતો કરી સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. વ્યસનમુક્ત થવાનો, માંસાહારનો ત્યાગ કરવાનો અને પ્રકૃતિની જાળવણીનો સંદેશ આપતાં વિવિધ બેનરો સાથે બાળકો ઉપમંચ પરથી પસાર થયાં ત્યારે સ્વામીશ્રીએ તમામ બાળકો પર અમીદૃષ્ટિ કરી પ્રસન્નતા વરસાવી હતી. બાળકોને અપાનાર પ્રમાણપત્રો પણ સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કર્યાં હતાં. અંતમાં સ્વામીશ્રીએ બાળકોના અજોડ કાર્યને બિરદાવીને આશીર્વચન વરસાવ્યાં હતાં.

## ■ રથયાત્રા ઉત્સવ

તા. ૧-૭-૨૦૨૨ના રોજ અમદાવાદના આંગણે એક ભક્તિસભર અવસર યોજાયો હતો. એ હતો: આષાઢી બીજની રથયાત્રાનો ઉત્સવ.

અમદાવાદના જગન્નાથ મંદિરની ૧૪૫મી રથયાત્રાના પાવન અવસરે પરંપરા મુજબ જગન્નાથ મંદિરેથી શ્રીકૃષ્ણ-સુભદ્રા-બલદેવજી ત્રણ રથોમાં વિરાજમાન થઈ અમદાવાદને પાવન કરવા નીકળ્યા હતા. આ રથયાત્રામાં બી.એ.પી.એસ. સંસ્થા વતી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ કરતો રથ પણ સમ્મિલિત હતો.

રથયાત્રાના પાવન અવસરે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અનેકવાર અમદાવાદને આંગણે રથયાત્રાનો ઉત્સવ ઊજવી સૌને દિવ્ય સ્મૃતિઓ આપેલી છે. એ જ સ્મૃતિને દોહરાવતાં આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં રથયાત્રાનો ઉત્સવ શાહીબાગ મંદિરે ઊજવાયો હતો.

વહેલી સવારથી આજના ઉત્સવનો લાભ લેવા મોટી સંખ્યામાં ઊમટેલા હરિભક્તોથી સભાગૃહ છલકાતો હતો. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજા દરમ્યાન સંતો-યુવકોએ રથયાત્રાનાં ઉત્સવ પદોનું ગાન કરીને રથયાત્રાના માહોલને પૂર્ણકળાએ ખીલવ્યો હતો. પૂજા બાદ સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું હતું. ત્યારબાદ નાનકડા યંત્ર સંચાલિત રથમાં અક્ષરપુરુષોત્તમ મહારાજને પધરાવી મંચ પર વિહાર કરાવ્યો હતો. આબાલ-વૃદ્ધ સૌ કોઈ આ દર્શનને માણતાં ભક્તિવિભોર બન્યા હતા.

આ પ્રસંગે સ્વામીશ્રીએ યોગીજી મહારાજની રથયાત્રાની સ્મૃતિઓ કરી વિશેષ આશીર્વાદ આપતાં જણાવ્યું: ''આપણે આપણા જીવનરથની લગામ ભગવાનના હાથમાં આપવાની છે. એ જેમ હાંકે એમ આપણે દોરાઈએ તો ચિંતા નહીં. પણ આવું ક્યારે થાય? મન-ઇન્દ્રિયુ-અંતઃકરણ ભગવાનના હાથમાં સોંપી દઈએ ત્યારે. અને આપણો તો ભક્તિસંપ્રદાય છે. આપણા જીવનની દોરી એમના હાથમાં લઈ લે એટલે નિરાંત. આ રીતે આપણે એમની ભક્તિ કરતાં કરતાં અક્ષરધામમાં બેસી જઈએ એ જ પ્રાર્થના.''

આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રી મંદિર પર પધાર્યા. ઉત્સવાનુરૂપ સજાવેલા પ્રત્યેક ખંડમાં ભાવથી સ્વામીશ્રીએ ઠાકોરજીનાં દર્શન કરી આરતી ઉતારી. ત્યારપછી આરંભાઈ રથયાત્રા. સ્વામીશ્રી કલાત્મક રથમાં વિરાજ્યા. પ્રસ્થાન થયેલા રથની આગળ આનંદસ્વરૂપદાસ

સ્વામી અને આત્મસ્વરૂપદાસ સ્વામી સાવરણી વડે ગમનપથને સ્વચ્છ કરતા હતા. અદ્‌ભુત દર્શન હતાં. પ્રદક્ષિણા પથમાં વિહાર કરી રહેલા રથની પાછળ સંતો મધુર ધ્વનિ સાથે ઉત્સવનાં કીર્તનો ગાતાં હતાં. મંદિરની બે પ્રદક્ષિણા પૂર્ણ કરી સ્વામીશ્રીએ સૌને દિવ્ય દર્શનસુખ આપ્યું હતું. સભાગૃહમાં સ્ક્રીન પર આ જીવંત પ્રસારણને માણતા ભક્તોમાં અનેરો આનંદ છવાઈ ગયો હતો.

## ■ યુવાદિન

તા. ૩-૭-૨૨ના રોજ સ્વામીશ્રીના પાવન સાંનિધ્યમાં 'યુવાદિન' ઊજવાયો હતો. 'પ્રભુ તારા ભરોસે જીવન નૈયા' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી યુવાસભામાં યુવકોએ પ્રેરણાત્મક સંવાદ-સ્કિટ પ્રસ્તુત કરી ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. યુવકો દ્વારા કરાયેલું નાવિકનૃત્ય પણ મનભાવન હતું. ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રેરણા-વચન કહ્યાં હતાં.

સ્વામીશ્રી સમક્ષ એક પ્રશ્ન રજૂ થયોઃ 'શું શીખીશું પ્રમુખસ્વામીમાંથી?' સ્વામીશ્રીએ ઉત્તરમાં લખ્યુંઃ 'ગુરુના વચનમાં અત્યંત વિશ્વાસ લાવવો.' અંતે સ્વામીશ્રીએ સૌને આશીર્વાદથી કૃતાર્થ કર્યા હતા.

## ■ ચાતુર્માસ મર્મ-મહિમા સભા

તા.૧૦-૭-૨૨ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'ચાતુર્માસ મર્મ-મહિમા' વિષયક વિશિષ્ટ સભા યોજાઈ હતી. ચાતુર્માસ એટલે સાંપ્રદાયિક ગ્રંથોનું વાંચન, ઑડિયો શ્રવણ, મંદિર-દર્શન, અધિક માળાજાપ-દંડવત્-પ્રદક્ષિણા, વિશેષ વ્રત-તપ અને ગુણકથન જેવા વિશિષ્ટ ભક્તિયજ્ઞો દ્વારા પ્રભુભક્તિ કરવાનો અમૂલ્ય અવસર.

આજની સાયંસભાની શરૂઆતમાં વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં ચાતુર્માસનો અનેરો મહિમા વર્ણવ્યો હતો. સ્વામીશ્રીના આગમન બાદ વિશિષ્ટ કાર્યક્રમનો દોર આરંભાયો. દેવશયની એકાદશીથી દેવપ્રબોધિની એકાદશી અંતર્ગત આવતાં પવિત્ર પર્વો-તહેવારોનો મહિમા અને તેને અનુલક્ષીને વિવિધ નિદર્શન-ભક્તિનૃત્યો રજૂ થયાં હતાં. સમગ્ર સભા આ ઉત્સવ-પર્વોની સ્મૃતિઓમાં ગરકાવ બની ગઈ હતી. અંતે 'સુરાખાચરની નિયમપાલનની દૃઢતા' વિષયક સંવાદને માણતા સભાજનો પુલકિત થઈ ઊઠ્યા હતા. આબાલ-વૃદ્ધ સૌ કોઈ માટે આ સભા સ્મરણીય બની રહી હતી. ચાતુર્માસ અંતર્ગત વિવિધ નિયમો ગ્રહણ કરી હરિભક્તો વિશેષ ભક્તિ કરવા સંકલ્પબદ્ધ થયા હતા. અંતમાં આશીર્વચનમાં ચાતુર્માસનો મહિમા કહી સ્વામીશ્રીએ સૌને વિશેષ ભક્તિ કરવા આહ્‌વાન કર્યું હતું.

## ■ બાળદિન

તા. ૧૭-૭-૨૨ના રોજ યોજાયેલી રવિસભા 'બાળદિન' નિમિત્તેનો વિશિષ્ટ અવસર બની રહી હતી. સભાના પ્રારંભથી લઈને અંત સુધી બાળકોનો દબદબો વર્તાતો હતો. 'શાંતિલાલ આદર્શ હમારા' મધ્યવર્તી વિચાર સાથે, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના બાળવયના પ્રસંગોને રજૂ કરતો આજનો આ બાળદિન વિશિષ્ટ અને પ્રેરણારૂપ હતો. જેમાં, આદર્શ વિદ્યાર્થી શાંતિલાલ, શાંતિલાલની ભક્તિપરાયણતા, નિયમ-પાલનની દૃઢતા, શાંતિલાલનો ગૃહત્યાગ વગેરે જેવા પ્રસંગોને આવરી લેતા બાળકોએ સ્કિટ, લઘુ-સંવાદ, નૃત્ય-નાટિકાની આકર્ષક રજૂઆત દ્વારા સૌને પ્રમુખસ્વામી મહારાજની બાલ્ય-સ્મૃતિઓ કરાવતા તેમના બાળપણના ગુણોનું દર્શન કરાવ્યું હતું. અંતમાં સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજના ગુણિયલ ગુણોનો આસ્વાદ કરાવતાં સૌને આશીર્વાદથી ભીંજવ્યા હતા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆





**અમદાવાદ-જગતપુર ખાતે નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરના પ્રથમ સ્તંભનું પૂજન કરતા સ્વામીશ્રી**

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણની પ્રાસાદિક ભૂમિ અમદાવાદના આંગણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ગુરુવર્ય બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સંકલ્પને પરિપૂર્ણ કરતાં એક વધુ શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરી રહ્યા છે. તા. ૧૩-૪-૨૦૨૧(ગૂડી પડવો)ના પવિત્ર દિને સ્વામીશ્રીએ પશ્ચિમ અમદાવાદમાં જગતપુર ખાતે શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ વિધિ કર્યો ત્યારથી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ તેનું નિર્માણકાર્ય વેગપૂર્વક ચાલી રહ્યું છે.

આ નિર્માણાધીન બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરના પ્રથમ સ્તંભનો પૂજનવિધિ શાહીબાગ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પરિસરમાં તા. ૧૩-૬-૨૦૨૨ના રોજ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા કરવામાં આવ્યો હતો. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આ પ્રસંગે સ્વામીશ્રી વતી સ્તંભ-પૂજનનો પૂર્વવિધિ કર્યો હતો. ત્યારપછી પૂજ્ય સ્વામીશ્રીએ પૂજનવિધિને અનુસરતાં પ્રથમ અક્ષર-પુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું હતું અને ત્યારપછી સ્તંભ-યુગ્મનું પૂજન કર્યું હતું. ચંદનના ચાંદલા કરી બંને સ્તંભો પર પુષ્પ-અક્ષત પધરાવ્યાં હતાં.



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં યોજાયેલા સ્તંભ-પૂજનના પાવન પ્રસંગે અમદાવાદના બી.એ.પી.એસ. મંદિરના મહંત પૂજ્ય ડૉક્ટર સ્વામી ઉપરાંત પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી તથા અન્ય વડીલ સંતો ઉપસ્થિત હતા. ઈશ્વરચરણદાસ સ્વામીએ મંદિરનિર્માણની કાર્યવાહી અંગે અને તેમાં યોગદાન આપનાર સંતો, દાતાશ્રીઓ, સ્વયંસેવકોનો પરિચય આપ્યો હતો. સ્વામીશ્રીએ સૌ પર કૃપાદૃષ્ટિ કરી આશિષ અર્પ્યા હતા.

સ્વામીશ્રી દ્વારા પૂજિત આ સ્તંભોનો વેદોક્ત સ્થાપનવિધિ જગતપુર ખાતે મંદિરની જગતી પર, તા. ૧-૭-૨૦૨૨ ને રથયાત્રાના પવિત્ર દિવસે, ઈશ્વરચરણદાસ સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામીના હસ્તે સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

# આફ્રિકા ખંડમાં યોજાઈ સત્સંગ કાર્યકર શિબિરો અને લીરા અને થીકા શહેરમાં ઊજવાયા શાનદાર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો



લીરા, યુગાન્ડા

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ વિશ્વભરમાં શાનદાર રીતે થઈ રહ્યો છે. તેના ઉપક્રમે તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ આફ્રિકા ખંડના વિવિધ દેશોમાં પધારીને અહીં ગતિમાન બી.એ.પી.એસ. સત્સંગમંડળોમાં શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ કર્યો હતો. તેઓની ઉપસ્થિતિમાં યુગાન્ડા દેશના લીરા શહેર ખાતે અને કેન્યા દેશના થીકા શહેર ખાતે નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં શાનદાર રીતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો ઊજવાયા હતા. સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના અવસરને આધ્યાત્મિક રીતે ઊજવવા માટેની પ્રેરણા આપતી સત્સંગ શિબિરો પણ યોજાઈ હતી.

## લીરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

આર્ષદ્રષ્ટા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે દરિયાપાર સત્સંગ વધવાની ભવિષ્યવાણી ઉચ્ચારી હતી. તેના થોડાં જ



થીકા, કેન્યા




થીકા, કેન્યા

વર્ષ પછી સન ૧૯૫૫માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ ઈસ્ટ આફ્રિકામાં સૌ પ્રથમવાર વિચરણ માટે પધાર્યા હતા. સન ૧૯૫૯-૬૦ના દ્વિતીય વિચરણ પછી સન ૧૯૭૦માં


લીરા, યુગાન્ડા

તૃતીય આફ્રિકા વિચરણ દરમ્યાન બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે લીરા નગરમાં પધરામણી કરીને સત્સંગનાં બીજ રોપ્યાં હતાં. યુગાન્ડા દેશના ઉત્તર ભાગમાં અને રાજધાની કંપાલાથી ૩૩૭ કિલોમીટરના અંતરે આવેલા લીરા શહેરમાં વર્ષો પૂર્વે કેટલાક ગુજરાતી પરિવારો ધંધા રોજગાર માટે આવીને વસેલા. શરૂઆતમાં લીરા નગરમાં સત્સંગી હરિભક્તો SSDSના હોલમાં સત્સંગસભા કરતા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અને પ્રેરણા મુજબ આ દરમ્યાન ભારતથી વરિષ્ઠ સંતોનું વિચરણ પણ સમયાંતરે નિયમિત થતું રહ્યું. કંપાલાથી કાર્યકરો લીરામાં અવારનવાર સત્સંગ કરાવવા આવતા હતા. સન ૨૦૧૧થી સંતો અહીં નિયમિતપણે વિચરણ કરવા લાગ્યા.

ધીરે ધીરે સત્સંગીઓની સંખ્યા વધતાં સત્સંગનો વિકાસ થયો. મંદિરની જરૂરિયાત ઊભી થતાં માઉન્ટ મેરુ કંપનીના માલિક શ્રી લાલાજી તથા તેઓના સુપુત્ર શ્રી અરવિંદભાઈ અગ્રવાલે મંદિર માટે ભૂમિ અર્પણ કરી. કોઠારી પૂજ્ય પ્રિયવ્રતદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્થાનિક વિચરણ કરતા સંત વિશ્વકીર્તિદાસ સ્વામી, યોગીમનનદાસ સ્વામી અને સ્થાનિક કાર્યકરોએ મળીને મંદિરનું નિર્માણકાર્ય શરૂ કર્યું. બાંધકામ, ડેકોરેશન, ડિઝાઈન, આઈ.ટી. વગેરે કાર્યોમાં કંપાલા મંડળે ખૂબ સારી મદદ અને વ્યવસ્થા કરી, જરૂર પડે તેવું કામ કાર્યકરો રૂબરૂ આવીને પણ કરતા. દરેકના સહકારથી મંદિર પૂર્ણ થતાં ભારતથી પધારેલા પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ત્રિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો.

પ્રથમ દિવસે કીર્તન આરાધના, દ્વિતીય દિવસે બપોરે


થીકા, કેન્યા

ભવ્ય નગરયાત્રા, સાંજે સેવા-અભિવાદન સભામાં મંદિર નિર્માણમાં સહયોગ આપનાર તમામનું અભિવાદન કરવામાં આવ્યું. તૃતીય દિવસે સવારે પ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો. પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨-૯-૨૦૧૯ના રોજ કંપાલા ખાતે પ્રતિષ્ઠા કરેલી તે મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયો. આ અવસરે ખાસ કંપાલાથી યુગાન્ડા ખાતેના ભારતના રાજદૂત શ્રી અજય કુમારજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગને સફળ બનાવવા વિવિધ વિભાગોમાં ૧૦૦ જેટલા કાર્યકરોએ દિવસ-રાત જોયા વગર સેવા કરીને પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનો રાજીપો પ્રાપ્ત કર્યો. હવે આ નવનિર્મિત મંદિર દ્વારા લીરાની ભાવિક જનતાને સંસ્કાર, સેવા અને સુખ-શાંતિનો રાહ 'યાવત્ચંદ્રદિવાકરૌ' મળતો રહેશે.

### થીકા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

કેન્યા દેશની રાજધાની નૈરોબીના કાંધના ક્યારા સમું થીકા નગર એટલે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં પુનિત પદારવિંદથી પવિત્ર થયેલી ભૂમિ.

થીકા અને ચનિયા નદીઓના સંગમ સ્થળે ૧૯મી સદીના આરંભકાળે આ નગર અસ્તિત્વમાં આવ્યું હતું. નગરના આરંભકાળથી જ સત્સંગી શિક્ષકો અને વેપારીઓ અહીં આવીને વસેલા. પ્રમુખસ્વામી મહારાજે, યોગીજી

મહારાજ સાથે અહીં પધરામણીઓ કરી ભક્તોના ભાવ પૂરા કર્યા હતા.

ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી ફક્ત ત્રણ સત્સંગી પરિવારે સપ્ટેમ્બર-૨૦૦૦થી આ નગરમાં સત્સંગસભાની શરૂઆત કરી. હરિભક્તોના ઉત્સાહથી ધીમે ધીમે સત્સંગની અભિવૃદ્ધિ થવા લાગી. નૈરોબી મંદિરથી પધારતા સંતોનાં વિચરણ અને કથાવાર્તાથી સત્સંગ મંડળને વિશેષ પુષ્ટિ મળતી રહી. પરિણામે યુવા-બાળ-કિશોર સભાઓ અને મહિલા-યુવતી-બાલિકા-કિશોરીઓથી સભાઓની શરૂઆત થઈ. સૌની ભક્તિને વિશેષ પોષણ આપવા મંદિરની જરૂરિયાત ઊભી થઈ. આ મંદિર માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સન ૨૦૦૯માં આશીર્વાદ આપ્યા. તેઓના આશીર્વાદથી મે-૨૦૧૦માં મંદિર માટે જમીન સંપાદિત કરવામાં આવી. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે દિલ્હી ખાતે તા. ૧૫ જુલાઈ, ૨૦૧૦ના રોજ નૂતન મંદિરનિર્માણ માટેની ઈષ્ટિકાઓને પ્રસાદીભૂત કરી આપી. તા. ૧૮ જુલાઈ, ૨૦૧૦ના રોજ પૂજ્ય ભક્તવત્સલદાસ સ્વામી તથા અન્ય સંતો, હરિભક્તોની ઉપસ્થિતિમાં ભૂમિપૂજનનો વિધિ સંપન્ન થયો હતો.

સારા કામમાં સો વિઘ્ન એ ઉક્તિ અનુસાર મંદિર નિર્માણના કાર્યમાં પણ અનેક વિઘ્નની પરંપરાઓ સર્જાઈ. પરંતુ આ સમય દરમ્યાન પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી વગેરે સંતો આ ભૂમિ પર પધારીને પ્રાર્થના કરીને સૌને સતત પ્રોત્સાહન આપતા રહ્યા. સમય જતાં તા. ૧૮ જુલાઈ, ૨૦૧૮ના દિને પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીના હસ્તે ખાતવિધિ સંપન્ન થયો અને મંદિરનું નિર્માણ કાર્ય આગળ ધપ્યું.

સમર્પિત ભક્ત શ્રી કંચનભાઈ પટેલ, શ્રી સુભાષભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, સંજયભાઈ ઠકરાલ, પરેશભાઈ પટેલ, કલ્પેશભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, ભરતભાઈ પરમાર, ધર્મેશભાઈ અંતાલા, અલ્પેશભાઈ પારેખ, જયદીપભાઈ સોની, જયેશભાઈ પટેલ(જૂજા), પ્રમોદભાઈ પટેલ(જૂજા), પ્રફુલ્લભાઈ પટેલ, સંજયભાઈ પાટીલ, નૈનેશભાઈ ગોસ્વામી, શૈલેશભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, રમેશભાઈ રાઠોડ, અમિતભાઈ પારેખ, અનિલભાઈ ચૂડાસમા, નવીનભાઈ પટેલ તથા અન્ય નગરજનોની સેવા અને સહકારથી સુંદર કલાત્મક મંદિર તૈયાર થઈ ગયું.

આ મંદિરના ત્રિદિવસીય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે તા. ૧૩ મે, ૨૦૨૨ના રોજ નૈરોબીના સંગીતજ્ઞ સંત-યુવાવૃંદ દ્વારા કીર્તનભક્તિનો લાભ સૌને પ્રાપ્ત થયો. આ પ્રસંગે કેન્યા ખાતેના ભારતીય રાજદૂત શ્રી વિરંદર પૉલે પણ ઉપસ્થિત રહીને ઉત્સાહપૂર્વક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પરદેશમાં ભારતીય સનાતન મૂલ્યોનું સંવર્ધન કરતી મંદિર-નિર્માણ પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી. બીજા દિવસે સવારે ‘શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ’ અને પ્રાસાદ વાસ્તુ મહાપૂજાનું આયોજન થયું હતું, જેમાં ૨૦૦ યજમાનોએ લાભ પ્રાપ્ત કર્યો. સાંજે મંદિરમાં વિરાજમાન થનાર દેવસ્વરૂપોની ભવ્ય શોભાયાત્રા યોજાઈ. જેમાં પૂર્વ આફ્રિકાનાં વિવિધ મંડળોના હરિભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને લાભ પ્રાપ્ત કર્યો. સાયંસભામાં મંદિર નિર્માણમાં વિવિધ રીતે સહયોગ કરનાર ભક્તોનું અભિવાદન કરવામાં આવ્યું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા નૈરોબી ખાતે તા. ૪-૧૦-૨૦૧૯ના રોજ વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી ગુરુપરંપરા, શ્રી ગણેશજી અને શ્રી હનુમાનજીની મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૫ મે, ૨૦૨૨ના રોજ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. પ્રાસંગિક સભામાં તેઓએ મંદિરોની આવશ્યકતા અને પ્રદાન વિષયક પ્રાસંગિક પ્રવચન કર્યું અને નગરજનોની સર્વાંગી સુખાકારી માટે શુભ ભાવનાઓ વ્યક્ત કરી હતી.

સમગ્ર ઉત્સવ કોઠારી પૂજ્ય પ્રિયવ્રતદાસ સ્વામી, પૂજ્ય અમૃતસ્વરૂપદાસ સ્વામી, પૂજ્ય નિત્યમુનિદાસ સ્વામીના માર્ગદર્શન અને અહીં વિચરણ કરતા પૂજ્ય શ્રીજીસેવાદાસ સ્વામી, પૂજ્ય પરમકીર્તિદાસ સ્વામી અને સ્વયંસેવકોની ભક્તિસભર સેવા અને થીકા નગરની વિવિધ આધ્યાત્મિક અને સામાજિક સંસ્થાઓના સહકારથી ધામધૂમપૂર્વક સંપન્ન થયો હતો.

## સમગ્ર આફ્રિકામાં યોજાઈ કાર્યકર શિબિરો

‘અવસર’ મધ્યવર્તી વિચાર સાથે સમગ્ર આફ્રિકાના કુલ ૧૭ દેશોમાં કાર્યરત સત્સંગ પ્રવૃત્તિની સેવા કરનાર કાર્યકરો માટે કુલ ૬ દેશોમાં અઢી દિવસીય કાર્યકર શિબિરો યોજાઈ હતી. શિબિરમાં કુલ ત્રણ સત્ર હતાં: પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ એટલે - ગુરુઋણ સ્મરણ કરવાનો અવસર, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ એટલે - ગુરુઋણ અદા કરવાનો અદ્વિતીય અવસર, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ એટલે - ગુરુનો મહિમા વિશ્વે વહાવવાનો અવસર.

પ્રથમ સત્રમાં *'તેં તો શું શું નથી કર્યું અમ કાજે...'* શીર્ષક હેઠળ સ્વામીશ્રીના અનંત ઉપકારોનું સ્મરણ કરવામાં આવ્યું, જેમાં સ્વામીશ્રીએ કરેલો પ્રચંડ પુરુષાર્થનું વિવિધ માધ્યમો દ્વારા સ્મરણ કરાવવામાં આવ્યું.

દ્વિતીય સત્ર 'ગુરુ ઋણ અદા કરવાનો અવસર યોજાયો. આ સત્રમાં શતાબ્દી મહોત્સવ શા માટે અદ્વિતીય અવસર છે તેની સમજૂતી આપવામાં આવી. આ મહોત્સવમાં સેવા કરવાથી આપણું જીવન સાર્થક થશે, યત્કિંચિત્ ગુરુઋણ અદા કર્યાનો સંતોષ થશે, અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજ રાજી થશે તેની પ્રેરક પ્રસ્તુતિ કરવામાં આવી.

તૃતીય સત્ર 'ગુરુનો મહિમા વિશ્વે વહાવવાનો અવસર' અંતર્ગત એક વર્કશોપ દ્વારા સત્સંગ અને સત્પુરુષના યોગમાં આવવાથી આપણને કેવો લાભ થયો છે તે દર્શાવવામાં આવ્યું. સ્વામીશ્રીના આ કાર્યને આગળ વધારનાર સ્તંભ સમાન કાર્યકરો જે અપાર પુરુષાર્થ કરી રહ્યા છે તેની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી.

કાર્યકર તરીકે વિવિધ સત્સંગ સેવાઓમાં દીવાદાંડીરૂપ પ્રમુખસ્વામી મહારાજની કાર્યપદ્ધતિ અને વલણને જ્ઞાન સહિત ગમ્મત અને પુષ્ટિ પ્રવચન દ્વારા વધુ સ્પષ્ટ કરવામાં આવી. શિબિરના પૂર્ણાહુતિ સત્રમાં શતાબ્દી અવસરની અદ્વિતીયતા, તેની સેવામાં જોડાવા માટેની પૂર્વતૈયારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, આફ્રિકા દ્વારા તૈયાર થયેલા શિબિર કાર્યક્રમમાં સંતોનાં પ્રવચનો, વિવિધ પ્રેઝન્ટેશન, વર્કશોપ, સંવાદો, મનન-લેખન દ્વારા શતાબ્દી મહોત્સવનાં વિવિધ આયોજનોમાં જોડાવાની પ્રેરણા આપવામાં આવી. સમયે સમયે કાર્યકરો પણ વિવિધ રજૂઆતોમાં ભાગ લેતા. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીનાં અનુભવપૂર્ણ વક્તવ્યો અને મહંત સ્વામી મહારાજે કાર્યકરોને પાઠવેલા આશીર્વાદે સૌને મહિમા અને સમર્પણના રંગે રંગી દીધા. સમગ્ર આફ્રિકામાં છ દેશોમાં યોજાયેલી શિબિરોમાં કાર્યકરોએ આ પ્રમાણે લાભ લીધો હતોઃ

તા. ૧૧ થી ૧૩ માર્ચ, ૨૦૨૨ દરમિયાન મલાવી દેશમાં લીલોંગ્વે શહેરમાં શિબિર યોજાઈ હતી, જેમાં ૧૭૯ કાર્યકરોએ ભાગ લીધો હતો.

તા. ૧૮ થી ૨૦ માર્ચ, ૨૦૨૨ દરમિયાન ઝામ્બિયા દેશના લુસાકા શહેરમાં શિબિર યોજાઈ, જેમાં ઝામ્બિયા અને કોન્ગો દેશના ૧૦૬ કાર્યકરોએ ભાગ લીધો હતો.

તા. ૨૫ થી ૨૭ માર્ચ, ૨૦૨૨ દરમિયાન સાઉથ આફ્રિકા દેશના લેનેશિયા શહેરમાં શિબિર યોજાઈ, જેમાં સાઉથ આફ્રિકા, બોટ્સ્વાના ૨૭૬ કાર્યકરોએ ભાગ લીધો.

તા. ૧૫ થી ૧૭ એપ્રિલ, ૨૦૨૨ દરમિયાન કેન્યા દેશના નૈરોબી શહેરમાં શિબિર યોજાઈ હતી, જેમાં કેન્યા અને ઈથોપિયાના ૪૭૮ કાર્યકરોએ ભાગ લીધો હતો.

તા. ૨૨ થી ૨૪ એપ્રિલ, ૨૦૨૨ દરમિયાન ટાન્ઝાનિયા દેશના મ્વાન્ઝા શહેરમાં શિબિર યોજાઈ હતી, જેમાં ૨૩૨ કાર્યકરોએ ભાગ લીધો હતો.

તા. ૬ થી ૮ મે, ૨૦૨૨ દરમિયાન યુગાન્ડા દેશના કંપાલા શહેરમાં શિબિર યોજાઈ હતી, જેમાં યુગાન્ડા, રૂવાન્ડા, બુરુન્ડી દેશોનાં ૨૪૦ કાર્યકરોએ ભાગ લીધો.

આમ, સમગ્ર આફ્રિકાના સત્સંગ પ્રવૃત્તિના કુલ મળી ૧,૫૧૧ કાર્યકરોએ આ 'અવસર' શિબિરનો લાભ લીધો. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં આ લાભ માણીને પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવને શાનદાર રીતે ઊજવવા કટિબદ્ધ સૌ કાર્યકરો ઉત્સાહથી વિશેષ છલકાઈ ઊઠ્યા હતા. ◆



# નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો...



અસંખ્ય લોકોનાં જીવનમાં આધ્યાત્મિક-નૈતિક મૂલ્યોનાં અજવાળાં પાથરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે આ વસુંધરા પર અવતરેલા વિરલ પરમાત્મામય સંતવિભૂતિ. આ મહાપુરુષે પ્રચંડ પુરુષાર્થ કરીને ગુજરાતના અંતરિયાળ આદિવાસી ગામથી લઈને અમેરિકા, ઑસ્ટ્રેલિયા, યુરોપ અને આફ્રિકાનાં આધુનિક નગરો સુધી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં અજવાળાં પ્રસરાવતાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોનું નિર્માણ કરીને લાખો લોકોના હૃદયમાં આધ્યાત્મિકતાનું મોજું પ્રસરાવ્યું છે. તેઓના શતાબ્દી વર્ષે તેઓના આધ્યાત્મિક અનુગામી પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના આશીર્વાદથી રચાયેલાં નૂતન મંદિરોના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવોની એક અલ્પ ઝાંખી અત્રે પ્રસ્તુત છે...

## જાયવા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણના આધ્યાત્મિક અનુગામી ગુણાતીત ગુરુવર્યોની પદરજથી પાવન થયેલ ધ્રોળ તાલુકાના જાયવા ગામની ભૂમિ, વર્ષો પૂર્વે ભગવાન સ્વામિનારાયણના મહાન પરમહંસોના વિચરણથી સત્સંગના રંગે રંગાઈ હતી. ત્યારપછી ડાંગરાના શ્રી પૂંજાજીબાપુ થકી ગામજનોને શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો યોગ થયો અને સૌના જીવનમાં વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની નિષ્ઠા દૃઢ થઈ.

અત્રે તા. ૩૧-૧૦-૧૯૭૨ના રોજ બી.એ.પી.એસ. મંદિરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભગવાન સ્વામિનારાયણે, ગુણાતીતાનંદ સ્વામીની ચિત્રપ્રતિમાઓની વિધિવત્ પ્રતિષ્ઠા કરી હતી. સમયના વહેણ સાથે તે મંદિરનું બાંધકામ જર્જરિત થતાં નૂતન મંદિરની

આવશ્યકતા ઊભી થઈ. શ્રી ઘનશ્યામસિંહ બાપુ અને ગુમાનસિંહ બાપુના પરિવારે મંદિરને અડીને આવેલી પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરતાં સૌનો ઉત્સાહ બેવડાયો અને નૂતન મંદિરનાં મંડાણ થયાં. તા. ૧૧-૫-૨૦૧૯ના રોજ સંતોની ઉપસ્થિતિમાં નૂતન મંદિરનું ખાતમુહૂર્ત થયું. ત્યારબાદ જાયવા ગામના ઉત્સાહી હરિભક્તોના સેવા-સહકારથી જોતજોતાંમાં મંદિર નિર્માણ પામ્યું.

નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવે પંચદિવસીય સમારોહ યોજાયો હતો. તા. ૧૩ એપ્રિલથી યોજાયેલા ત્રિદિવસીય પારાયણમાં પૂજ્ય જનમંગલદાસ સ્વામીએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. તા. ૧૬-૪-૨૦૨૨ના રોજ શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો, જેમાં ૨૫૦ યજમાનોએ વેદોક્ત યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને મંગલ પ્રાર્થનાઓ કરી હતી. સાંજે યોજાયેલી ઠાકોરજીની શોભાયાત્રા પૂર્ણ થયા બાદ સંધ્યાસભામાં રાજકોટના સંત-યુવક વૃંદે કીર્તનભક્તિ રેલાવીને સૌને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા.

તા. ૨૦-૧૧-૨૦૨૧ના રોજ ગોંડલ મુકામે પ્રગટ ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ જાયવા ખાતે તા. ૧૭-૪-૨૦૨૨ના રોજ પૂજ્ય ધર્મચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્ય ધર્મકુંવરદાસ સ્વામી અને કપિલેશ્વરદાસ સ્વામી વગેરે સંતોના માર્ગદર્શન મુજબ ભાદરા ક્ષેત્ર-૧ના સ્વયંસેવકો તથા સ્થાનિક હરિભક્તોના સહકારથી આ ઉત્સવ ખૂબ જ ધામધૂમપૂર્વક સંપન્ન થયો હતો.

## વરણા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણની પદરજથી પાવન થયેલી હાલારની ભૂમિ પર વરણા ગામમાં પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી સત્સંગની શરૂઆત સન ૨૦૧૦થી થઈ હતી.

ભાદરા બી.એ.પી.એસ. મંદિરથી સંતોના સતત વિચરણથી અહીં સત્સંગ દિનપ્રતિદિન સત્સંગ અભિવૃદ્ધિ પામતો રહ્યો. અઠવાડિક સભા, સત્સંગ પારાયણ, ઉત્સવો આદિ આયોજનો થવા લાગ્યા. જે પટેલ સમાજવાડી કે અન્ય સ્થળે થતાં, પરંતુ તેમાં ઘણી વખત સર્જાતી પ્રતિકૂળતાને લઈને મંદિર નિર્માણનાં ચક્રો ગતિમાન થયાં. વરણાના વતની જામનગર સ્થાયી થયેલા શ્રી નવીનભાઈ કોઠિયા અને શ્રી રમેશભાઈ કોઠિયાએ કાલાવડ-ફલ્લા રોડ પર આવેલી ભૂમિ મંદિર નિર્માણ અર્થે કૃષ્ણાર્પણ કરી. પૂજ્ય સંતોની ઉપસ્થિતિમાં ખાતવિધિ સંપન્ન થતાં જ સૌ હરિભક્તો મંદિર નિર્માણકાર્યમાં તન, મન અને ધનથી સેવામાં જોડાઈ ગયા. સૌના અનેરા ઉમંગ વચ્ચે જોતજોતાંમાં મંદિર નિર્માણ પામતા તેનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પણ આવી પહોંચ્યો.

તે ઉપક્રમે પંચદિવસીય પ્રતિષ્ઠા ઉત્સવ નિર્ધારિત થયો. પ્રથમ ત્રણ દિવસ દરમ્યાન યોજાયેલી પારાયણમાં જનમંગલદાસ સ્વામીએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. તા. ૨૧-૪-૨૦૨૨ના રોજ સુપ્રભાતે 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો, જેમાં ૧૨૫ યજમાનોએ યજ્ઞ નારાયણને આહુતિ અર્પીને મંગલપ્રાર્થનાઓ કરી હતી. ઢળતી બપોરે ઠાકોરજીની શોભાયાત્રા નીકળી તથા રાત્રે રાજકોટ મંદિરના સંત-યુવા વૃંદ દ્વારા કીર્તનભક્તિનો લાભ સૌ ગામજનોને પ્રાપ્ત થયો.

તા. ૨૦-૧૧-૨૦૨૧ના રોજ ગોંડલ મુકામે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ વરણા ગામમાં તા. ૨૨-૪-૨૦૨૨ના રોજ પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

ભાદરા મંદિરના કોઠારી પૂજ્ય ધર્મકુંવરદાસ સ્વામી અને કપિલેશ્વરદાસ સ્વામી વગેરે સંતોના માર્ગદર્શન મુજબ ભાદરા ક્ષેત્ર-૨ના સ્વયંસેવકો તથા સ્થાનિક હરિભક્તોના સહકારથી આ પંચદિવસીય પ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો.

## એરથાણ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનું એરથાણ ગામ એટલે સુખી-સમૃદ્ધ કણબી પટેલોનું ગામ. સ્વાતંત્ર્ય સંગ્રામથી માંડીને સમાજસેવાના કોઈપણ કાર્ય માટે આજ સુધી ગામના રહીશોનો ઉત્સાહ અવિચળ જોવા મળ્યો છે. ગામજનોનો એવો જ ઉત્સાહ બી.એ.પી.એસ. સત્સંગમાં જોવા મળે છે.

ગામના આગેવાન તેમજ સુરત જિલ્લા ખેડૂત સમાજના પૂર્વ પ્રમુખ અ.નિ.શ્રી કરસનભાઈ પટેલના કુટુંબીજનોનો એરથાણના સત્સંગ વિકાસ માટે અમૂલ્ય ફાળો રહ્યો છે. તેઓના સુપુત્ર શ્રી જયંતીભાઈ અને પૌત્ર હાર્દિકભાઈને અહીં વિચરણ કરતા પૂજ્ય શ્રીજીનંદનદાસ સ્વામી અને






(ઉપર) એરથાણ ખાતે ઘનશ્યામચરણદાસ સ્વામી તથા આત્મસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠા મહોત્સવનાં દૃશ્યો...
(નીચે) જાયવા ખાતે મૂર્તિપ્રતિષ્ઠામાં રત ધર્મચરણદાસ સ્વામી અને સંતો, વરણા ખાતે પ્રતિષ્ઠા બાદ યોજાયેલ સમારોહ...

સંતો દ્વારા સત્સંગ દૃઢ થયો. ગામમાં સન ૨૦૦૧થી સત્સંગ મંડળનાં મંડાણ થયાં. શ્રી રમેશભાઈ નરોત્તમભાઈ, શ્રી ચંદ્રકાંતભાઈ વિનોદભાઈ, શ્રી મનહરભાઈ, રજનીકાંતભાઈ તથા શ્રી દીપકભાઈ પટેલના ઉત્સાહથી સત્સંગ અભિવૃદ્ધિ પામ્યો. શ્રી જયંતીભાઈ પટેલે સાંધીએર ક્ષેત્રના નિર્દેશક તરીકે ૧૫ વર્ષ ઉપરાંત સત્સંગના અગ્રણી કાર્યકર તરીકે પણ સેવા કરી. પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી તથા સંતોની ગામમાં વારંવાર પધરામણી થવા માંડી. તા. ૭-૧૨-૨૦૦૬ના રોજ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક રાત્રિ એરથાણ રોકાયા હતા ત્યારે શ્રી જયંતીભાઈ પટેલ તથા અ.નિ. શ્રી રમેશભાઈ એન. પટેલની ગામની ભાગોળે અડોઅડ આવેલી પોણા બે વીઘા જમીન હરિભક્તોએ પૂજ્ય મહંત સ્વામી મહારાજને બતાવીને તે મંદિર માટે સંપાદિત થાય તેવા આશીર્વાદ માંગ્યા. સ્વામીશ્રીએ કહ્યું: 'જમીન ખૂબ સરસ છે, ગામની વચ્ચોવચ છે, જમીન મળી જશે અને ભવ્ય મંદિર પણ તૈયાર થઈ જશે.'

સ્વામીશ્રીના આશીર્વાદથી શ્રી જયંતીભાઈ પટેલના સમસ્ત પરિવારે અતિ ઉત્સાહથી આ ભૂમિ મંદિર માટે કૃષ્ણાર્પણ કરી અને મંદિરના શ્રીગણેશ થયા. એટલું જ નહીં, પરંતુ અન્ય બે વીઘા જમીન પણ તેઓશ્રીએ કણાદ અક્ષરધામ મંદિર માટે કૃષ્ણાર્પણ કરી દીધી. શ્રી રમેશભાઈ એન. પટેલનો ઉત્સાહ તથા તેમણે આપેલું ભૂમિદાન અને મંદિર બાંધકામ અંગેનું માર્ગદર્શન હરિભક્તોને સેવા માટે પ્રેરિત કરતાં રહ્યાં.

ગામના મુખ્ય હરિભક્ત શ્રી ચંદ્રકાંતભાઈ વી. પટેલ પણ એટલા જ ઉત્સાહી અને પ્રેરક બની રહ્યા. ૧૫ વર્ષ સુધી એરથાણ મંડળના સંચાલક તરીકે સેવા આપનાર આ સત્સંગીબંધુએ બાંધકામની સેવા સંભાળી, એટલું જ નહીં પરંતુ એરથાણ મંદિરના નિભાવ માટે ૧ વીઘા જમીન અર્પણ કરી. બાળકો, યુવાનો તથા મહિલાઓએ પણ મંદિર બાંધકામ

દરમિયાન અનેકવાર શ્રમયજ્ઞનું આયોજન કરીને મંદિર પરિસરને અદ્‌ભુત ઓપ આપ્યો. આમ સમસ્ત મંડળના અતુલનીય સમર્પણ અને ભગવદ્‌ભક્તિને કારણે મંદિર સાકાર થયું અને એરથાણ ગામે ત્રિદિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનું આયોજન થયું.

તા. ૨૫ એપ્રિલના રોજ કીર્તન આરાધના, તા. ૨૬ એપ્રિલના રોજ વિશ્વશાંતિ મહાયાગ અને મૂર્તિની શોભાયાત્રા




પોશીનાના આદિવાસી વિસ્તારમાં હિંગટિયા ગામે મંદિર ઉદ્‌ઘાટન કરતા નારાયણમુનિદાસ સ્વામી, પ્રતિષ્ઠા ઉત્સવસભાનું દૃશ્ય.

તથા ૨૭-૪-૨૦૨૨ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવવામાં આવ્યો. સવારે ૭-૦૦ વાગ્યાથી ગામમાં ઢોલ, નગારાં અને શરણાઈના સૂર ગુંજવા લાગ્યાં. નવ પ્રતિષ્ઠિત મૂર્તિ માટે મહિલા હરિભક્તો અન્નકૂટની તૈયારીઓ કરવામાં લાગી ગયા, જ્યારે હરિભક્તો અને યુવકો પ્રતિષ્ઠાવિધિની પૂર્વ તૈયારીમાં જોડાઈ ગયા. પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી, પૂજ્ય આત્મસ્વરૂપદાસ સ્વામી સંતોના હસ્તે પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. ગામમાં અક્ષરપુરુષોત્તમ મહારાજનો અભૂતપૂર્વ જયઘોષ થયો.

### હિંગટિયા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

અરવલ્લી ગિરિમાળા વચ્ચે વસેલું ખેડબ્રહ્મા તાલુકાનું અંતરિયાળ હિંગટિયા ગામ પચ્ચીસ વર્ષ પૂર્વે લૂંટફાટની પ્રવૃત્તિ માટે ખ્યાતનામ હતું. અહીંની માથાભારે અને ગુનાહિત પ્રવૃત્તિઓમાં મોખરે રેશમા પારધીની ટોળકીની ધાક ચોમેર હતી. તેઓ રાત્રે રસ્તા પર પથરા ટેકવીને આવનાર વાહનને ઊભું રાખીને લૂંટફાટ ચલાવતા. તે લૂંટમાં મળેલા રૂપિયાનો દારૂ પીને માંસાહાર કરવાનો, પછી ઘેન ઊતરે એટલે ફરી લૂંટ ચલાવવાની. આ તેઓનો નિયમિત ક્રમ હતો.

રેશમાભાઈએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન સન ૧૯૯૯માં ખેડબ્રહ્મા ખાતે યોજાયેલા વનવાસી સંમેલનમાં કર્યાં ત્યારથી તેઓના જીવનપરિવર્તનનો એક નવો અધ્યાય શરૂ થયો. લૂંટફાટ-દારૂનો ત્યાગ કરીને દર પૂનમે ખેડબ્રહ્મા મંદિરમાં સત્સંગસભાનો લાભ લેવા લાગ્યા. ત્યાં શ્રીરંગદાસ સ્વામી, ધર્મવિનયદાસ સ્વામી વગેરે સંતોનો યોગ થયો અને સત્સંગનો રંગ લાગ્યો. સામાન્ય માણસ પર નિર્દયી રીતે હુમલાઓ કરીને પૈસા પડાવનારા રેશમાભાઈ હવે ગામજનોની મૂળભૂત જરૂરિયાત માટે દયાવાન બન્યા. તેમણે સ્વામીશ્રીને, ગામનો હેન્ડપંપ બગડી ગયો હતો તે રિપેર કરાવી આપવા પચીસ પૈસાના પોસ્ટકાર્ડ પર ન ઊકલી શકે તેવા અક્ષરોથી પ્રાર્થના કરી હતી. સ્વામીશ્રીએ પત્રના મૂળ સુધી પહોંચીને સંતોને જણાવ્યું કે તમે જાતે જઈને હેન્ડપંપ રિપેર કરાવજો કે પછી નવા પંપની વ્યવસ્થા કરી આપજો. સંતોએ સત્વરે રેશમાભાઈનું કામ પાર પાડ્યું હતું. સમગ્ર ગામને પાણી મળતું થયું હતું. વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજે લીધેલી આ સંભાળના પ્રસંગથી ગામજનોને પણ સત્સંગની વિશેષ દૃઢતા થઈ. સ્વામીશ્રીએ અહીં સન ૧૯૯૯થી નિયમિત રીતે ફરતું દવાખાનું શરૂ કર્યું ત્યારથી આજદિન સુધી સૌ ગામજનો તેની નિઃશુલ્ક સેવાનો લાભ લઈ રહ્યા છે. સંતોના વિચરણથી સત્સંગની અભિવૃદ્ધિ થતી રહી. મંદિરની જરૂરિયાત જણાતાં મંડળ સંચાલક શ્રી રેશમાભાઈએ પોતાની ભૂમિ મંદિર માટે કૃષ્ણાર્પણ કરી. પૂજ્ય મંગલપુરુષદાસ સ્વામી અને અહીં વિચરણ કરતા અમૃતમુનિદાસ સ્વામી તથા ગુરુયોગીદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ શ્રી ગોવિંદભાઈ પટેલ (નાદરી), કાર્યકર શ્રી બાબુભાઈ ડાભી અને પોશીના ક્ષેત્રના હરિભક્તોએ બાંધકામની સેવામાં સહયોગ આપ્યો. સૌના પુરુષાર્થથી

હિંગટિયા ગામમાં સુંદર મંદિર નિર્માણ પામતાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૬-૫-૨૦૨૨ના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં શાનદાર શોભાયાત્રા યોજાઈ. ગોંડલ ખાતે તા. ૨૭-૧૧-૨૦૨૧ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે વેદોક્ત-વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ હિંગટિયામાં તા. ૧૭-૫-૨૦૨૨ની સુપ્રભાતે મહાપૂજાવિધિ બાદ પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. સૌએ અન્નકૂટ રચીને પ્રથમ આરતીનો લાભ પ્રાપ્ત કર્યો હતો. પ્રાસંગિક સભામાં ઉત્સાહી હરિભક્તોએ પરંપરાગત વાદ્યો સાથે લોકશૈલીમાં કીર્તનો લલકાર્યાં. બાળમંડળ દ્વારા પ્રેરક સંવાદની પ્રસ્તુતિ બાદ સંતોએ ઉપસ્થિત ૨૦૦૦ ભક્તો-ભાવિકોને પ્રેરણાવચનો પાઠવ્યાં હતાં.





શિયાવાડામાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં રત આનંદસ્વરૂપદાસ સ્વામી અને સુશોભિત મંદિર...

### શિયાવાડા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાતા અનેક મહોત્સવોમાં લાખો જિજ્ઞાસુ પધારતા હોય છે. તેમ સન ૧૯૯૨માં ગાંધીનગર ખાતે યોજાયેલા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવમાં શિયાવાડાના શ્રી અંબાલાલભાઈ પટેલ પધાર્યા ને તેઓને સત્સંગનો રંગ લાગ્યો. ગામમાં મિત્રમંડળને પણ મહોત્સવની દિવ્યતા અને સંત મહિમાની વાતો કરી. સૌને સત્સંગ કરવાની અંતઃકરણથી અભિલાષા જાગ્રત થતાં સૌએ શાહીબાગ મંદિરના સંતોને ગામમાં પધરામણી કરવાનું નિમંત્રણ આપ્યું હતું. આ રીતે સન ૧૯૯૩માં શ્રી અંબાલાલભાઈ પટેલ, પુરુષોત્તમદાસ, રણછોડભાઈ, શનાભાઈ, દિનેશભાઈ, ગિરીશભાઈના પ્રયત્નથી સંયુક્તમંડળની શરૂઆત થઈ. સંતોના વિચરણથી અને કાર્યકર શ્રી પ્રવીણભાઈ બારોટના પ્રયત્નથી સત્સંગ નવપલ્લવિત થતો ગયો અને મંદિરની આવશ્યકતા ઊભી થતાં ગામની ભાગોળ સમીપે ભૂમિ સંપાદિત કરવામાં આવી. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને આત્મકીર્તિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ અને શ્રી જસમતભાઈ મિયાણીની દેખરેખ હેઠળ જોતજોતાંમાં મંદિર સાકાર થયું અને પ્રતિષ્ઠા ઉત્સવ પણ આવી પહોંચ્યો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શિયાવાડા મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કણાદ(સુરત)માં તા. ૧૧-૫-૨૦૨૨ના રોજ કર્યો હતો. તે મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીના હસ્તે તા. ૧-૬-૨૦૨૨ના રોજ શિયાવાડા ખાતે થયો.

પ્રતિષ્ઠાના પૂર્વદિને સંતોની ઉપસ્થિતિમાં શિયાવાડા ખાતે પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની સમક્ષ શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૨૫૧ યજમાનોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. ત્યારબાદ સૌની ઉપસ્થિતિમાં શોભાયાત્રા યોજાઈ હતી.

અહીં સત્સંગ વિચરણ કરતા અમૃતકીર્તિદાસ સ્વામી, સંતોષમૂર્તિદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ શ્રી પરાગભાઈ, શ્રી રાકેશભાઈ, શ્રી હિમાંશુભાઈ વગેરે કાર્યકરોના સાથ-સહકારથી પ્રતિષ્ઠા ઉત્સવ ધામધૂમથી સંપન્ન થયો હતો.

### વડોદરા(દહેગામ ક્ષેત્ર) ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

અમદાવાદ ગ્રામ્યના દહેગામ ક્ષેત્રમાં આવેલા વડોદરા ગામના શ્રી દેસાઈભાઈ પટેલ સન ૧૯૯૨માં ગાંધીનગર ખાતે ઊજવાયેલા યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવમાં એક દર્શનાર્થી બનીને આવ્યા હતા અને સત્સંગ કરવાના દૃઢ

નિર્ધાર સાથે પરત ફર્યા હતા.

તેઓએ ગામમાં સન ૧૯૯૩માં સત્સંગમંડળની શરૂઆત કરી. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી ધીરે ધીરે સત્સંગની અભિવૃદ્ધિ થતી ગઈ. પ્રારંભમાં શ્રી કમલેશભાઈ મિસ્ત્રીના ઘરે સત્સંગસભા યોજાતી હતી. શ્રી ડાહ્યાભાઈ ગજ્જર, દેસાઈભાઈ પટેલના પુરુષાર્થથી આજે બાળ-યુવામંડળ ખૂબ જ ઉત્સાહથી ગામમાં અક્ષરપુરુષોત્તમ પ્રમુખસ્વામી મહારાજે ૪૦ યુવકોને વર્તમાન ધરાવીને સત્સંગનાં બીજ રોપ્યાં હતાં. આ ગામ તા. ૫-૬-૨૦૦૬ના રોજ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ચરણરજથી તીર્થત્વ પામ્યું હતું. ત્યારબાદ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પણ પધરામણી કરી હતી. સંતોના વિચરણથી ગામજનો જીવનઘડતરની પ્રેરણા પામ્યા અને સત્સંગની દૃઢતા થઈ.

દૂધ, દારૂ અને દરિયાઈ આવકથી નિર્ભર એવું કપાસી






કપાસીમાં સુશોભિત મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારેલા વિવેકસાગરદાસ સ્વામી અને પ્રતિષ્ઠાવિધિમાં રત સંતો

ઉપાસના અને સેવાની સુવાસ પ્રસરાવી રહ્યું છે. શાહીબાગ મંદિરથી સંતો દ્વારા તેમજ દહેગામના શ્રી સમીરભાઈ પંડ્યા, શ્રી પ્રવીણભાઈ બારોટ વગેરે કાર્યકરો દ્વારા કથાવાર્તાનું બળ મળતાં મંદિર માટેની હલચલ શરૂ થઈ. યોગ્ય ભૂમિ સંપાદિત થતાં સંતોના માર્ગદર્શન હેઠળ શ્રી જસમતભાઈની દેખરેખ નીચે સુંદર મંદિર નિર્માણ પામ્યું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અટલાદરામાં તા. ૨૩-૨-૨૦૨૨ના રોજ અહીં બિરાજમાન થનાર મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો. વડોદરા ખાતે પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી, ધર્મતિલકદાસ સ્વામીના હસ્તે તા. ૨-૬-૨૦૨૨ના રોજ તે મૂર્તિઓ પ્રતિષ્ઠિત થઈ હતી.

અહીં વિચરણ કરતા અમૃતકીર્તિદાસ સ્વામી, સંતોષમૂર્તિદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ શ્રી મિતુલભાઈ રાવલ, પાર્થભાઈ પટેલ, પૂરવભાઈ પટેલ, સાર્થકભાઈ, કુલદીપસિંહ વગેરે સંનિષ્ઠ કાર્યકરોના પ્રયત્નોથી ગામજનો સત્સંગનું સુખ મહિમાથી માણી રહ્યા છે. તે સૌના સહકાર દ્વારા પ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે સંપન્ન થયો હતો.

### કપાસી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

અરબી સમુદ્રના કાંઠા વિસ્તારમાં આવેલા ઓલપાડ તાલુકાના કપાસી ગામમાં સન ૧૯૮૫માં બ્રહ્મસ્વરૂપ ગામ હવે શુદ્ધ ઉપાસનાયુક્ત, સેવા-સમર્પણ અને સત્સંગથી વિખ્યાત થયું છે. આ વિસ્તારમાં વિચરણ કરતા પૂજ્ય શ્રીજીનંદનદાસ સ્વામી તથા પૂજ્ય ભગવદ્‌જીવનદાસ સ્વામીના વિશેષ પુરુષાર્થથી સત્સંગ અભિવૃદ્ધિ પામતાં નૂતન મંદિરની આવશ્યકતા જણાઈ.

આ મંદિર નિર્માણકાર્યમાં શ્રી હર્ષદભાઈ મગનભાઈ પટેલ પરિવારે તથા શ્રી રમેશભાઈ છગનભાઈ પટેલ (મુંબઈ), શ્રી રાજેશભાઈ લક્ષ્મણભાઈ પટેલ તથા શ્રી રોશનભાઈ લક્ષ્મણભાઈ પટેલ, ભૂપેન્દ્રભાઈ હરિભાઈ પટેલ વગેરેના સવિશેષ યોગદાનથી સુંદર મંદિરનું નિર્માણ થયું.

તેમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૩૧-૫-૨૦૨૨ના રોજ સુરત મંદિરના સંગીતજ્ઞ સંતો દ્વારા કીર્તનભક્તિ યોજાઈ હતી. તા. ૧-૬-૨૦૨૨ના રોજ સુપ્રભાતે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં પૂર્વવિધિમાં ઉપસ્થિત રહીને વિવેકસાગરદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યાં હતાં. સાંજે ૪ થી ૭ વાગ્યા દરમ્યાન પ્રસ્થાપિત થનારી મૂર્તિઓની સુશોભિત રથોમાં શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં ૧૦૦૦થી વધુ ભક્તો-ભાવિકો જોડાયા હતા.

તા. ૨-૬-૨૦૨૨ની માંગલિક સવારે ઉત્સવના ચરમસીમારૂપ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો, જેમાં પ્રગટ

બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના હસ્તે તા. ૨૯-૪-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય યજ્ઞેશ્વરદાસ સ્વામી અને સંતોના હસ્તે સંપન્ન થયો હતો. પ્રાસંગિક સમારોહની સભામાં ગુજરાત રાજ્યના કૃષિ અને ઊર્જામંત્રીશ્રી માનનીય મૂકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં સંતોએ પ્રાસંગિક આશીર્વચન પાઠવીને ભક્તોની સેવાને બિરદાવી હતી.

સભાઓ કરીને સત્સંગ ને તાજો રાખ્યો છે. સત્સંગનો વ્યાપ વધ્યો અને અહીં મંદિરની આવશ્યકતા ઊભી થતાં શ્રી કેવળાભાઈ અંગારી તથા જમાલભાઈ અંગારીએ ઉત્સાહથી પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરી. પૂજ્ય અમૃતમુનિદાસ સ્વામી, અમૃતતનયદાસ સ્વામી તથા ગુરુયોગીદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ પોશીનાના વતની શ્રી પ્રકાશભાઈ સોની(મુંબઈ), ગોવિંદભાઈ પટેલ(નાદરી), નુરાભાઈ,





પીપલિયા ખાતે શોભાયાત્રામાં સંતો તથા પ્રતિષ્ઠાવિધિમાં જોડાયેલા જ્ઞાનેશ્વરદાસ સ્વામી...

મંદિર-નિર્માણ અને ઉત્સવ સેવામાં કપાસીના શ્રી મૂકેશભાઈ, પંકજભાઈ, પરેશભાઈ, બળવંતભાઈ, હસમુખભાઈ વગેરે ભક્તોનું નોંધનીય યોગદાન રહ્યું હતું.

### પીપલિયા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ઉત્તર ગુજરાતમાં પોશીના તાલુકાનાં અંતરિયાળ આદિવાસી ગામોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની ફોરમ ફોરી રહી છે. જે ટેકરીઓ પહેલાં ધિંગાણાં અને લૂંટફાટ નિહાળતી હતી, ત્યાં હવે સભાઓ અને મંત્રગાન ગુંજી રહ્યાં છે. આવું જ એક ગામ એટલે પીપલિયા.

સન ૨૦૦૧માં પીપલિયા ગામમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પધારીને જીવનઘડતરનાં બળભર્યાં આશીર્વચન પાઠવ્યાં હતાં. સન ૨૦૦૫માં પોશીના વિસ્તારમાં જીવન પરિવર્તનની સુવાસથી મહેકતા હજારો આદિવાસીઓ વચ્ચે પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ પધાર્યા ત્યારે પીપલિયા અને તુવેર ગામના તરવરિયા ઢોલીઓએ એક સાથે પંદર જેટલા ઢોલ એક નાદમાં વગાડીને સ્વામીશ્રીના આગમનને ભક્તિભાવથી વધાવ્યું હતું. સન ૨૦૦૪માં પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ અહીં પધાર્યા હતા. આમ, વરિષ્ઠ સંતોના આશીર્વાદથી અભિષિક્ત થયેલા આ ગામમાં સંતોના વિચરણથી સત્સંગની સતત અભિવૃદ્ધિ થતી રહી છે. શ્રી કરમાભાઈએ સતત ગોવાભાઈ કરમાભાઈ, રજિયાભાઈ વગેરે હરિભક્તોએ મંદિર નિર્માણ અર્થે વિવિધ સેવાઓ કરી. પરિણામે પીપલિયામાં ગામવાસીઓ માટે તો મંદિર સ્વરૂપે સોનાનો સૂરજ ઊગ્યો હતો. આ નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૩-૬-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ, તેની શરૂઆત પોશીના ગામથી થઈ. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે 'વ્યસનમુક્તિ યાત્રા' પણ સાથે સાથે યોજાઈ હતી. જીવનઘડતર માટે વ્યસનમુક્તિની આલબેલ પોકારતી આ શોભાયાત્રા ૮ કિ.મી.નું અંતર કાપીને પીપલિયા પહોંચી ત્યાં સુધી તો હજારો ભક્તો-ભાવિકોએ તેનાં દર્શન કરીને પ્રેરણાદાયક સંદેશ હૃદયસ્થ કર્યો હતો.

ગોંડલમાં તા. ૨૭-૧૧-૨૦૨૨ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પીપલિયામાં તા. ૪-૬-૨૦૨૨ના રોજ મહાપૂજાવિધિ બાદ પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રતિષ્ઠાસભા સંતોએ આશીર્વચન પાઠવીને હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

# બી.એ.પી.એસ. સંસ્થાનું શૈક્ષણિક ક્ષેત્રે વધુ એક નૂતન પ્રદાન જૂનાગઢમાં રેસિડેન્શિયલ વિદ્યામંદિરનો પ્રારંભ







મૂલ્યસભર શિક્ષણના ધ્યેય સાથે સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજે વિદ્યાર્થીઓનાં ઉજ્જ્વળ વર્તમાન અને તેજસ્વી ભવિષ્યનું નિર્માણ કરવા માટે અનેક શહેરોમાં અભિનવ શૈક્ષણિક સંકુલો સ્થાપીને શિક્ષણ ક્ષેત્રે મહાન પ્રદાન આપ્યું છે. તેમાંનું એક પ્રદાન એટલે તેઓશ્રીએ જૂનાગઢમાં સન ૨૦૦૮માં રચેલું સુવિધાસજ્જ છાત્રાલય.

છેલ્લાં કેટલાંક વર્ષોથી સોરઠપ્રદેશનાં અંતરિયાળ ગામડાંઓમાંથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં તેઓને શાળાઓમાં એડમિશન માટે મુશ્કેલી પડતી હતી. આથી અહીં એક રેસિડેન્શિયલ સ્કૂલની આવશ્યકતા ઊભી થઈ હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બી.એ.પી.એસ. મંદિર પરિસરમાં નૂતન સુવિધાસજ્જ વિદ્યામંદિર સંકુલ રચીને આ વિદ્યાર્થીઓની ચિંતા દૂર કરી છે.

તા. ૩-૫-૨૦૨૨(અખાત્રીજ)ના પવિત્ર દિવસે પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં જૂનાગઢ ખાતે રચાયેલા આ સુવિધાસજ્જ નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર સંકુલનું ઉદ્‌ઘાટન થયું હતું.



પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ સવારે મંગલનાદ-સ્તોત્રગાન વચ્ચે નાડાછડી છોડીને વેદોક્ત વિધિપૂર્વક ઠાકોરજીની સાથે વિદ્યામંદિરમાં પદાર્પણ કર્યું હતું. શાળાના વર્ગો, પ્રાર્થનાખંડ, ઑફિસોમાં પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની પધરામણી કરાવીને નિયામકોએ વિદ્યામંદિર સંકુલની સુવિધાઓ અને સુયોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા. સાયંકાળે સૌરાષ્ટ્રનાં બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરોના કોઠારી સંતોએ શહેરના લબ્ધ-પ્રતિષ્ઠિત મહાનુભાવો સાથે આ વિદ્યામંદિરમાં મંગળપ્રવેશ કર્યો હતો. આ નિમિત્તે યોજાયેલી સાયંસભામાં જ્ઞાનવત્સલદાસ સ્વામીએ વિશાળ સભાને સંસ્કારયુક્ત શિક્ષણ વિષયક સંબોધન કર્યું હતું.

કુલ ૨૦ વીઘામાં પથરાયેલું, આ વર્ષે જ જૂનથી પ્રારંભ થતું આ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, અદ્યતન સુવિધાઓથી સજ્જ છે અને ગુજરાતી - અંગ્રેજી બંને માધ્યમોમાં નર્સરીથી લઈને ધો. ૧૨ સાયન્સ/કોમર્સ સુધીના કુલ ૨,૪૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની ક્ષમતા ધરાવે છે. આ સાથે સ્કૂલ ૧,૦૦૦ છાત્રોની હોસ્ટેલ અને રમતગમત માટેનાં સુવિધાસજ્જ વિશાળ ક્રીડાંગણો પણ ધરાવે છે. સોરઠ દેશ માટે મહંત સ્વામી મહારાજ દ્વારા આ બી.એ.પી.એસ. વિદ્યામંદિર એક અમૂલ્ય અને અદ્વિતીય શૈક્ષણિક પ્રદાન બની રહેશે. ◆

**અક્ષરવાસ** — **બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી ભક્તોને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

### ભક્તરાજ શ્રી સુકુમારભાઈ ખુશાલભાઈ પટેલ, નડિયાદ, ઉં.વ. ૭૨, અક્ષરવાસ તા. ૪-૬-૨૦૨૨



મૂળ નડિયાદ કાકરખાડ વિસ્તારના સંનિષ્ઠ હરિભક્ત શ્રી સુકુમારભાઈ પટેલના અક્ષરવાસથી નડિયાદ સત્સંગમંડળને એક પાયાના હરિભક્તની ખોટ પડી છે. છેલ્લાં ૪૦ વર્ષથી નડિયાદ સત્સંગ વિકાસની અનેકવિધ પ્રવૃત્તિઓમાં અગ્રણી કાર્યકર તરીકે અને સંસ્થા દ્વારા ઊજવાયેલા મહોત્સવોમાં તેમણે નોંધપાત્ર સેવા અર્પી હતી. નડિયાદ બી.એ.પી.એસ. મંદિરના ટ્રસ્ટી તરીકે તેમજ તાજેતરમાં નિર્માણાધીન મંદિરમાં પણ વિશેષ સમર્પણ કર્યું હતું. નિર્માની, નિયમધર્મમાં દૃઢ અને મળતાવડા સ્વભાવના આ ભક્તરાજે નડિયાદ શહેર તથા વિસ્તારનાં ગામડાંઓમાં વર્ષો સુધી કાર્યકર તરીકે સેવા-કથાવાર્તા કરીને, કુટુંબમાં પણ સત્સંગ અને સેવાનો આદર્શ સ્થાપીને ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી રાવજીભાઈ ઈશ્વરભાઈ પટેલ, શિકાગો, ઉં.વ. ૭૯, અક્ષરવાસ તા. ૨૨-૬-૨૦૨૨



અમેરિકાના શિકાગો સત્સંગમંડળના અગ્રણી કાર્યકર શ્રી રાવજીભાઈ પટેલના અક્ષરવાસથી શિકાગો મંડળને અગ્રણી ભક્તરાજની ખોટ પડી છે. તેઓ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી શિકાગો મંદિરમાં કો-ઑર્ડિનેટરની સેવામાં જોડાયા હતા. આ સેવા તેમણે સન ૧૯૮૮ થી ૨૦૦૦ સુધી ખંત, નિષ્ઠા અને ચીવટપૂર્વક નિભાવી હતી. તેમની આગવી સૂઝ અને આયોજન શક્તિથી શિકાગોના સત્સંગનો બહોળો વિકાસ થયો હતો. તેમના પરિવારમાં સત્સંગનાં મૂલ્યોનું સિંચન સુપેરે કર્યું. તેઓએ પોતાના પુત્રને (પૂજ્ય યજ્ઞતિલકદાસ, લંડન) સ્વામીશ્રીની ભગવી સેનામાં અર્પણ કરીને વિશેષ સમર્પણ કર્યું હતું. સમગ્ર જીવન દરમ્યાન તન, મન અને ધનથી સત્સંગની સેવા કરીને ગુણાતીત ગુરુવર્યોની પ્રસન્નતા પ્રાપ્ત કરનાર તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી અરવિંદભાઈ મોહનભાઈ પટેલ, ઉબેર, ઉં.વ. ૭૬, અક્ષરવાસ તા. ૧૬-૪-૨૦૨૨



મૂળ ઉબેર ગામના વતની અને સુરત સ્થાયી થયેલા શ્રી અરવિંદભાઈ પટેલને સત્સંગનો યોગ થયો ત્યારથી ચઢતો ને ચઢતો રંગ રહ્યો હતો. ભરૂચ ખાતે બી.એ.પી.એસ. મંદિરના નિર્માણકાર્યમાં જમીન સંપાદનથી લઈને નિર્માણ સુધીની અનેકવિધ સેવાઓ સંતોની સાથે રહીને કરી હતી. સુરત ખાતે સ્થાયી થયા બાદ બી.એ.પી.એસ. હૉસ્પિટલમાં ટ્રસ્ટી તરીકે સેવા સંભાળી હતી. મૂળવતનમાં પણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર-નિર્માણમાં વિશેષ સેવા-સહયોગ આપીને ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

**અભિનંદન** — **બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી હરિભક્તને અભિનંદન...**

### શ્રી કિશોરકાંત ભટેસા(વિનુભાઈ) યુ.કે.ના પ્રતિષ્ઠિત ઓ.બી.ઈ. એવોર્ડથી સન્માનિત...



લંડનના સત્સંગીબંધુ શ્રી કિશોરકાંત ભટેસા(વિનુભાઈ)ને તાજેતરમાં યુ.કે.ના મહારાણી દ્વારા 'ઓર્ડર ઓફ ધ બ્રિટિશ એમ્પાયર' (OBE) એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ કલા, વિજ્ઞાન, સાહિત્ય, અને વિવિધ સંસ્થાઓમાં આપવામાં આવતા યોગદાન બદલ પાઠવવામાં આવે છે. સંસ્થાના એક ટ્રસ્ટી તરીકે શ્રી વિનુભાઈ ભટેસા છેલ્લાં ૩૦ વર્ષથી બી.એ.પી.એસ. મંદિર, લંડનનાં વિવિધ કાર્યોમાં સેવા આપી રહ્યા છે સાથે સાથે શ્રી વિનુભાઈએ યુ.કે.માં યોજાયેલા વિરાટ શેક્સપિયર મહોત્સવમાં પણ આયોજનની સેવાઓ આપી હતી. તેઓ ધ સ્પ્રિંગ બોર્ડ ચેરિટી સાથે પણ સેવામાં જોડાયેલા છે, જે યુવાનોને વ્યવસાય આપવામાં મદદરૂપ થતી સંસ્થા છે. તેમણે કોરોના મહામારી દરમ્યાન પણ ભારત માટે વેન્ટિલેટર વગેરે મેળવવાની સેવાઓ કરી હતી. તેઓ બ્રિટિશ એશિયન ટ્રસ્ટના સ્થાપક સભ્ય પણ છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર આ ભક્તરાજની આવી વિશિષ્ટ સેવાઓ બદલ તેઓને લંડનનાં સુશ્રી મહારાણીએ ઓ.બી.ઈ. એવોર્ડથી સન્માનિત કર્યા છે.

તેઓને અભિનંદન...

## શ્રી જયેશભાઈ પટેલે પેરિસથી લંડન સુધી ૨૬૦ કિ.મી. યાત્રા પૂર્ણ કરી...



લંડન યુવકમંડળના સંનિષ્ઠ યુવક શ્રી જયેશભાઈ પટેલે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે તાજેતરમાં ૨૬૦ કિલોમીટરની પેરિસથી લંડન સુધીની પદયાત્રા કરીને ઠેર ઠેર સ્વામીશ્રીનો સંદેશ પ્રસરાવ્યો હતો. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી વર્ષ નિમિત્તે તેમનાં ચરણે ભાવાંજલિ અર્પણ કરવાના હેતુ સાથે તેઓએ તા. ૨૮ એપ્રિલ, ૨૦૨૨ના રોજ એફિલ ટાવર, પેરિસથી આ પદયાત્રા શરૂ કરી હતી. અને તા. ૨ મે, ૨૦૨૨ના રોજ લંડનના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે આ યાત્રા પૂર્ણ કરી હતી. આ યાત્રાના આરંભમાં પેરિસના ૧૫૦ કરતાં વધારે ભક્તો જોડાયા હતા. પૂજ્ય સંતોએ આ યાત્રાનું વેદોક્ત વિધિપૂર્વક પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે શ્રી કુલદીપ સિંઘ નેગી (સેકન્ડ સેક્રેટરી, રિસર્ચ, ટેક્નોલોજી એજ્યુકેશન એન્ડ કોમ્યુનિટી અફેર્સ) પણ ઉપસ્થિત રહ્યા હતા. પેરિસના ભક્તોએ ૧૦ કિ.મી. સુધી તેમની સાથે યાત્રા કરી હતી. આ વિશાળ પદયાત્રા દરમ્યાન તેઓએ ભજન-કીર્તન-ટેલિફોનિક ગોષ્ઠિ કર્યાં હતાં. આ વિશિષ્ટ પદયાત્રા બદલ તેઓને હાર્દિક અભિનંદન.

## ડૉ. વિરેન જે. સોલંકી : યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે



વલસાડ સત્સંગ મંડળ સંનિષ્ઠ સભ્ય ડૉ. વિરેન જયદીપસિંહ સોલંકીએ, વર્ષ-૨૦૨૨માં એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા દ્વારા લેવાયેલી એમ. ડી. સાયકિયાટ્રી વિદ્યાશાખાની પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવ્યા હતા. તેથી તેઓને યુનિવર્સિટી દ્વારા ગોલ્ડ મેડલથી નવાજવામાં આવ્યા છે. ડૉ. વિરેન સોલંકીએ આ યશસ્વી સિદ્ધિ હાંસલ કરીને બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધાર્યું છે. હાર્દિક અભિનંદન.

## શ્રી ધનજીભાઈ સાવલિયા : ખેલમહાકુંભમાં ગોલ્ડમેડલ વિજેતા



વડોદરા શહેરના સંનિષ્ઠ હરિભક્ત શ્રી ધનજીભાઈ સાવલિયાએ તાજેતરમાં રાજકોટ ખાતે આયોજિત ગુજરાત રાજ્ય કક્ષાના ૧૧મા ખેલમહાકુંભમાં બેડમિન્ટન સ્પર્ધામાં મેન્સ ૬૦+ સિંગલ્સ અને ડબલ્સ બંને સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હતા. આ મેડલ તેઓશ્રીને ગુજરાત રાજ્યના ગૃહપ્રધાન અને રમતગમત મંત્રીશ્રીએ એનાયત કર્યા હતા. તેઓશ્રીને હાર્દિક અભિનંદન.









છેલ્લા બે મહિનાથી અમદાવાદ પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનું સાંનિધ્ય માણી રહ્યું છે. તેઓની ઉપસ્થિતિમાં ઘણા ઉત્સવ-પ્રકલ્પો-કાર્યક્રમો યોજાઈ ગયા. તા. ૧૩ જુલાઈ ૨૦૨૨ના રોજ તેઓના સાંનિધ્યમાં ગુરુપૂર્ણિમાનો પવિત્ર અવસર દિવ્યતાથી ઊજવાઈ ગયો. ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં ચરણે ગુરુવંદના કરીને હજારો હરિભક્તોએ પ્રત્યક્ષ અને અન્ય અનેક ભક્તોએ જીવંત પ્રસારણ દ્વારા ગુરુ-ઋણ અદા કરવા શતાબ્દીનો ઉદ્‌ઘોષ કર્યો હતો.



Swaminarayan Prakash Gujarati, August-2022, Published on 1-8-2022. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.



















(૧-૪) બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની પૂર્વતૈયારીઓ અમદાવાદ ખાતે મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પૂર વેગે ચાલી રહી છે. અમદાવાદની પશ્ચિમે ૬૦૦ એકર ભૂમિમાં મહોત્સવ સ્થળ તરીકે વિશાળ સ્વામિનારાયણ નગર આકાર લઈ રહ્યું છે. આ સ્વામિનારાયણ નગરના મુખ્ય પ્રવેશદ્વાર અને મહોત્સવનું પ્રતીક જ્યાં સ્થાપિત થવાનું છે તેનો કળશ-સ્થાપન વિધિ તા. ૨૪-૭-૨૦૨૨ના રોજ, ભારતના માનનીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, સંતો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. પ્રમુખસ્વામી મહારાજની પાવન સ્મૃતિઓ કરીને શ્રી અમિતભાઈએ કહ્યું કે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું કાર્ય જીવન-નિર્માણ અને રાષ્ટ્ર-નિર્માણનું હતું. આ મહોત્સવથી એક કળશ ચઢી જશે. (૫-૬) મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી અમદાવાદ ખાતે જગતપુરમાં નૂતન શિખરબદ્ધ મંદિર રચાઈ રહ્યું છે, જેનો સ્તંભસ્થાપન વિધિ તા. ૧-૭-૨૦૨૨ના રોજ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ ગયો. આ પ્રસંગનાં દૃશ્યો...


Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas